કુમાર



બજારે (શિલ્પી · બા. કે. ગોરેગાંવકર)

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

જૂન · ૧૯૪૪ ૨૪૬ આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું અગ્રણી માસિક

સંપાદક · બચુભાઈ રાવત

છૂટક નકલ ૦-૧૦-૦



પ્રકાશન તારીખ ૧૫-૬-૫૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક-બચુભાઈ રાવત; પ્રકાશક - રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ-૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.



ભજનમંડળી (ચિત્રકાર-ગનુ વ્યાસ) મુંબાઇ આર્ટ સોસાયટીના પ્રદર્શનમાં રજૂ થએલું ચિત્ર



નદીઓનાં આલેખનવાળી ટપાલની ટિકિટો (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-નો સંગ્રહ)

પહેલી હાર: ડાબી બાજુથી (૧) સીલોનની ટિકિટ પર ત્યાંની એક નદીનું દૃશ્ય; (૨) મોઝામ્બિક (આફ્રિકા)ની ટિકિટ પર ઝામ્બેઝી નદી; (૩) આફ્રિકાના ફ્રેન્ચ સંસ્થાન ગૅબનની ટિકિટ પર ઓગોવે નદી; (૪) મિસરની ટિકિટ પર નાઈલ નદી; વચલી હાર-(૧) બેલ્જિયન કૉંગોની ટિકિટ પર સ્ટેશનૅ નદી; (૨) બ્રહ્મદેશની ટિકિટ પર ઇરાવદી નદી; (૩) જમાઇકાની ટિકિટ પર પ્રીસ્ટમૅન નદી; (૪) યુ. સ્ટે. અમેરિકાની ટિકિટ પર હડસન નદી; ત્રીજી હાર-(૧) ફ્રેન્ચ રિપબ્લિકની ટિકિટ પર ચેસ્ટન નદી; (૨) ઑસ્ટ્રેલિયાની ટિકિટ પર યારા નદી; (૩) જમાઇકાની ટિકિટ પર સેન્ટ ઍન્ડ્રુસ નદી; (૪) બોર્નિયા ટાપુમાં આવેલા બ્રિટિશ સંસ્થાન બ્રુનેઈની ટિકિટ પર બ્રુનેઈ નદી



શ્યામા

કલાકાર · શ્રી ગનીપી [illegible]

બપોર

· પૃથ્વી ·

નથી મલપતી ઉષા અરુણ-અંબરે ઓપતી
ઉજાળી જગઆંગણું, ખડકી પૂર્વની ખોલતી.
ભમી ક્ષિતિજઝાડીએ, ઉઝરડા ખમી અંગમાં
નથી વિલપતી વિખૂટી દમયંતીશી સંધિકા
ધીરેથી ગળકી જતી તિમિરસર્પના ગ્રાસમાં.
પ્રકાશ પડછાયની જટિલ જાળ ના ના કશી.

પરંતુ તપિયા બપોર, વળી તે ય વૈશાખના:
જલાવી દઈને જૂઠાં સકલ વાસનાબીજને
ભજે અકલ બ્રહ્મ ઉગ્ર તપનિષ્ઠ યોગી યથા
પ્રભા બઢવતો, તપ્યે બસ જતો વધુ તેમ આ
પ્રચંડ તપસી સમો પ્રખર સૂર્ય મધ્યાહ્નનો.

તપ્યા છ ત્યમ આજ યૌવનબપોર આ જીવને:
કરી ભસમસાત મેલ મનના બધા હું ય, તો,
ઉપાસી રહું આકરી અધિક વિક્રમોપાસના.

બાલમુકુન્દ દવે

કઢાપા

· શિખરિણી ·

પ્રહારો લાઠીના—સખત ફટકાને સહીસહી
ઘવાયેલા હાથે ઘણું દરદ કીધું, બહુ કળ્યો.
અરે ઊંડા, મીંઢા, જખમહીણ જખ્મો જીરવતો
બિચારો સૂજેલો કર તરફડે તમ તનમાં.

પણે ચૂલા માથે હળદરમીઠું એકરસ થૈ
ઉકાળે આત્માને, જખમી કરનો લેપ બનવા.
અને મારી માડી સર પર પડ્યા મૂઢ ફટકા
અહો પંપાળે છે, શયનવશને માલિશ કરે.

ઠરેલા જખ્મોના પલપલ કઢાપા લબકતા:
મને એવી હૈયે પરવશ દશા ખુદ્દવતનની
દહે, ને સારો યે જીવનરસ રંજે ખદખદે.
-છતાં આ છૈયો હે પ્રિય વતન! ઘાવો જ ઝીલશે.

હજારો જખ્મોને ચિર સુહવતું જીવન ગમે,
ભલે એના ઊંડા, વિષમ લબકારા ન વિરમે.

વેણીભાઈ જ. પુરોહિત

પંથીડાં

અમે રે પંથીડાં આનંદદેશનાં
આવી ચડ્યાં અવનીને પાળ : અમે રે૦
ઊડી જશું ભડકાની રાળ : અમે રે૦

ઝાંખી જ્યોતુંનાં અમે જીવડાં,
ઊઠું ઊઠું થાઇ સાંજ સવાર;
ખરી પડશું ઘડીપલવાર : અમે રે૦

અમારી વાટડુંમાં વાવંટોળીઆ,
તાનકું તો થઈ જાશે રાખ;
અમને ના થડકો કે થાક : અમે રે૦

આ તો મેળો થવાકાળનો,
ગયા એવો થાશે બીજી વાર;
એનો ન મળે કોલ કે કરાર: અમે રે૦

ઝેલા છેલેરા રામરામ છે,
બોલ્યુંચાલ્યું કરજો ઇ માફ;
અગારું તેર મન સાચું સાફ : અમે રે૦

દેશળજી પરમાર

કલાકારને

આળોટીને ક્ષુદ્ર ધરાની ધૂળમાં
ન મેલના મિત્ર થવું તને ઘટે,
ઘટે ન વ્યોમે વસીને સદૈવ
મિથ્યા સ્તુતિ સૂર્યગ્રહોની ગાવી.
પરન્તુ વાતાવરણે તરંતઃ
આગૃ ધરા ભૂજતણા ધરે છે
સુહાગી રંગો રવિ રશ્મિ સ્પર્શે,
સંવાદ વારે ત્યમ સાધનો ઘટે.

હાથવ્હેંતે

· પૃથ્વી ·

હું મૂઢ રાજ છો ઊભો; પરભક્ષે મુકુન્દ આજ સૌ
અનાથ સમ દાખવી અધ ભલે અને દુભવે;
અને નજર નાખતાં સમિપના સ્થળે શૂન્યતા
રહે નીરવ હાસ્યથી છલકતી; નિહાળે ભલે
અગૃહ સમ સૌ.
ઉરે અડગ નેમ મારે રહી
કરું વિજય હું સહુ પ્રથમ આત્મનંબલ્યનો,
બહિર્ જગતનો પછી વિજય હાથવ્હેંતે રહ્યો!

લલિત ગિ. ભટ્ટ

અપૂર્ણતા અન્ય તણી ગમે નહીં
નિહાળવું તો રહ્યું આપણી ભણી.
અપૂર્ણતા અન્યની હોય કલ્પિત
અપૂર્ણતા આપણી કેરૂં બિંબ.*

ભગીરથ મહેતા

*(Faye Walkerના કાવ્ય ઉપરથી)

ધનુર્ધર તું તો !
બની શકું હું બાણ તો યે ઘણું.
—ઉ. છ.

ભય!



સામયિક ચિંતન

જ-ન્મથી મૃત્યુ પર્યંત જો કોઈ પણ વૃત્તિ
માણસના મનને એકસરખી ઘેરી રાખતી હોય
તો તે ભયની છે; કેમકે મન જ્યારથી સમજ
ગ્રહણ કરતું થયું, ત્યારથી જ તેમાં ભય દા-
ખલ થઇ ચૂક્યો હોય છે. માનવ મન જ્યાં
સુધી ભય સાથે મુદ્દલ સંપર્કમાં નહોતું આવ્યું,
ત્યાં સુધી જ,–એટલે કે બહુ જ અલ્પ સમય
પર્યંત–તે ભયમુક્ત હતું. દેહને દાઝવાનો,
ાપનો અનુભવ જ્યાં સુધી નહોતો થયો,
ઢ માર સહન કરવાનો પ્રસંગ નહોતો
વ્યો, ત્યાં સુધી તેને ભયનું જ્ઞાન નહોતું
ું. પણ માનવ-મન ધારનારી એવી એકે
ણ નહિ હોય કે જેમાં સમજણ થયા
દ તરત જ ભયનો અનુભવ થયો નહિ હોય.
છેક માનવજીવન શરૂ થયું ત્યારથી તેને
નો સામનો કરવાનો આવ્યો જ છે.
તેમાં હાલતાં, ચાલતાં, સૂતાં, બેસતાં,
તાં, ફરતાં, વાત કરતાં ઈત્યાદિ સર્વ પ્રસંગે
ને કોઈ રૂપે ભય મોજૂદ હોય છે. જંગલી
નમાં હાલતાં ને ચાલતાં, ડગલે ને પગલે
અને જંતુઓનો ભય રહેતો; વાવાઝોડાં
નદીઓના પૂરનો ભય હતો. શિકારમાં
લી જાનવરોથી જીવ જવાના ઘણા પ્રસંગો
ન થતા. આ રીતે ક્રમેક્રમે વખતના વહન
માનવ-મનમાં ભિન્નભિન્ન પ્રકારના
ની છાપો દિનપ્રતિદિન પડતી ગઈ.
ક્રમેક્રમે સમજ અને શિક્ષણ આવતાં
ન્યમાં હોંસાતોસી વધી. 'હું ખરો',
સારો', 'તે ખોટો'. ઇત્યાદિ વાદો ઉત્પન્ન
જે વધુ વાચાળ હોય તે બીજાને હરાવી
લાગ્યો. શરીરે બળવાન નબળાંને પરા-
કરવા લાગ્યો. આ રીતે હમેશાં શારી-
મજ માનસિક રીતે નબળી વ્યક્તિ-
મગજમાં જુદે જુદે સ્વરૂપે ભય વધુ ને
બળ થતો ગયો.
બળાં મનવાળાં માણસોમાં તો લગ-
ભું ઠસો ભય વ્યાપ્ત હોય છે. પરિણામે
કોઈ પણ પ્રકારનો સ્વચ્છ કે શુદ્ધ વિ-
કરી શકતાં નથી. ધાસ્તીની આ વૃત્તિ
ા કેરાની જંગલી વનસ્પતિની માફક
ઊછરીને મનમાં સર્વત્ર ફેલાય છે
મનુષ્યને પામર બનાવી મૂકે છે.
જે આપણા બધા વિચિત્ર ને અનેક-
ની થયા છે. આજે આપણે શરીરને

ખુલ્લું રાખતાં ડરીએ છીએ. પડોશી સાથે હળતાંમળતાં બ્હીએ છીએ. ખુલ્લે પગે શેરી-માં ચાલતાં ડર લાગે છે. પાણીના કુંડમાં ઊંચેથી ફૂદકો મારતાં જીવ ચાલતો નથી. આપણા અધિકારો માટે માગણી કરતાં આ-પણને બીક લાગે છે. મહાપ્રયત્ને કદી કંઇ કરવાની શરૂઆત કરીએ તો તે અધવચ્ચે જ અટકાવી દઇએ છીએ. કારણ એક જ, કે આપણાં નિર્બળ મનોમાં ભરેલા અસ્પષ્ટ વિચારો આપણને કોઈ પણ કાર્ય હિંમતપૂર્વક કરવા દેતા નથી. નાનીનાની બાબતો–જેમકે છત્રી વગર તડકામાં ન ચલાય, બુટમોજાં વગર બહાર ન નીકળાય, પડોશમાં ચોરની ખબર પડી કે માથે ઓઢી સૂઇ જવાનું મન થાય, હુલ્લડ વખતે ઘરમાં ભરાઈ બેસીએ, આદિ બાબતો–દેખીતી રીતે મહત્ત્વ વગરની લાગતી હશે, પણ આપણે શા માટે તેમ વર્તીએ છીએ તેનો જો આપણે પ્રામાણિકપણે વિચાર કરવા બેસીએ તો તરત જણાશે કે આપણામાં કેટલા ને કેવા વિચિત્ર ભયો છે!

આજે મોટીમોટી પ્રજાઓ અને જાતિઓની જાતિઓ જે દબાઇ દબાઇને પરાધીન થએલી આપણે જોઇએ છીએ તેનું કારણ પણ તે ભયથી ગ્રસિત થએલી છે એ જ છે. અનેક વર્ષોથી અનેકવિધ પ્રકારના ડરની છાપ તેમના મનમાં અંકાઇને દૃઢ થઈ પડી છે તેનું જ એ પરિણામ છે.

આ ભય દૂર કરવા માટે પોતાની જાતનો જ અભ્યાસ કરવો જોઇએ. આપણા મનની એ સફાઇ માટે ને આપણા વિચારની ચોખવટ માટે, આત્મનિરીક્ષણ જ જરૂરનું છે અને એવા સ્વ-સંશોધન દ્વારા માત્ર ભય જ નહિ પરંતુ આપણી બીજી પણ અનેક નિર્બળ ને નુકસાનકારક વૃત્તિઓને શોધીને કાબૂમાં લઈ શકાય છે.

હવે આપણે જોઇએ કે ભયની એ વૃત્તિને કઇ રીતે ઓળખવી ને જીતવી અને તે દ્વારા કેમ લાભ ઉઠાવવો.

પહેલું તો એ, કે ભય પમાડનારી પરિ-સ્થિતિથી ડરો નહિ, પણ તેના તરફ અત્યંત કુતૂહલની લાગણી ઉત્પન્ન કરો. ભય પમાડ-નાર કોઇ પણ સ્થિતિ ઊભી થાય તો તેની પાછળ શું છે, ને કેમ ઉત્પન્ન થઈ વગેરેની શોધમાં ઊતરો. તેના બે લાભ છે: એક તો આપણી વૃત્તિ કુતૂહલના રૂપમાં ફેરવાવાથી એ ભયથી તમને ધાસ્તી નહિ ઉદ્ભવી શકે. તમે હિંમત રાખી શકશો. વળી તેના કારણ-ની શોધમાં ઊતરશો. એટલે ઉત્પન્ન થએલા ભયમાં કાંઈ તથ્ય છે કે કેમ તે પણ તમને જાણવા મળશે. ઘણી વાર તો એની પાછળ કાંઇ તથ્ય જ હોતું નથી ને આપણે નાહકના ફફડી મરીએ છીએ. માટે જ્યારે પણ ભય ઉત્પન્ન થાય ત્યારે ગભરાટમાં ન પડતાં મનમાં તે વિષે કુતૂહલ ઉત્પન્ન કરો.

બીજું એ કે ભય સાથે સીધા લડવાનો કદી પણ પ્રયત્ન કરશો નહિ. મન રબ્બરના દડા જેવું છે. દબાણ કરતાં તે દબાશે નહિ; યુક્તિથી હાથ કરશો તો જ થશે. ભય સાથે લડવાને બદલે જે વસ્તુ તમને ભય ઉત્પન્ન કરતી હોય તેની સાથે જ લડો. મોટે ભાગે તો તમે એ વસ્તુના ખોટા ડરના માર્યા તેની સાથે લડવાનું મુલતવી રાખતા હો છો; કેમકે તમારા મનમાં ભરેલો ભય જ તમને સામી વસ્તુની સાચી શક્તિ યા અસરનો અંદાજ ખોટો કરાવે છે. એ દહેશતમાં ને દહેશતમાં જ તમે તેના બળની આંકણી બહુ મોટી કરતા હો છો અને તમારી પોતાની શક્તિને વિનાકારણ ઓછી મૂલવો છો. તમે માની લ્યો છો કે તમે તેના કરતાં નબળા છો ને એ તમને જીતી જશે. પરંતુ આવી કલ્પના સોમાંથી નેવું વખત તો ખોટી જ હોય છે.

દરેક મનુષ્યમાં કંઈ ને કંઈ ખાસ ગુણ ને લાયકાત હોય છે જ. માત્ર તે પોતે તેને પરખી શકતો નથી, અને પરિણામે, વગર પરીક્ષાએ રસ્તામાં રખડતા કાદવભર્યા હીરા જેવી સ્થિતિ થાય છે. સ્વઅભ્યાસ દ્વારા પોતાની આવી સબળ અને સુંદર વૃત્તિઓ ઓળખી લેવી એ જીવનનું એક મહદ્ કાર્ય છે. એનું નામ જ આત્મનિરીક્ષણ.

બારીક ગણત્રી, એ પણ ભયને જીતવા માટે એક આવશ્યક સાધન છે. કોઇ પણ વસ્તુ, કોઈ પણ પરિસ્થિતિ યા વ્યક્તિ તરફથી તમને ભય ઉત્પન્ન થાય કે તરત જ ગણત્રી કરવા માંડવી. સદરહુ વિરોધી બળો પાસે કયાં કયાં સાધનો, કેટલી કેટલી શક્તિવાળાં છે તેની તરત જ તુલના કરવા માંડો. વળી બંને બાજુનો વિચાર કરવો. તમે જે પરિસ્થિતિમાં મુકાયા છો તેમાંથી સારામાં સારૂં અથવા

માનવ-મનમાં જન્મતી સૌ પહેલી લાગણી : માનવજાતનો સૌથી મોટો ને સર્વવ્યાપી શત્રુ

માઠામાં માઠું છેલ્લી હદનું પરિણામ કેટલું અને કેવું આવી શકે તે બરોબર કલ્પી લો, ને જો માઠું પરિણામ આવે તો ખરાબમાં ખરાબ જે પરિસ્થિતિ ઉત્પન્ન થવાની હોય તે માટે મનથી હિંમતપૂર્વક તૈયાર બની રહો; અને પછી પરિસ્થિતિનો સામનો કરો. ખાત્રી રાખજો કે આટલું કરશો તો દરેક પરિસ્થિતિમાં તમે જ વિજયી નીવડશો; અને કદાચ નિષ્ફળ થશો તો તમને રજમાત્ર દુઃખ કે અસંતોષ નહિ થાય. ઘણી વાર તો પોતાને થનાર નુકસાનની વધુપડતી ખોટી ગણત્રી અને કલ્પિત ભયથી જ માણસ પસ્તાત રહે છે.

ઉપરાંત, સાહસિક વૃત્તિ કેળવો; આગેકદમ કરો. થોડું નુકસાન પણ ભલે કોઈ વખત સહન કરવું પડે, પણ તેથી પરિણામે લાભ જ થશે; કેમકે તમારી સાહસવૃત્તિ તેથી કેળવાતી જશે. જેમજેમ ભય ઘટતો જાય છે તેમતેમ સાહસિકવૃત્તિ મનુષ્યના મનમાં સ્થાન મેળવતી જ થાય છે. અને માનવજીવનની પ્રગતિ માટે એ અતિ જરૂરની છે.

ભયો હમેશાં ભિન્નભિન્ન આચ્છાદનો નીચે છુપાએલા હોય છે એ ન ભૂલતા. છૂપાવેશે ભટકતા નિશાચરો જેવા તે છે. દર વખતે કંઇ ને કંઈ જુદા જ રૂપે એ રજૂ થાય છે. તેમના ખાસ અભ્યાસ વગર તમે તેમને ન ઓળખી શકો. તેઓ તમારા મનમાં જ નિવાસ કરે છે છતાં હજારો માઇલ દૂર રહેતા મનુષ્યની પેઠે ઓળખવા મુશ્કેલ હોય છે.

ભયનું ખરૂં કારણ બહુ ઊંડું હોય છે; અને ધીરજ તથા ખંતપૂર્વક તેની શોધ પાછળ તમે લાગી રહો તો જ તે મળે. ઘણીવાર આપણું મન, બહારની કોઇ દેખીતી પરિસ્થિતિમાંનું કોઇ પણ બંધબેસતું કારણ અમુક પ્રસંગ સાથે જડતું લાગી ઠસાવી દે છે, અને તેમાં આપણે ભયંકર થાપ ખાઈ જઇએ છીએ. દાખલા તરીકે એક મગનલાલ નામના માણસ છે. તમને તે પ્રથમ મળે ત્યારે મેલાંઘેલાં કપડાં પહેરેલાં હોય. તમારી કલ્પના જેને સુંદર મુખાકૃતિ કહે તેવો દેખાવ તેનો ચહેરો ન ધરાવતો હોય બહારગામની મુસાફરીથી થાક્યોપાક્યો ચાલ્યો આવતો હોય. તમારા મનને બહારના દેખાવ પરથી જ અભિપ્રાય બાંધી લેવાની આદત પડી હોય, તો તમે તેને માટે સારો અભિપ્રાય નહિ બાંધો. બોલચાલ કે અન્ય કોઇ અનુભવ પ્રાપ્ત થતાં પહેલાં તમે એ મગનલાલ માટે એક છાપ તમારા મગજ પર જરૂર પાડી લેશો. અજાણતપણે પડેલી મગનલાલ વિશેના હલકા અભિપ્રાયવાળી એ છાપ તમારા મનમાંથી દૂર થતાં બહુ વાર લાગશે તે પછીના અનેક પ્રસંગોમાં તમે મગનલાલ સાથે આવ્યા. તમને તેનો વધુ અનુભવ મળતો ગયો અને તેમાં તેને માઠો કહેવા જેવું તમને કશું ન જણાયું, એટલે તમે તેને માટે સારો અભિપ્રાય બાંધ્યો. ત્યાર બાદ કેટલોક કાળ વીતી ગયો, અને એક સમયે તમે મુશ્કેલીમાં આવી પડ્યા. તમે મગનલાલની મદદ માગી. તેણે ના પાડી તમારા મનમાં તરત જ વિચાર આવ્યો: મને હતું જ કે આ માણસ ખરે ટાણે મદદ નહિ જ કરે. આવો જે વિચાર તમને આવ્યો તે શું છે? તમારા મન પર સૌથી પ્રથમ પડેલા મગનલાલ માટેના માઠા અભિપ્રાયની છાપનું જ એ પરિણામ છે, કે જે અજાણતરીતે તમે ગ્રહણ કરી હતી અને ત્યાં જ પડી રહી હતી.

એટલે એવે પ્રસંગે દરેક પરિસ્થિતિનો ઊલટી રીતે પણ વિચાર કરવો જ જોઇએ. જેમકે મગનલાલે પ્રામાણિકપણે જ પોતે મદદ કરવાને અશક્ત હોવાનું કેમ જણાવ્યું ન હોય? વળી તમારો તેના પર એવો તે શો અધિકાર તમે મેળવ્યો હતો કે એની ફરજ તમને તેણે મદદ કરવી જ જોઇએ? તમે જે મુશ્કેલીમાં મુકાયા તેને માટે મગનલાલ કોઈ પણ રીતે જવાબદાર હતો ખરો? આવા આવા પ્રશ્નો મનને તટસ્થ રાખી પોતાની જાતને પૂછશો તો જરૂર યોગ્ય પ્રત્યુત્તર મળશે. માણસ ઘણીવાર નિરપેક્ષ રહી વિચાર કરવાનું ભૂલી જાય છે અને બને ત્યાં સુધી સામાનો વાંક શોધી પોતાની નબળાઇ ઉપર ઢાંકપિછોડા કરવાનો પ્રયત્ન કરે છે.

મન જેવું ઠગ બીજું કોઈ નથી. તેના જેવો મિત્ર પણ એકે નથી અને શત્રુ પણ એકે નથી. કલ્પના કરો કે એક ધુતારો તમારો પરિચિત છે. તમે તેની સાથે શી રીતે વર્તશો? ગફલતમાં રહેવાથી તો જરૂર તે તમને ઠગશે, કારણકે તેનો સ્વભાવ જ ઠગવાનો છે. પણ જો તમે જાગ્રત રહેશો, સાવચેત રહેશો, તો નહિ ઠગાઓ, પણ ઊલટું તેના તરફથી નુકસાન પામવાને બદલે તમે તેની મારફત જ કાંઈક લાભ મેળવશો. આમ, આપણું મન જે ધુતારું છે, તેના સાથે અને તેમાંની અસંખ્ય વૃત્તિઓ સાથે પણ એ રીતે જ વર્તવું જોઇએ. તમે એક વાર તેને બરોબર ઓળખી લો અને ગફલતમાં ન રહો, તો જ તે તમને લાભપ્રદ નીવડવાનું; નહિ તો બિનલગામી ઘોડા જેવું પરિણામ તમારા માટે આવશે. અને એ ઘોડાના ફેંક્યા તમે ગમે ત્યાં ખાડાખાડામાં ઉશેટાઈ પડશો.

ભયગ્રસ્ત, ફફડતું મન કદી તટસ્થતા જાળવી શકતું નથી. તે ખૂબ અસ્થિર અને ચંચળ હોય છે. હવાથી હાલતાં ઝાડનાં પાંદડાં જેવી સ્થિતિ એની હોય છે અને શરીર હમેશાં મનને અધીન છે, એટલે આવાં નબળાં મન તેને ગમે તેમ અને ગમે ત્યાં અથડાવ્યા કરે છે. એટલે એવા માણસોને સુખનો અનુભવ સ્વપ્નવત જ નીવડે છે. સુખનો માર્ગ તો શૂરાઓને જ સાંપડે છે.

માત્ર અનુમાનથી અભિપ્રાય બાંધી લેવાની આદત બિલકુલ નાપસંદ કરવા યોગ્ય અને નુકસાનકર્તા છે, પણ દુઃખની વાત છે કે દસમાંથી નવને આવી ટેવ હોય છે. આના મૂળમાં પણ ભયાદિ અનેક નબળી વૃત્તિઓ જ રહેલી છે.

મનને કોઈ પણ હાલતમાં, કોઈ પણ પ્રસંગમાં લપટાઈ જવા ન દેતાં તેને ત્રીજા પુરુષના દૃષ્ટિબિન્દુથી પ્રસંગને નિહાળવાની અને અભ્યાસ કરનાની આદત પાડો. કોઇ પણ પ્રસંગ બને તે વખતે તમારા મનને માત્ર સાક્ષી તરીકે જ રાખો. પછી પ્રસંગ પૂરતી હકીકત લક્ષમાં લીધા બાદ, મનને અંદર પરોવો અને પછી જ અભિપ્રાય આપો. આ રીતે કરેલા વિચાર અને વર્તન પુખ્તતાથી ભરપૂર અને અદલ નીવડશે.

છેલ્લું એ, કે ભયને આદત રૂપ ન જ બનવા દો. કોઈ પણ પ્રસંગનો પ્રત્યાઘાત ભય રૂપે મન ઉપર આવે કે તરત તે ભયની વૃત્તિને કોઇ ને કોઈ શારીરિક કાર્ય દ્વારા અન્ય માર્ગે વાળવા પ્રયત્ન કરો. દાખલા તરીકે એક અંધારી મોડી રાતે પ્રાણલાલ એક સાંકડી ગલીમાં ચાલ્યા જાય છે સામે એક ગુંડો મળે છે. આસપાસ બીજું કોઇ નથી. પ્રાણલાલ કોઈ સરકારી હોદ્દેદારના જેવા વેશમાં છે. હાથમાં લાકડી પણ છે. અને ગુંડો સામેથી આવે છે. ગુંડો તો આવે પ્રસંગે પોતાના ધસારાથી સામાના મન પર શી અસર થાય

જેણે પ્રજાઓને પરાધીન રાખી છે: જેણે માનવનો વિકાસ રૂંધ્યો છે

છે, તે હંમેશાં અભ્યાસની દષ્ટિએ જોતો રહેવાને ટેવાએલો જ હોય છે. તે જુએ છે. પ્રાણલાલ પણ પ્રથમથી જ સાવચેત બન્યો છે. હિંમતવાળો છે. તે પણ મનમાં તો સહેજ ગભરાય છે, કારણકે કદાચ જો ખરેખર હાથોહાથ આવી જવાનો પ્રસંગ આવે તો ગુંડા પ્રાણલાલને જરૂર પછાડી દે. પણ બહારથી, જાણે કશું જ બન્યું ન હોય તેમ, પ્રાણલાલ લાકડી ફેરવતો ચાલ્યો જાય છે, અને મોઢેથી સીસોટી વગાડતો જાય છે. આટલી બહારની નિર્ભયતા જોઈને ગુંડાએ પ્રાણલાલને પોતા કરતાં વધુ ચડિયાતો માન્યો, અને બાજુમાંથી પસાર થઇ ગયો. પ્રાણલાલ સમજી ગયો કે ગુંડા મહાત થયો છે. અને તેણે છુટકારાનો દમ ખેંચ્યો.

ભય ઉત્પન્ન થાય ત્યારે શરીર અને મન દ્વારા તેને અન્ય પ્રવૃત્તિમાં રોકી દેવા પ્રયત્ન કરો. જેમકે પ્રાણલાલે સીસોટી વગાડી લાકડી ફેરવી ટટ્ટાર ચાલવા માંડ્યું. તે રીતે તાળી પાડવી, ગુસ્સો કરવો, કોઈ ગીત ગણગણવું, ચોપડી વાંચવી, સરસામાન ફેરવવા મંડી જવું કે એવા અન્ય કોઇ કાર્યમાં પડી જવું. એવાં શારીરિક કાર્યો ઉપરાંત કુતૂહલ, વિસ્મય, ક્રોધ, હાસ્ય, લાગણી ઈત્યાદિ માનસિક વૃત્તિઓને પણ ભયની વસ્તુ ઉપર કામે લગાડી દેવી. પરિણામે આવા અભ્યાસ દ્વારા દરેક વ્યક્તિ પોતાના મનમાં રહેલો ભય ઓછો કરી શકશે અને પ્રગતિ સાધશે.

જમનાદાસ કે. લાદીવાળા

સ્વ. નવલરામ ત્રિવેદી

પ્રીતિપાત્ર પ્રોફેસર, અભ્યાસી વિવેચક ને મર્મક હાસ્યકાર તરીકે જાણીતા આપણા એ વિદ્વાન લેખક અને અધ્યાપકનું ગઇ તા. ૮મી મેએ માત્ર ૪૯ની વયે અવસાન થયું.

ગુજરાતી સાહિત્યનાં એમનાં અભ્યાસપૂર્ણ વિવેચનો ને આપણાં હાસ્યપરનાં મર્મપ્રહારો એમની સબળ લેખિની, નિર્ભય વિચારશક્તિ ને કર્તવ્યનિષ્ઠ વિવેચનાની સાખ પૂરે છે. સાહિત્ય ઉપરાંત સમાજશાસ્ત્ર તથા માનસશાસ્ત્ર એમના પ્રિય વિષયો હતા અને બંગાળી, મરાઠી આદિ ભાષાઓનો પરિચય એમને હોવાથી એમનું વાચન પણ એમના લેખન જેટલું સતત અને વિશાળ રહેતું.

ક્યારેક આકળા બનીને પણ અપ્રિય સત્ય કહી નાખવાની નિર્ભયતા જેટલી જ નિખાલસતા પણ એમનામાં હતી: અને તેથી જ એમની વિશિષ્ટ સાક્ષરતા જેટલી જ એમના મિલનસાર સ્વભાવની સરલતાનું સૌ સાથોસાથ સ્મરણ કરે છે. એમના આત્માને શાન્તિ હો.

ત. લ.

‘પ્રભુના પ્રતિનિધિ’ ધર્માધ્યક્ષોએ એને જીવતો બાળી મૂક્યો

મધ્યકાળના યુરોપની અનન્ય પ્રતિભા કવિ ફિલસૂફ અને વૈજ્ઞાનિક

જ્યૉર્ડાનો બ્રૂનો



ચિતા સળગી. પવનમાં તેના ભડકા નાચી રહ્યા. પણ એથી યે વધુ ઝાળભર્યા તો બ્રૂનોના આ છેલ્લા શબ્દો વાતાવરણમાં નાચી રહ્યા હતા:

‘ભાવિ જગત ન ભૂલે કે મોતથી બેપરવા રહી મેં સત્ય સિવાય કોઈની સન્મુખ સર નથી ઝુકાવ્યું, ને કાયર જીવન કરતાં પ્રોત્સાહિત મૃત્યુને મેં હસતે મુખે વધાવી લીધું છે.

લેનિને ધર્મને, તેના હાલના સ્વરૂપે, માનવજાતનો એક કેફ ગણાવ્યો છે. અને ઈન્સાન મજહબી ઝઘડાઓ પાછળ સદીઓથી પોતાની ઇન્સાનિયતનું જે દેવાળું કાઢતો આવ્યો છે એ દૃષ્ટિએ જોતાં ધર્મની એ તુલના સાચી લાગે છે. આજની આપણી વીસમી સદી પણ હજુ તો ધર્મની બાબતમાં પૂરી સહિષ્ણુ નથી બની. જે થોડીઘણી સહિષ્ણુતાનું આપણે આટલું બધું ગુમાન કરી રહ્યા છીએ એ તો ધર્મને નામે ચાલેલા માનવસંહાર ને પાપાચારના પૂરા પ્રાયશ્ચિત્ત રૂપે પણ નથી. ધર્મની એ જોહાકીએ પ્રકાશ અને પ્રેરણાભરી એટલી તો પારાવાર જિંદગીઓને નષ્ટ કરી નાખી છે, કે જેમના પ્રકાશનું ઝાંખું કિરણ પણ ઇતિહાસની ક્ષિતિજે પ્રકાશવા નથી પામ્યું. પણ એ જોહાકીની ધૂંધળમાંથી યે એક અણનમ વ્યક્તિ પોતાનો પ્રકાશ ઇતિહાસને પટે પાથરતી ગઇ છે. એ વ્યક્તિ તે જ્યૉર્ડાનો બ્રૂનો, જેણે પોતાના ચિંતનની ઉગ્રતાથી દંભ અને અજ્ઞાન પર રચાએલી ધર્મની આખી ઈમારતને હચમચાવી નાખેલી.

યુરોપમાં નવા વિચારનું ત્યારે પરોઢ ફૂટતું હતું. વિજ્ઞાનની નવીનવી શોધોએ જ્યાંત્યાં ચર્ચાઓ જગાવી હતી ને પરિણામે માનવ અને વિશ્વ સંબંધે ધર્મશાસ્ત્રોમાં રજૂ કરાએલી ભ્રમિત માન્યતાઓ પ્રત્યે લોકવૃત્તિ દિનોદિન શંકાશીલ બનતી જતી હતી. આ ચકચારમાં પોપની સર્વવિજયી ખ્રિસ્તી સત્તાને ખ્રિસ્તની દુનિયા ડૂબતી દેખાવા લાગી હતી, ને એવી વૃત્તિની સહેજ પણ તવાર આવતી કે તેને ક્રૂરમાં ક્રૂર નસીહત કરી દુનિયાને નાસ્તિકતામાંથી ઉગારી લેવા તેણે યુરોપભરમાં તપાસસમિતિઓ (Inquisition Committees) નીમી દીધી હતી. એ તપાસસમિતિઓની પૈશાચિકતાનો પુરાવો આપવા અત્રે એક જ દાખલો બસ થઈ પડશે, કે રોમના ન્યાયાસન પરથી પોતાના અઢાર વર્ષના અમલમાં એકલા તોર્કેમાદા નામના ધર્માધિકારીએ ૧૦,૨૨૦ માણસોને જીવતા જલાવી દીધેલાં અને ૬૬,૦૦૦ને જેલમાં સબડાવેલા!

આવા ક્ષુબ્ધ વાતાવરણના કાળે, ઈ. ૧૫૪૮માં ઈટલીના કૅલૅબ્રિયા પ્રાંતમાં વિસુવિયસના ઢાળ પર આવેલા નોલા નામના ગામમાં એક સૈનિકને ત્યાં એક બાળક જન્મ્યો. એનું નામ

કારણ—ધર્મની ચારદીવારી તોડી એણે નિર્ભીકપણે સ્વતંત્ર વિચાર ને વૈજ્ઞાનિક સત્યો રજૂ કર્યાં

જ્યૉર્ડાનો બ્રૂનો. અમેરિકાની શોધથી પૃથ્વી જ્યારે વિશાળ બની હતી, પોલિશ વિજ્ઞાની કૉપરનિકસની શોધોએ આકાશને પણ અનંત બનાવ્યું હતું, લ્યૂથર મરી ગયો હતો ને તેના શિક્ષણને પ્રતિરોધક બળો ઊભાં થતાં હતાં, ત્યારે. ગંડેર જેવા એ ગામમાં જન્મેલો આ બાળક વખત જતાં મધ્યકાળના યુરોપની એક અનન્ય પ્રતિભા તરીકે ઝળકી ઊઠ્યાં. અને તેનું કારણ, તેણે બહારથી ક્યાંયેથી નહિ પણ પોતાની જાતમાંથી જ સત્ય શોધવાની અપૂર્વ હિંમત ભીડેલી, એ હતું.

અને એ હિંમતે તેની પ્રતિભાને કેટલી તેજોજ્જ્વલ બનાવી દીધી હતી? તેના પછી તેર વર્ષે જન્મેલા ઇંગ્લંડના દાર્શનિક (ફિલસૂફ) ફ્રાન્સિસ બેકનનાં લખાણોએ તો તેના કથનના માત્ર પડઘા જ પાડ્યા છે. એ જ ઇંગ્લંડના કવિસમ્રાટ શેકસપીઅરે તેની જ કવિતાઓમાંથી તેનાં 'ટેમ્પેસ્ટ' ને 'હૅમ્લેટ' નાટકોનું વસ્તુ ઉઠાવ્યું છે. અને તેના પછી એંશી વર્ષે જન્મેલા ફિલસૂફ સ્પિનોઝાએ તો પોતા પર બ્રૂનોની અસરનો સાફ દિલે એકરાર કરેલો છે.

જીવનના ઉષઃકાળે જ બ્રૂનોએ વિજ્ઞાન, ગણિત, કાવ્ય, સંગીત આદિ અનેક વિષયો પોતાના કરી લીધેલા ને ઈટાલિયન જેટલું જ લૅટિન ને સ્પૅનિશ ભાષાઓ પર પ્રભુત્વ મેળવેલું. બાપનો સિપાહીગીરીનો ધંધો તો તેને માટે મુકરર જ હતો, પરંતુ નાનામોટા રાજાઓનાં હિતો પોષવા માટે થતી નિર્દોષોની કત્લે આમ પર તેને હંમેશાની સૂગ હતી. એટલે ચૌદ જ વર્ષની વયે એ તો એનસલેમ નામના ભલા પાદરીની હૂંફથી મઠમાં જોડાઇ પોપના ડૉમિનિકન ઑર્ડરમાં દાખલ થઇ ગયો.

એ જ બ્રૂનોનું કમનસીબ નીવડ્યું. મઠમાં જેમજેમ તે એક પછી એક ધર્મશાસ્ત્રનું પારાયણ કરતો ગયો, તેમતેમ એની જિજ્ઞાસુવૃત્તિએ સમગ્ર વિશ્વના ઘટનાક્રમની બધી સમજણ સમાવવાનો દાવો કરતા એ ધર્મશાસ્ત્રોની રજૂઆતો પર ચિંતન ચલાવવા માંડ્યું. તેમતેમ તેને એ ધર્મશાસ્ત્રો આત્મતૃપ્તિ અર્થે અસમર્થ લાગતા ગયા. પ્રમાણિક મુરાદે એણે પોતાની આશંકાઓ પાદરીઓ પાસે રજૂ કરી.

આ શો ગજબ?! પવિત્ર ગ્રંથો સામે તેનાથી જીભ જ ઉપાડી કેમ શકાય? કૉપરનિકસે ભલે સાબિત કર્યું કે પૃથ્વી ફરે છે; પણ ધર્મશાસ્ત્રોમાં તો એને સ્થિર અને થાંભલાઓ પર ટેકવેલી જણાવી હતીને? વિજ્ઞાને ભલે કહ્યું કે પૃથ્વી ગોળ છે ને આકાશ અનંત છે; ધર્મશાસ્ત્રોએ તો તેને સપાટ અને આકાશને એ સપાટ પૃથ્વીની છત જણાવી હતી ને? આકાશમાં બીજી દુનિયાઓ હોવાનું કહેવું એ તો ભારેમાં ભારે દ્રોહ હતો. આકાશમાંના તારાઓ એ તો પૃથ્વીની એ છતમાં ટાંગેલા દીવાઓ હતા, જે છતની ઉપર સ્વર્ગમાં ઈશ્વરનું સિંહાસન હતું. પ્રભુના આ જ્ઞાનને પડકાર કરવાની બ્રૂનો ધૃષ્ટતા જ કેમ કરી શકે?

પણ બ્રૂનો પોતાના ચિંતનમાં રત રહ્યાં. એ ચિંતનમાં વિશ્વના કાર્યકારણ નિયમનું એને સંપૂર્ણ ભાન થયું ને ઇશ્વરને એણે જન્નતમાં બેઠે બેઠે પૃથ્વીવાસીઓના ઉદ્ધારની રાહ જોતો નહિ, પણ સર્વવ્યાપી, સર્વજ્ઞ ચૈતન્ય સ્વરૂપે જાહેર કર્યો. એ મૌલિક ચિંતનને રસ્તે જતાં ધર્મગુરુઓએ તેને એક કરતાં વધુ વખત વાર્યો, પણ તે કબૂલ ન થયો. ધર્મગુરુઓને તેના પર હવે સેતાન સવાર થએલો લાગ્યો!

કશો યે રંજ પામ્યા વિના, કોઇથી શેહ પામ્યા વિના બ્રૂનો પોતાને માર્ગે આગળ વધતો ગયો. વિશ્વની અનંતતા ને ધર્મશાસ્ત્રોની પોકળતા પર એક પછી એક પુસ્તક તે રચતો ગયો. આખરે પોપની સત્તા તેને બરદાસ્ત ન કરી શકી. તેણે તેને નાસ્તિક જાહેર કર્યો ને દેહાંતથી તેને પ્રાયશ્ચિત્ત કરાવવાનો નિર્ણય કર્યો.

નિર્ણય સાંભળી રાતોરાત એનસલેમ બ્રૂનો પાસે આવ્યો. હકીકતથી તેને વાકેફ કર્યો. બ્રૂનો બોલ્યો, 'બાપુ, હું જાતે મારા ભવિતવ્યથી નથી ડરતો ને તમે શા માટે ડરો છો?' અને પ્લેટો તથા પ્લૉટિનસના સંમિશ્રણ જેવા, લેસિંગ ને કૅન્ટના એકલા પ્રતિનિધિ જેવા બ્રૂનોના એ સાચા જ નિર્ભીક શબ્દો હતા. પોતાના એક સૉનેટમાં એણે વહેલું જ ગાઈ નાખેલું:

That I shall sink in death I know must be,
But with that death of mine what life will vie?

પરંતુ એનસલેમ ન માન્યો. તેણે કહ્યું, 'બેટા, પવિત્ર બીક જેનામાંથી જતી રહે છે તેના પર સેતાન અવશ્ય સવાર થાય છે.'

બ્રૂનોએ તરત જવાબ આપ્યો, 'બાપુ એવી વાત ન કરશો. બીક કોઈ દિવસ પવિત્ર હોઈ જ ન શકે. મને સત્યનું ચિંતન કરવાની તમે ના ન પાડો. બીજું જે કહેશો તે હું કરી છૂટીશ.'

એનસલેમે જોયું કે બ્રૂનો અડગ છે. એ અડગતાથી નીપજતું ભવિષ્ય પણ નિશ્ચિત હતું. છેવટે તેણે આજીજીપૂર્વક કહ્યું, 'ત્યારે તો, બ્રૂનો, તું અહીંથી નાસી છૂટ. ઈટલી તને સાંખી નહિ શકે.'

અને સત્યની ખાતર, એ અંધારી રાતે, દોરડાની મદદે મઠની પછીતેથી બહાર કૂદી પડી, બ્રૂનો રાતના અંધારામાં ગેબ થઈ ગયો. 'ઇટાલિયા! તારા આવડા મહાન વિસ્તારમાં યે મારા માટે પગ મૂકવાની જગા નથી. હું જાઉં છું.' એ દુઃખભર્યે શબ્દે એણે આલ્પ્સ નાઇન્સની કંધારની પેલી પાર નજર દોડાવી,—ત્યાં સ્વિટ્ઝર્લૅંડના ધાર્મિક સુધારકો તેને આવકારશે એવી શ્રદ્ધાએ.

પણ એ લોકોને ધર્મની બદી દૂર નહોતી કરવી; માત્ર એ સહેલાઇથી ગળે ઊતરે એટલી પથ્ય બનાવવી હતી. એટલે બ્રૂનોને એ ક્યાંથી જીરવી શકે? પોપની સત્તાએ તો બ્રૂનોને વહેલો જ નાસ્તિક જાહેર કરી દીધેલો ને તેની તપાસસમિતિએ એની ધરપકડના પ્રપંચના પાસા યે ગોઠવી દીધેલા હતા.

આ પરિસ્થિતિમાં બ્રૂનોની નજર પારીસ તરફ ગઈ. સ્વિટ્ઝર્લૅંડ કરતાં તેને એ વધારે ઉદાર લાગ્યું. ને એ માન્યતા સાચી ઠરી. લોકોનાં ટોળાં ને ટોળાં પારીસમાં તેને સાંભળવા ઉમટી પડતાં. ફ્રાન્સનો ત્રીજો હેન્રી પણ તેની પ્રતિભા પર મુગ્ધ બનેલો. પરંતુ પોપના આડતિયાઓની ચાલબાજીએ ત્યાં પણ જંપ ન ખાધો. સૉર્બોનના ધર્મગુરુઓએ ત્યાં પણ એ 'નાસ્તિક' સામે ઝુંબેશ ઉપાડી ને બ્રૂનોનું ત્યાં રહેવું કઈ પળે આફત નોતરે તેની ઘડીઓ ગણાવા લાગી. આથી હેન્રીએ તેને લંડનમાંના ફ્રેન્ચ એલચી પર ભલામણપત્ર લખી આપી ત્યાં મોકલાવી આપ્યો.

ફ્રેન્ચ એલચી ને ઇંગ્લંડની રાણી એલિઝાબેથે બ્રૂનોનો લંડનમાં ભવ્ય સત્કાર કર્યો. એલિઝાબેથ પોતે ઈટાલિયન સારીરીતે બોલી શકતી, એટલે થોડાક સંભાષણમાં જ બ્રૂનોનો પ્રભાવ તે પામી ગઈ. ને ફ્રેન્ચ એલચી તો બ્રૂનોનો હંમેશનો મિત્ર થઈ રહ્યો. બ્રૂનોનાં ઘણાંખરાં પુસ્તકો પણ ત્યાં જ લખાયાં.

ઇંગ્લંડમાં પણ બ્રૂનોએ તો પોતાની વિચારસ્વાતંત્ર્યની જેહાદ ચાલુ જ રાખી. ઑક્સફર્ડમાં યુનિવર્સિટીના પ્રોફેસરો એના સામે વાદ કરવા ઊભા થયા એણે પંદર વખત તેમને હરાવ્યા. એનું તો સ્પષ્ટ કહેવું હતું:'ધર્મશાસ્ત્રોનો હક માત્ર નીતિ શીખવવાનો છે, બાકી વિશ્વના સઘળા જ્ઞાનનું આધિપત્ય એમનાથી કોઇ કાળે ન લઈ શકાય.'

બ્રૂનોને તે સાંપ્રદાયિકતાનાં ગંધાતાં ખાબોચિયાંને બદલે જોઈતો હતો ઉદારતા, બંધુત્વ ને એખલાસનો મુક્ત પ્રવાહ. અને તો ધર્મની ચહારદીવારી તોડીફોડી માનવતાને સ્વનિર્ણય પર મુસ્તાક બનાવવી હતી, પૃથ્વીના પટે વૈજ્ઞાનિક મહાયુગ સ્થાપવો હતો. એનાં વિચારકિરણો ઝીલાત તો યુરોપની પ્રગતિમાં, એની સંસ્કારિતામાં કદાચ વહેલી ત્વરા આવત. પરંતુ માનવતાના આબાર સામે બની બેઠેલા કાટવંદો વચ્ચે આ સાચા હકીમને અવકાશ નહોતો, એટલે બધાં સ્થળો જેમ ઈંગ્લંડમાં પણ તેના દોરતો એટલા જ દુશ્મનો ઊભા થઈ ચૂક્યા. આ રખડુ ફિલસૂફ ત્યાંથી માર્બુર્ગ ઊપડ્યો.

કોપરનિકસ પછી ખગોળના જ્ઞાનનો એણે ખૂબ વિસ્તાર કર્યો હતો. આકાશના પોતાના નિરીક્ષણ પરથી, ભવિષ્યના ખગોળશાસ્ત્રીઓને પૂરતી માહિતી આપવા એણે અનેક નોંધો પણ લખેલી. ઇ. ૧૫૭૨માં દેખાએલા નવા તારાની એણે જ પહેલી નોંધ કરેલી. જ્ઞાનના પરીધના કરેલા આ વિસ્તાર માટે માર્બુર્ગની વિદ્યાપીઠના વડાએ તેને ડૉક્ટરની ઉપાધિ આપી. પરંતુ બ્રૂનોએ પોતાને વિદ્યાપીઠમાં જગા આપવાનું કહેતાં તો એણે ચોકખી ના જ સંભળાવી દીધી. 'ત્યારે મને તમારી ડિગ્રી નથી જોઈતી' કહેતાં બ્રૂનોએ ડૉક્ટરેટની પદવીનું કાગળિયું તેના પર પાછું ફેંક્યું. આ અપમાનથી ત્રણત્રાગી ઊઠેલા કુલપતિએ આ અપમાનનો બદલો કેવો વળે છે તેની રાહ જોવા બ્રૂનોને કહ્યું અને ઊમેર્યું, 'આવતી કાલનો સૂર્યોદય તમે કારાવાસની દીવાલોમાં દેખશો !'

'પણ હું તો ઈટાલિયન છું.' બ્રૂનોએ કહ્યું.

'પરવા નહિ. કોઈ પણ દેશના નાસ્તિકો માટે એ જ ઉત્તમ સ્થળ છે.' વિદ્યાપીઠના કુલપતિએ જવાબ આપ્યો.

અને એ જ રાતે બ્રૂનોએ ત્યાંથી પણ ઉચાળા ભર્યા. એ તરવરિયા ફિલસૂફને વર્ણવવો બહુ મુશ્કેલ છે. એના યુગની મહાન શોધો પરથી તેણે જન્માવેલી ફિલસૂફી પણ ઉદ્દામ હતી. ઍરિસ્ટૉટલની સ્થાપિત માન્યતાઓની અસંગતતા પર એણે જ પહેલો ઘા કરેલો; અને એટલે જ મહાન ફિલસૂફ હૉફ્ડિંગ તેને આધુનિકોમાંનો પ્રથમ આધુનિક ગણાવી, તેને 'રેનાંસાંની વિચારસૃષ્ટિના મહાન સ્રષ્ટા' તરીકે સન્માને છે.

માર્બુર્ગથી ઊપડી તે જર્મની આવ્યો. વિચારક્ષેત્રના કોઈ પણ નવા ફણગા પ્રત્યે હમેશાં સહાનુભૂતિ ધરાવતા એ દેશે તેને સંઘર્યો તે આભારવશ તેનું હૈયું દ્રવી ઊઠ્યું. એ મહાનુભાવી ભૂમિને પ્રણમતો તે બોલ્યો, 'જર્મની ! તેં મને આખરે સંઘર્યો છે. હું આસ્તિક છું કે નાસ્તિક એ જાણવાની પણ તેં તમા નથી કરી. આખા જગતના અસ્પૃશ્યને તેં તારાં દ્વાર ખુલ્લાં કર્યાં છે.'

અને ત્યાં રહ્યે રહ્યે કાવ્યનાં ને ફિલસૂફીનાં એક પછી એક પુસ્તકો બ્રૂનો બહાર પાડતો ગયો. એણે જે ફિલસૂફી જન્માવી. તેને હજુ આજની ફિલસૂફીઓ વચ્ચે યે સ્થાન છે. પરંતુ એ હતભાગી ફિલસૂફ માટે નિરુપદ્રવ ચિંતનદશા નિર્માઈ જ નહોતી. પોપના ખાંધીઆઓએ બ્રૂનોના એક વેનીશિયન મિત્ર મિયોવાની મૉસેનિગોને હાથ કર્યો. પોતાના તરકટમાં તેને શામિલ કરી તેની પાસે બ્રૂનો ઉપર કાગળ લખાવ્યો: 'હવે અહીં આવી જાઓ. તમારા પર કશો ભય નથી.'

બ્રૂનો તો બધાં જૂનાં વેરઝેર ભૂલી ગયો હતો. થોડા જ વખત પર તેને એવો વિચાર આવી ગએલો કે પોપ ચૌદમા ગ્રેગરીને એક પુસ્તક અર્પણ કરી તેની સાથે સલાહ કરી લેવી. આ પત્ર એ વિચારમાં પૂર્તિરૂપ જણાયો ને મિત્રોની ના છતાં તે વેનિસ ચાલી નીકળ્યો.

ઈ. ૧૫૯૧ના ચોમાસામાં તે વેનીસ આવી પહોંચ્યો. અને ત્યારે જ તેને મૉસેનિગોના તરકટની ખબર પડી. તેના પર સખ્ત જાપતો રાખવામાં આવ્યો ને તેના વિરુદ્ધની સઘળી સાહેદી એકઠી કરવામાં આવી. એ પૂર્વકાર્ય પૂરું થતાં એ જ મૉસેનિગોએ પ્રભુના ધર્માધ્યક્ષના હુકમથી તેને જેલને દરવાજે પહોંચતો કર્યો !

એ જેલમાં ગયો તે ગયો જ. ફરી આઠ વર્ષે તે બહાર નીકળ્યો; પણ આ દુનિયાનું છેલ્લું દર્શન કરવા જ. એ લાંબા કારાવાસમાં પોપની તપાસસમિતિએ શી શી યાતનાઓ એના પર નહિ ગુજારી હોય ?–કોઈ કહી શકતું નથી, કહી પણ શકશે નહિ. એ લાંબા કારાવાસ પાછળ પોપે એ જ ઇરાદો સેવ્યો હશે કે કદાચ એથી એની શક્તિ ક્ષીણ થઈ જશે ને માયૂસ બની તે પોતાની પ્રવૃત્તિ સંકેલી લેશે.

પરંતુ બ્રૂનો તો અવિચળ જ હતો. જે પહેલાં કહેતો હતો એ જ આઠ વર્ષ પછી ફરીથી એણે કહ્યું: 'દુનિયામાં એવા યે ઇન્સાનો છે જે ચાહે તેવી ધમકી કે સિતમ સામે યે સર નથી ઝુકાવતા. દેહ ઘાતથી ડરવાવાળા કદી ઈશ્વર સાથે તાદાત્મ્ય અનુભવી જ ન શકે. ઈન્સાન તો એ જ છે જે ચાહે તેવા કષ્ટની યે ઉપેક્ષા કરે; ને એ જ પ્રસન્ન છે જે પ્રત્યેક વસ્તુને તર્કની નજરે તોળે.'

જવાબમાં પ્રભુની 'પવિત્ર ગાદી' (Holy Office) તરફથી શિક્ષા ફરમાવવામાં આવી, અને તે એ કે, 'આ "નાસ્તિક"ના લોહીનું એકે ટીપું જમીન પર પડી તેને નાપાક ન બનાવે એટલા ખાતર એને જીવતો ને જીવતો સળગાવી દો !'

સહેજ સરખો યે મનઃક્ષોભ અનુભવ્યા વિના નિશ્ચલ ચિત્તે બ્રૂનો એ સજા સાંભળી રહ્યો. તે બોલ્યો, 'કદાચ હું સાંભળીને ડરું તેના કરતાં યે આ સજા સંભળાવતાં તમે વધુ ડરતા હો એમ જણાય છે.' અને એટલું બોલી એ તિરસ્કારથી હસ્યો.

ઈ. ૧૬૦૦ના ફેબ્રુઆરીની એ ૧૯મી તારીખ હતી. રોમ નગરના ચોકની વચ્ચોવચ્ચ જબરી ચિતા ભડકવામાં આવી. થોડી જ વારે બ્રૂનોને ત્યાં લાવવામાં આવ્યો. એ જ એની મનની નિશ્ચલતા, એ જ એનાં મક્કમ પગલાં. મરતાં મરતાં યે આ નાસ્તિકનો ઉદ્ધાર થાય એવી અનુકંપાએ પ્રેરાઈ પોપના એક એસેસરે તેના સામે ક્રૉસ લંબાવ્યો.

'સત્યને સમજવા માટે આવાં લાકડાંની જરૂર નથી રહેતી.' કહેતાં બ્રૂનોએ તે ફેંકી દીધો.

ચિતા સળગી. પવનમાં તેના ભડકા નાચી રહ્યા. પણ એથી યે વધુ ઝાળભર્યા તો બ્રૂનોના આ છેલ્લા શબ્દો વાતાવરણમાં નાચી રહ્યા હતા: 'ભાવિ જગત ન ભૂલે કે મોતથી બેપરવા રહી મેં સત્ય સિવાય કોઈની સન્મુખ સર નથી ઝુકાવ્યું, ને કાયર જીવન કરતાં પ્રોત્સાહિત મૃત્યુને મેં હસતે મુખે વધાવી લીધું છે.'

થોડી વારમાં બ્રૂનો નામશેષ બની ગયો, પણ કાંપો દ ફ્યોરીના ચોગાનમાં ઊભેલી એની પ્રસ્તરમૂર્તિ, વધુ ને વધુ સડતાં જઇ વધુ ને વધુ વિરાગ ને વિદ્વેષ ફેલાવતાં ધર્મનાં ખાબોચિયાં સામે એના એ છેલ્લા શબ્દોનો આજ પણ પ્રતિઘોષ પાડી રહી છે. **અશોક હર્ષ**

કસોટીના ઉત્તરો

(૧) ૨૭, ૨૧, ૭. (૨) મા. (૩) બરાબર બપોરના બાર. (૪) બાજુની આકૃતિ મુજબ. (૫) બાર જ હોય, ડઝનમાં તો. (૬)–(ક) બાવીસ વાર (ખ) નદીના મુખ તરફ જોઇને ઊભા રહેતાં જમણા હાથે આવે તે. (ગ) ૩ માઈલ સુધી. (ઘ) ચાર ઇંચનો 'હૅન્ડ' (હાથ). (૭) પારીસનો 'ઇફલ' ટાવર, જે ૯૮૪ ફીટ ઊંચો છે.

૧૫	૨૬	૩૭
૪૮	૫૯	૬૧
૭૨	૮૩	૯૪

માનો જાયો

લેખક
પુષ્કર ચંદરવાકર
★

[ચોગાન સરખું ઉઘાડું ફળિયું, ને ફળિયું પૂરૂં થતાં જ બેઠા ઘાટનું ઉતારેલ ખોરડું. ખોરડાની બગલમાં, બે ઢોર બાંધી શકાય એવું, મઢિયા સાંઠીઓનું બાંધેલું એક પડાળિયું અઢાળિયું. તેની પાસે એક નાનકડી લીંબડી.

અઢાળિયાના છાપરાને કડબના પૂળાએ ગઢ્યું છે. ઢાળિયાનો આગળનો ભાગ તદ્દન ખુલ્લો છે, એટલે તેમાંની ગારાની કરેલી ગમાણ નજરે પડે છે. ગમાણના મૂળમાં લાકડાના બે ખીલા છે. ગમાણમાં ડાંડર પડ્યું છે, એ ડાંડરના થોડાક સાંઠા ઊડીને બહાર આવ્યા છે. ગમાણના ડૂપલા ખૂણામાં લાકડાની પાવડી છે. બપોરની વેળા થઇ છે. સાથી, સાંતી ને બળદને આવવાને હવે વાર નથી.

ખોડો આવે છે. ભરાવદાર શરીર, ફૂટતી જુવાની, કંઈક ગોરો વાન ને સહેજ ઉતાવળિયો સ્વભાવ. તેણે ચાદરપાટનું જાડું ફાળિયું પહેર્યું છે. ડીલ પર કશું જ નથી. કાનમાં કોકરવાં છે ને ગળામાં રૂપાની કંઠી છે ડાબા હાથની છેલ્લી બે આંગળિયોમાં રૂપાની વીંટીઓ છે. ઢાળિયામાં પ્રવેશે છે ત્યારે તેના મોં પર આછો રોષ દેખાય છે.

ઢાળિયામાં સવારનું વાસીદું કાઢી નાખ્યું છે, પણ છાણનો સૂંડલો હજુ એમનો એમ ખૂણામાં પડ્યો છે. રાતદિવસ બળદનાં પગ ઘસાવાથી પડેલા ખાડામાંથી મૂત્રની બદબો આવે છે.]

ખોડો: (જોરથી ઘાંટો પાડીને) ક્યાં મરી ગઈ? આ તારા સગલા હમણાં આવશે. (ઓરડામાંથી અવાજ આવે છે.)

અવાજ: સાંસતા રો'ને, આ આવી. આ રોટલો તો ઉતારવા દ્યો.

ખોડો: હજી તો સવારનું વાસીદું સડે છે. બધા જ આવી લાગે છે.

[કનુ ઓસરીમાં આવે છે. તેનું વય આશરે અઢારેકનું છે; પણ ગામડાનું છોરૂં, એટલે ભલભલા પણ ભૂલ ખાઇ જાય કે તે વીસ ઉપર તો હશે જ. તેના પહેરવેશ પરથી લાગે છે કે ખાધેપીધે સુખી છે. નાકનમણ બે ઘરેણાં હાથપગ ને નાકમાં છે. તેણે જાડા બરનું છાપેલું ઓઢણું ઓઢ્યું છે; લાલ ગજીનો ભરેલ, ખાપું ટાંકેલો ચણિયો ને ચણિયા નીચે પગમાં નક્કર કડલાં પહેર્યાં છે. હાથ લોટવાળા છે.]

કનુ: કો', આટલી તડામાર શી છે?

ખોડો: આ તારા બાપને બાંધશું ક્યાં? જોને, આંય ઊભા રે'વાય એવું છે?-

કનુ: કો'ક દિ કામ હોય તો તમે તો વેળાય નો વરતો?

ખોડો: કેવાક કામમાં ડૂબડૂબા હતી?

કનુ: કામ કાંમ નઇ? આ ડોશી હમણાં આવીને ઊભાં રીયાં જાણો. ઘરે મા આવે તારે ઈમના સારૂ રોટલો ઘડીને તો તિયાર રાખવો જોયેં ને?

ખોડો: મા આવે તે આ બળધુંને મારે માઝનવાડ મૂકવા?

કનુ: પણ ફક્ત છાણનો સૂંડલો જ આંયા છે ને?

[નીચે ઊતરીને અઢાળિયામાં જાય છે; સૂંડલાને ઊચકીને બહાર મૂકે છે.]

ખોડો: સાથીનું ય રોંઢા વેળનું રાંધી નાખ્યું ને?

કનુ: બાકી છે. જોવો ને! તમે રીડિયારમણ કરી તે લોટ કાથરોટમાં મૂકી આંયાં દોડી આવી.

ખોડો: તારે તેં ઘડ્યું કોના સારૂ? સવારના પો'રની ઊઠીને ઊભરા જ ગણ્યા કે કર્યું બીજું? [કનુનું મોં પડી જાય છે.] જો, મા આવવાનાં હોય કે નો'ય, ઇમની સેવાચાકરી કરનાર ઈમને તો છે ને, ઓલ્યો જૂના ઘરવાળાનો બેચરો. ગુંદામાં અધવારૂ કર્યું છે. ઈમનું ઘર સાજું કર્યું છે ને મને ફોલીફોલી ખાલી કર્યો છે. સમજી! ઇ જનેતા ઉપર પછી હેત શે ઊભરાય?

કનુ: વાહ રે! ગમે તેવી તો ય મા જનેતા. તમને ગણપાડ જ નઇ?

ખોડો: ભાળી મા જનેતા. મને ખાલી કરવા માંડ્યાં છે. તને તે ભાન છે? ઓલી નવીનક્કોર હાંહડી જઇને બેચરાના છોકરાને આપી આવી. જેવો હું ઇના પેટનો એવો ઇયે ય. માને તો ડાબી જમણી બેય સરખી.

કનુ: દાઝે બેચરભાઇનું; કીમકે પે'લા ખોળાનો, વળી બાપ વગરનો.

ખોડો: બાપ વગરનો તો સાચો, પણ આંયાં આંગળિયે આવ્યો તૈયેં મારાથી ય સરહ મારા બાપુએ રાખ્યો'તો ને! પરણાવી દીધો, પહટાવી દીધો, પાંચ ફોલવા ઘરેણું કરાવી દીધું, ને—

(અચકાય છે)

કનુ: અચકાવ છો કાં?

ખોડો: મને વાત પૂછય મા.

કનુ: તો ય.....?

ખોડો: મારા મોઢેથી વાત કઢાવ્ય મા.

કનુ: કીમ?

ખોડો: તું ભોળું ઢાંઢું છો. મા તને 'મારી વવા, વવા,' કરી મોભારે ચડાવે છે તે તું મા વાંહે ગાંડી ફર છ! બાકી ઈ ભોં સૂંઘવા પડ્યાં છે તો ય નિયાયે હાલતાં હોય ઇમ મને નથી લાગતું.

કનુ: હોય, પાંચે આંગળી સરખી હોય કંઈ! આપડે તો સાટે સાગરપેટા થાવું; આમ તવથીયે હાલે કંઈ! પણ લ્યો, તમે મને આંઇ વાતે વળગાડી ને ચૂલામાં તો સાવ ઓલાણિયો પડ્યો હશે!

[કનુ જાય છે. એવામાં વીરો પ્રવેશે છે. ખોડાની જ હેડીનો. કાઠું જરાક દમલેલ જેવું. મોં પર નૂરબૂર નહિ]

ખોડો: કાં વીરા દાંડ! (હસી પડે છે.)

વીરો: ખોડા કાકા!

ખોડો: (સહેજ લહેરમાં) બોલ, આજ કેટલાં ઘર માગી આવ્યો?

વીરો: ઇમ કીમ?

ખોડો: ના, પણ ગામની કાંઈ નવાજૂની? કોઈ મૂવો, કોઈ કપાણો, કોઈની ખાંભી થઈ કે કોઈ વેતરાયો?

વીરો: ના ના, કાકા, એવી તો ખાસ નથી. ને પાંચ જમણ તો વચમાં ગુંદે જઈ આવ્યો.

ખોડો: તારે તો ડોશી....

વીરો: હોવ! ખડેલાં જેવાં તનકારા કરે છે.

ખોડો: બાકી બેચરભાઇ.....

વીરો: (ગંભીર બનીને) તાજો થઇ ગિયો, હો કાકા!

ખોડો: સાચું?

વીરો: જો ને કાકા! હમણાં વવને ઘરાણું ટીપાવી દીધું; ને આપડા

ગામના મારગે ઓલી છે ને, બાવળવાળી વાડી દરબારની ? ઈ એણે એટલે જ અધાટ લીધી. ઇનું નામ હજાર માથે જ હોય.

ખોડો: તને કોણે વાત . . . .

વીરો: હવે આવી વાત તે છાબડે ઢાંકી રે'ત, આમે ય, કાકા ? ચાર દિ' મોર જ મા ને બેચરકાકો તાલુકે જઈ આવ્યા. લખતપત્તર પણ થઈ ગીયું. માળે સાત પેઢીનો રોટલો કરી દીધો. મોળા પાતળા વરસે ઈ જવાબ દે ઇમ છે. ઠીક તારે, કાકા, બેસ તારે હું. આ તો નીકળ્યો તે હાઉકલો કર્યા વગર હાલે? (વીરો જાય છે. કનુ આવે છે.)

કનુ: કાં? માના કંઈ વાવડ ? સૂરજનારણ તો માથે આવ્યા . . . તણ ગવ ધરતી કાપતાં આટલી વેળા ? . . . .

[ખોડો જવાબ આપતો નથી. મોં પર ક્રોધના લાલ અંગારા ફૂટી પડ્યા છે.]

કનુ: કીમ તુનર જીમ બેડા છો? કંઇ સાંભર્યું કર્યું? ઓલ્યો દાડ કાંઇ વાત કરી ગ્યા?

[ખોડો કશો જ જવાબ આપતો નથી.]

(સ્હેજ હસીને.) પિયર તો સાંભરે અમને. તમને આજ પિયર તો નથી સાંભર્યું ને ? પણ મા તો આજ . . . .

ખોડો: (લાલચોળ નયનોને ઘુમરી ખવડાવીને) મૂક ઇ ડાકણનું નામ !

કનુ: માને ડાકણ કે'તાં . . . . મારે આવડા મોટા તમને કે'વું શું ? સારા પરતાપ ઈના, કે તમે તનકારા કરો છો. નાનપણમાં . . . . આગળ શું બોલું?

ખોડો: ના ના, બોલ ને! લે ઈનું ઉપરાણું. તને તો ઈ ફોસલાવી જાય છે! તું ઈની જાળમાં એવી સપડાછ, કે પછી ઈ ડોશીને જ ભાળછ. પણ ઇ મને બાવો કરાવવા જ મરી છ.

કનુ: એવું નો બોલો ! વાડ સાંભળે, વાડનો કાંટો સાંભળે; ઇમાં સારૂં નો કે'વાય.

ખોડો: મારે સારૂં દેખાડીને કામે ય શું છે ? ઈ ડોશીનો ટાંટિયો મારા ઘરમાં નઈ. હું તો ઇનો શોક્યનો છોકરો થઈ બેઠો છું. ઇના પેટનો તો ઓલ્યો બેચરો! પેટનો જ ને? નઇતો મને ખાલી કરીકરીને ઈનું ઘર ભરવા માંડે ? જો, આ બે દિ' મોર જ બેચરાને ઓલી બાવળવાળી વાડી . . . .

કનુ: તે ઈમાં આપડે શું ?

ખોડો: કેમ નઈ ?

કનુ: પૈસા હોય તો લે. ખાલી વાતું કર્યે કંઈ હાથમાં આવવાની હતી ?

ખોડો: ત્યારે બેચરાને ઘરે કઈ મો'લાત ફાટી જાય છે ?

કનુ: તારે આપનારે કાંઈ અમથી ભૂનદાનમાં આપી હશે ? નાખી દીધા જેવી વાતું કરો છો તી ?

ખોડો: તને હવે રાતદિ'ની શી ભાન છે? ઈ સંધાય ઓલી ટંડેલના જ કામા !

કનુ: રાખો રાખો, હવે. આંયાથી ઊભા થાવ. હમણાં મા . . . .

ખોડો: જો! આંયાં ઈ મરવા આવે તો સાથરો તાણવા જેટલો ય મગન નથી. આ તને કંઈ દીધું. ને જો મારી ઉપરીઆમણુ ગઈ તો મારા જેવો કોઈ ભૂંડો નથી, હા!

કનુ: ઠીક ઠીક હવે, બેઠા થાવ.

[સામંત પગી પ્રવેશે છે. કનુ ઓઝપાઇને મોં આડો છેડો કરીને ઓશરીમાં જઈને ઊભે છે.]

સામંત: ખોડા ! ખોડા !



ખોડો: કાં સામંત કાકા !

સામંત: તારા ઘરે આવતું ગાડું ખરટકામાં ઊંધું વળી ગિયું છે, ને માંયલાંને એનએન જફા થઇ છે.

[સરવા કાન કરીને કનુ સાંભળે છે]

ખોડો: તે ઓળખાણ નો પડી ?

સામંત: મારા કાન ભણ્ય તો આવી છે! કોઈ કે'છે કે ઈ તો હરખાં મા ?

ખોડો: હરખામા !

સામંત: હા. (જાય છે.)

ખોડો: તે કાકા ! વાત તો પૂરી . . . . (સામંત પાછો ફરે છે.)

સામંત: લબરકી થઈ ગઈ 'તી . . . . (જાય છે. કનુ આવે છે.)

કનુ: (વ્યગ્ર ભાવે) શું સામતા કાકાજી કઇ ગિયા? માને લબરકી ? . . . . તારે તમે સામા જાવ!

ખોડો: જાશે ઈમનો સગલો ઓલ્યો ગુંદ્રાવાળો છોકરો, ને કાઢશે આવીને ખાડમાંથી. હું અડીશ તો સરગે જાતાંના'વું પડશે.

કનુ: તમે તે કંઇ માણસ છો ? આ તે મા જનેતા છે. પણ મારગે જનાર હોય ને આવું થીયું હોય તો ય ઇ તો દયાનું કામ.

ખોડો: કૂતરાના મોઢા આગળ ગા' વધેરવી ઇ કીણે કીધું ? મને ખાલી કરી ઇના પે'લા ખોળાનાનું ઘર તગતગતું કર્યું. ઈ વગર ઉપરઃ-ઉપરી વાડી લે ?

કનુ: (કંઇક નરમાશથી) નજરે જોયું ઇ જ સાચું. માણસ આવી કાન ભંભેરે ઇમ મનમાં રાખીયેં તો નેહ મંડઇ જાય, સમજ્યા? કોઈનું કીધું નો મનાય.

ખોડો: તારી મા છે તે, જા તું વાંહે!

કનુ: (સ્હેજ ચીડાઇને) જુવાનીનો આ તોર ઘડપણમાં નઈ જંપવા દે, હા!

[બેચર પ્રવેશે છે. ઉમરમાં પીઢ લાગે છે. કનુ ઓઢણાનો છેડો મોં તરફ તાણીને આઘી ઊભી રહે છે. બેચરના મોં પર પરસેવો અને ધૂળનાં રજકણો ચોંટ્યાં છે. પગ ઓઘરાઓઘરા છે. એના કેડિયા પર છારીનાં વળિયાં પડી ગયાં છે. ગરદન પરના ભાગમાં છારીની સફેદ ખડપલીઓ ચોંટી છે.]

બેચર: ખોડા ! ભઇ ! (બેચરનાં મોં પર વ્યગ્રતા નથી માત્ર ઉતાવળ અને થાક જ દેખાય છે.)

ખોડો: આવ્ય ભઈલા !

બેચર: તાલુકેથી આવું છું. તારે મારી આબરૂ રાખવી જોશે. આ કાગ તો કાઢવું ....

ખોડો: કયું ? બોલ તો ?

બેચર: કેમ ? માને મેં વાત કરી'તી ને ?

ખોડો: શીની ?

બેચર: તે મા હજી આંઇ નથી આવ્યાં ? મને તો કીધું'તું કે ભઇ પાંહે તૂટતી રકમ કઢાવીને ઇને તારી વાંહોવાંહ જ મોકલું છું. તને નથી ખબર ?

ખોડો: ના ભઇ !

બેચર: બાવળવાળી વાડી, તારા ને મારા ભાગમાં સાટવી.... ને ઈ સારૂં....ઇની વાત કરવા મા....

ખોડો: મા ?

બેચર: હા, મા. તને વાત કરવા સવારના ઘરેથી મારી હારે જ નીકળ્યાં'તાં. હું સીધો પાટીએ તાલુકે કાગળ લેવા ગિયો. વાંહેથી ન્યાંકણે તારી સારીપેઠ વાટ જોઈ, પણ.... જો ને, હાલતો જ આવી પુગ્યો, તું નો આવ્યો તે !

[ખોડો વિચારમાં પડે છે. તે જ વખતે ગાડાના આવવાનો અવાજ સંભળાય છે]

ખોડો: (આક્રંદથી બોલી ઊઠે છે) ભઈ ! ભઇ ! !

[બેચર ખોડાના આ 'ભઇ'નાં સંબોધનો સાંભળી વિચારમાં પડે છે. 'ભઇ' શબ્દનું કારુણ્ય તેને મૂંઝવે છે. ચોકમાં આવી ગાડું ઊભું રહે છે. બળદના ગળે બાંધેલ ઘંટડીઓનો રણકાર સાંભળતાં ખોડો કંઈક બેભાન જેવો થઈ જાય છે. બે જુવાનિયા ઝોળી ઉપાડીને અંદર પ્રવેશે છે. કનુ લીમડીના ઝાડ નીચે ખાટલો લાવીને ઢાળે છે ને તેના પર ધોળું બાસ્તા જેવું ગોદડું લાવીને પાથરે છે જુવાનિયા ઝોળીને તે ખાટલા પર મૂકે છે. તેમાં હરખાં મા છે કપડાં ઠીકઠાક કરીને તેમને લાંબાંલસ ખાટલા પર સુવાડવામાં આવે છે હરખાં માને જોઈને બેચર સડક થઈ જાય છે !]

બેચર: હરખાં મા !

[લીમડી માથે ચકલીઓ ચીંચીં કરી મૂકે છે. કનુ પાણી લાવીને હરખાં માને છાંટે છે. ખોડો શુદ્ધિમાં આવે છે. હરખાં માના પગમાં લાંબોલસ થઇને પડે છે. કનુ હરખાં માના પગ દાબે છે. હરખાં માની આંખો અધમીંચી છે.]

ખોડો: મા ! મા ! મારા પાપે ....

બેચર: ના, આ તડકામાં મારે જ માને.... મારા લોભમાં માનું ખોળિયું ....

ખોડો: મા ! મા ! એકવાર ઉત્તર આપ્ય !

કનુ: (ધીમેથી) સાંહતા રીયો !

બેચર: માડી ! માડી !

કનુ: (આમન્યાવાળા ધીમા વેણથી)ડીલે એવું વાગ્યું લાગતું નથી.

બેચર: વાગ્યું ....?

કનુ: ખાડચમાં ગાડું ઊંધું પડી...

ખોડો: મા ! મા ! મને વીસરી ગઈ? એકવાર હાકલો કર્યે ને !

કનુ: મા ! મા ! માડી ! (સાદ ફાટ્યા જેમ ભરડાઈ જાય છે. હરખાં માની આંખો ઊઘડે છે.)

ખોડો: મા ! મારા પાપે તારી આ દશા ! (બેચર તરફ ફરીને કનુ તરફ આંગળી ચીંધીને) આનું કે'ણું નો માન્યું હોત તો હું નરકમાં જ સડત. (હરખાં મા કંઈક શુદ્ધિમાં આવે છે ને ધીમેથી બોલે છે.)

હરખાં મા: હેમખેમ ખોડા, તું ને મને સપનું એવું.... હેમખેમ ને ?

ખોડો: હેમખેમ !

(પડદો.)

(ભજવવા ઈચ્છનારે લેખકને ૫, સરસ્વતી સોસાયટી એલિસ બ્રિજ અમદાવાદ-૬ એ સરનામે પુછાવવું.)


કસોટી

તમારાં સામાન્ય જ્ઞાન અને બુદ્ધિની ચકાસણી કરતા નીચેના પ્રશ્નોના ઉત્તર આ અંકમાં બીજે આપેલા તો છે જ; પણ માત્ર કુતૂહલથી અગર આળસથી તે જોવાની ઉતાવળ કર્યા વિના તમે તમારી મેળે આમાંના કેટલા ઉત્તરો શોધી કાઢી શકો છો તે તો જુઓ.

(૧) એક નિશાળમાં ૫૫ છોકરાં હતાં. તેને એક ટોપલો ભરીને ફળ વહેંચ્યાં. ટોપલામાં ૪૮ નારંગી, ૩૯ જામફળ અને ૪૩ કેળાં હતાં. ફળ એવી રીતે વહેંચ્યા કે બધાં છોકરાંને હારબંધ ઊભા રાખ્યાં. પછી ડાબી બાજુથી શરૂ કરીને દરેકને પહોંચ્યાં ત્યાં સુધી એકએક નારંગી આપી. પછી જમણી બાજુથી શરૂ કરીને દરેકને પહોંચ્યાં ત્યાં સુધી એકએક કેળું આપ્યું; ને ફરી પાછું ડાબી બાજુથી શરૂ કરીને દરેકને પહોંચી રહે ત્યાં સુધી એકએક જામફળ આપ્યું. તો કેટલાં બાળકોને ત્રણ ફળ મળ્યાં, કેટલાંને બે અને કેટલાંને એક? આ પ્રશ્નનો ઉત્તર કેટલો વહેલો આપી શકો છો તેના પર ખરી કસોટી છે.

(૨) એક મોટી વ્યક્તિ અને એક નાની વ્યક્તિ રસ્તે થઇને જાય છે. નાની વ્યક્તિ એ મોટી વ્યક્તિનો દીકરો છે; પણ મોટી વ્યક્તિ એ નાની વ્યક્તિનો બાપ નથી. ત્યારે એ કોણ હશે ?

(૩) ચંદુ કલાકના ૪ માઇલ લેખે અને બાલુ કલાકના ૩॥ માઇલ લેખે ચાલતા પોતપોતાને ઘેરથી સવારે દસ વાગ્યે એકબીજાને બરોબર અધવચ્ચે મળવા માટે નીકળ્યા. ચંદુ પહેલો પહોંચ્યો અને રાહ જોઈ તો બાલુ ૧૫ મિનિટ પછી આવ્યો. તો તે વખતે કેટલા વાગ્યા હશે ?



૯૪ ૧૫ ૫૯ ૩૭ ૪૮
૭૨ ૮૩ ૬૧ ૨૬

(૪) આ ભાઇસાહેબ કહે છે કે આ નવ ખાનામાં નીચે લખેલા નવ અંક એવી રીતે ગોઠવી આપો કે તેની વચ્ચોવચની ઊભી અને આડી બંને હારોનો, તેમજ બંને તરફના કર્ણ (diagonal)ની હારોનો સરવાળો એકસરખો ૧૬૮ આવે.

(૫) આપણે સૌ જાણીએ છીએ કે ડઝનમાં ૧ આનાવાળી ૧૨ પોસ્ટેજ સ્ટૅમ્પ હોય; પણ ડઝનમાં બે આનાવાળી કેટલી સ્ટૅમ્પો હોય?

(૬) નીચે આપેલા સામાન્ય જ્ઞાનના પાંચ પ્રશ્નોના સાચા ઉત્તર તમે આપી શકશો ? નહિતર પછી જવાબો તો બીજે આપ્યા જ છે. (ક) ક્રિકેટના પિચની લંબાઈ કેટલી હોય છે ? (ખ) નદીનો જમણો કિનારો કોને કહેવાય ? (ગ) દરિયા ઉપર કોઈ પણ રાષ્ટ્રની સત્તા કયાં સુધી ગણાય ? (ઘ) ઘોડાની ઊંચાઈ માપવા માટેનું માપ કયું ગણવામાં આવે છે? (ઙ) દુનિયામાં ઊંચામાં ઊંચો મિનારો કયો?

[મૂળ લેખક: **રવીન્દ્રનાથ ઠાકુર**] નામનો ખેલ



નાનાનપણથી જ તેણે કવિતા લખવાનું શરૂ કરેલું.

બહુ મહેનત લઇને નોટબુકમાં સોનેરી શાહીથી કિનારી આંકી. તેના પર લતા ચીતરી. અંદર લાલ શાહીથી તે કવિતાઓ લખીને રાખતો અને ખૂબ જતનથી પૂંઠા પર લખતો: 'શ્રી કેદારનાથ ઘોષ'.

એક એક કરીને એમાંનાં કાવ્યો તે પત્રોમાં મોકલવા લાગ્યો. પણ ક્યાંય કાંઈ છપાયું નહિ.

મનમાં ને મનમાં એણે નિશ્ચય કર્યો કે જ્યારે હાથમાં પૈસા આવે ત્યારે પોતે જ એક પત્ર બહાર પાડવું.

બાપના મૃત્યુ પછી વડીલો વારંવાર કહેતા, 'કોઇ એકાદ ધંધે લાગી જા; ખાલી લખવામાં જ વખત બગાડ નહિ.'

તે જરાક હસી લેતો અને વળી લખવા મંડી પડતો. એક . . . બે . . . ત્રણ ચોપડી તેણે વારાફરતી છપાવી.

આને લીધે ખૂબ આંદોલનો થશે એમ તેણે આશા રાખી હતી. કંઈ ન થયું.

૨

એક વાચકના મનમાં આંદોલન થયું. તે તેનો ભાણેજ હતો.

હમણાં જ કખગઘની બારાખડી શીખતો હતો, એટલે જે કોઇ ચોપડી હાથમાં આવતી તેના પર મંડી પડતો.

એક દિવસ એક ચોપડી લઇને હાંફતો હાંફતો મામા પાસે આવ્યો. કહ્યું, 'જુઓ જુઓ, મામા, આ તો તમારું નામ !'

મામા જરાક હસ્યા અને લાડથી છોકરાના ગાલ પર ટપલી મારી.

મામાએ તેની પેટી ખોલીને એક બીજી ચોપડી કાઢીને કહ્યું, 'ઠી . . . ક, આ વાચ જોઉં.'

ભાણો એકએકઅક્ષરજોડીને મામાનું નામ વાંચી ગયો. પેટીમાંથી બીજી એક ચોપડી કાઢી તેમાં પણ વાંચી જોયું તો મામાનું નામ!

એક પછી એક એમ ત્રણે ચોપડીમાં મામાનું નામ વાંચ્યું. એટલે હવે તેને એટલાથી જ સંતોષ ન થયો. બે હાથ પસારીને બોલ્યો, 'તમારું નામ તો કેટલી કેટ . . . લી બધી ચોપડીઓમાં છે. એક . . . સો . . . ને ચો . . . વીસ ને . . . સા . . . ત ચોપડીઓમાં!'

મામા આંખ મીંચીને બોલ્યા, 'એ તો ધીમે ધીમે ખબર પડશે.'

ભાણો ત્રણેય ચોપડીઓ લઇને કૂદતો કૂદતો ઘરની બુઢ્ઢી નોકરડીને બતાવવા લઇ ગયો.

૩

એવામાં મામાએ એક નાટક લખ્યું. છત્રપતિ શિવાજી હતા તેના નાયક.

દોસ્તો કહેતા, 'જરૂર, આ નાટક થીએટરમાં ભજવાશે.'

મનમાં મનમાં પણ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું કે રસ્તા યે રસ્તામાં અને ગલીએ ગલીમાં તેના નામની અને નાટકની જ બધા શહેરભરમાં વાતો ચાલી રહી છે.

આજે રવિવાર છે. તેના થીએટરપ્રેમી દોસ્તો થીએટરવાળાની પાસે અભિપ્રાય લેવા ગયા છે. એટલે તે રસ્તા પર જ તાકી રહ્યા છે.

રવિવારે તેના ભાણેજને પણ રજા. આજે સવારથી તેણે એક રમત શોધી કાઢી છે. અન્યમનસ્ક મામાના લક્ષમાં એ આવ્યું નથી.

એની નિશાળ પાસે એક છાપખાનું છે. ત્યાંથી ભાણો પોતાના નામનાં કેટલાંક બીબાં ઉપાડી લાવ્યો છે. તેમાંનાં કેટલાંક નાનાં છે, કેટલાંક છે મોટાં.

જે કોઇ ચોપડી મળે છે તેના પર સીસાના એ અક્ષર પર શાહી લગાડી લગાડીને પોતાનું નામ એ છાપે છે. મામાને આશ્ચર્યમાં નાખી દેવા હતા.

૪

આશ્ચર્યમાં નાખી દીધા. મામાએ એક વખત દીવાનખાનામાં આવીને જોયું તો છોકરો ભારે કામમાં હતો.

'કેમ કાનાઈ, શું કરે છે ?'

ભાણેજે ખૂબ ગર્વપૂર્વક બતાવ્યું કે પોતે શું કરે છે. માત્ર ત્રણ ચોપડી પર નહિ, પણ ઓછામાં ઓછી પચીસ ચોપડી પર છે કાનાઈનું છાપેલું નામ.

'આ શી ધમાલ ? ભણવાગણવાનું નામ નહિ ને બસ રમત રમત ને રમત! અને તે પણ કેવી રમત ?'

કાનાઇએ બહુ યત્ને આણેલાં બીબાં મામાએ તેના હાથમાંથી છીનવી લીધાં.

કાનાઇ મોટેથી રડવા લાગ્યો; ત્યાર પછી ડુસકે ડુસકે રડવા લાગ્યો; અને પછી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. કેમે કર્યો છાનો રહેતો નથી.

બુઢ્ઢી નોકરડીએ આવીને પૂછ્યું, 'શું છે બાબા ?'

કાનાઈએ કહ્યું, 'મારું . . . . નામ.'

માએ આવીને કહ્યું, 'શું રે કાનાઈ, શું છે?'

કાનાઇએ રડતાં રડતાં કહ્યું, 'મારું..નામ.'

નોકરડીએ એક પૂરી આપી. જમીન પર ફેંકીને તેણે કહ્યું, 'મારું . . . .નામ.'

માએ આવીને કહ્યું, 'કાનાઈ, આ લે તારી રેલગાડી.'

કાનાઈ રેલગાડી ફેંકી દઇને કહે, 'મારું.... નામ.'

૫

થીએટર પરથી દોસ્ત આવ્યા.

મામા દરવાજા પર દોડતા જઇને પૂછવા લાગ્યા, 'શું થયું?'

દોસ્ત કહે, 'એમને પસંદ ન પડ્યું.'

કેટલી યે વાર ચૂપ રહ્યા પછી મામા બોલ્યા, 'મારું બધું યે ભલે જતું રહે, પણ હું પોતે જ થીએટર ખોલીશ.'

દોસ્તે કહ્યું, 'આજે ફૂટબોલ મૅચ જોવા નથી જવું ?'

એણે કહ્યું, 'આજે મને તાવ જેવું લાગે છે.'

સાંજે માએ આવીને કહ્યું, 'ખાવાનું ઠંડું થઇ ગયું.'

એણે કહ્યું, 'ખાવું નથી.'

રાત્રે પત્નીએ આવીને કહ્યું, 'તમારો પેલો નવો લેખ સંભળાવોને !'

એણે કહ્યું, 'માથું ચડ્યું છે.'

ભાણેજે આવીને કહ્યું, 'મારું નામ પાછું આપી દો.'

મામાએ ચિડાઈને તેના ગાલ પર એક તમાચો ચોડી કાઢ્યો !

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

કચ્છનાં કીર્તિમંદિરો ૪–અંજાર (ચાલુ)

એ પડોશી-પ્રાંતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો પરિચય આપતી લેખમાળા

લેખક
શ્રી રામસિંહજી રાઠોડ
ડા. ડો. આર.

જમાનાના પલટાઓની પલટાતી અસર થયા સિવાય અન્ય મહત્ત્વનું તો અંજારના ઇતિહાસમાં ક્યારે ય ખાસ કાંઈ બન્યું નથી. રાઓશ્રી ખેંગારજી પહેલાએ કચ્છ સર કરતાં વિ. સં. ૧૬૦૨ના માગશર વદ ૮ ને રવિવારના દિને અંજારને પણ તોરણ બાંધી તેની મહત્તા વધારી. રાઓશ્રી દેશળજી પહેલાએ ઈ. સ. ૧૭૩૦ લગભગ દેવકરણ શેઠ હસ્તે અંજારને ફરતો ગઢ બાંધી તેને રક્ષિત બનાવ્યું. રાઓશ્રી ગોડજીના સમયમાં દેવચંદ શેઠના ભાઈનું વર્ચસ્વ અંજાર પર કેટલોક વખત ચાલ્યું. સને ૧૭૮૪માં ભુજના અમાત્ય વાઘા પારેખના વહારે રાઓશ્રી રાયધણજી સામે વાઘાના ભાઈ કોરાની સરદારી તળે અંજારથી ૪૦૦ માણસો ગએલાં. તેઓ ભુજમાં દગાથી કત્લ થયા કે દારૂના ધુમાડાથી ગુંગળાઈ મૂઆ. હિંદુ-મુસ્લિમના ભેદ નહિ પરખાતાં એ બધાં શબોને જ્યાં અવલમંજલ પહોંચાડવામાં આવ્યાં એ તેમનું મસાણ ભુજમાં વાઘાસર કોરાસર નામે જાણીતું છે. પણ પછી સને ૧૭૮૬માં અંજારના મેઘજી શેઠે રાઓશ્રી રાયધણજીને તેમની બેફામ અવસ્થામાંથી સંયમમાં લીધા; અને રાઓશ્રીના નાના ભાઈ પૃથુરાજજીના આધિપત્ય તળે 'બાર ભાયા' નામે બાર સભ્યોનું એક મંત્રીમંડળ રાજ્ય ચલાવવા નીમ્યું તેમાં જ્યારે મતભેદ ઊભો થયો ત્યારે મેઘજી શેઠ પર કેટલાક સભ્યોને ઝેર દેવાનું આળ મુકાયું, એટલે મેઘજી અંજાર જઈ ત્યાં સ્વતંત્ર કારભારી તરીકે પોતાની સત્તા જમાવી બેઠો. પણ ફતેહમહમદે જોરમાં આવી બધાને દબાવ્યા અને શાંતિ સ્થાપી. ફત્તેહમહમદની વધતી જતી સત્તા રાઓશ્રી પૃથુરાજજીને નહિ ગમતાં ફત્તેહમહમદે વિગ્રહને વિસ્તારનો અટકાવવા અંજાર જઈ રહેવાનું પસંદ કર્યું. ફત્તેહમહમદે પોતાની તથા કચ્છની પ્રતિષ્ઠા દૂર દેશોમાં ફેલાવી હતી. મ્હેસૂરના ટીપુ સુલતાન સાથે તેને મિત્રાચારીભર્યો ગાઢ સંબંધ હતો. તેમની વચ્ચે પત્ર-વ્યવહાર હતો અને અવારનવાર તેઓ પરસ્પર ભેટ સોગાદોની આપલે કરતા. ફત્તેહમહમદને શેરેન્દીન સુલતાન ટીપુએ એ રીતે પુરસ્કાર તરીકે શ્રીરંગપટ્ટમની બનાવટની એક તોપ અંજાર મોકલાવી હતી.[૪] સને ૧૮૦૦માં ફત્તેહમહમદને મળેલ પટા પ્રમાણે અંજારમાં શાંત રહી તેણે અંજારનો વેપાર વધાર્યો અને સને ૧૮૦૨ લગભગ તુણા બંદરને આબાદ કર્યું. આ બધાના રક્ષણ અર્થે તેણે સારા સૈન્ય જમાવ્યું. તેમાં તેને પુષ્કળ ખર્ચ થયું. એટલે આશાકરણ શા પાસે ખર્ચ માગ્યું. આશાકરણે હંસરાજ સાથે તરપટ કરી તેને અંજાર પર હુમલો લઈ આવવા આમંત્ર્યો અને પોતે તેમાં જોડાયો. પણ થોડા સમયમાં તેમને પાછા પડવું પડ્યું. બીજી વખત એ રીતે જ તેમણે હુમલો કર્યો તેમાં પણ તેઓ નાસિપાસ થયા. રાઓશ્રી ભારમલજીના સમયમાં ફત્તેહમહમદનો પુત્ર હુસેનમિયાં કંઈક જોર કરી ગએલો. પણ પછી પોતાને અંજાર હમેશના માટે મળે એ શરતે તે ભુજની ચાવીઓ દરબારને સોંપી અંજાર આવી રહ્યો.

આ બધી અગડાગણ અને અંધાધૂંધીમાં છેવટે કંપની સરકાર તરફથી કર્નલ ઈસ્ટ ૪૦૦૦ માણસોના સૈન્ય સહિત અંજાર પર ચડી આવ્યો. હુસેનમિયા સામો થયો એટલે સને ૧૮૧૫ની ૨૫મી ડીસેમ્બરે સવારમાં ૧૦ વાગે અંજાર ઉપર હલ્લો કરવામાં આવ્યો અને સાંજ પહેલાં અંજાર બ્રિટિશ શરણે આવ્યું. બીજે દીવસે તુણા બંદરનો પણ




ફત્તેહમહમદ જમાદાર
જેને એક લેખકે 'કચ્છના ક્રોમવેલ' તરીકે બિરદાવ્યો છે તે, અઢારમી સદીના અંત અને ઓગણીસમી સદીની શરૂઆતમાં પોતાની બહાદુરી, બુદ્ધિચાતુર્ય અને મુત્સદીગીરીથી કચ્છના ઇતિહાસમાં અગત્યનો આંક મૂકી જનાર અગ્રણી નર (એક પ્રાચીન ચિત્ર ૩૫ થી)

એ પ્રમાણે બ્રિટિશે કબજો લીધો. બીજે વર્ષે આખું અંજાર પરગણું બ્રિટિશ સત્તા નીચે આવ્યું અને કેપ્ટન મૅકમર્ડો અંજારનો કલેક્ટર નીમાયો. ૧૮૧૯માં થએલા કચ્છના મહાન ભૂકંપમાં અંજારમાં પણ ઘણું નુકસાન થયું. લગભગ ૧૫૦૦ ઘર પડી ગયાં ને બીજી તેટલી જ સંખ્યા જર્જરિત થઈ જઈ રહેવાસ માટે નકામી થઈ પડી. ૧૬૫ માણસો તાત્કાલિક દટાઈ જઈ મૃત્યુવશ થયાં અને ઘાયલ થએલા તથા ભયભીત થઈ બીમાર થએલા કેટલા યે લોકો પાછળથી મરણ-શરણ થયા. અંજારના કિલ્લાના કેટલાક ભાગો પણ પડી ગયા અને ગામ વચ્ચે આવેલો વેરીસાલનો બુરજો (ટીંબી કોઠો) તોપખાનું દાટેના જમીનદોસ્ત થયા. આ બધાના અવશેષ તરીકે, આજના જમાનાના લાયક સરંજામોના મૃત પૂર્વજો જેવી વિવિધ પ્રકારની ઢગલાબંધ તોપો અને ગોળાનો ખડકલો અહીં કાટ ખાતો પડ્યાં છે. કચ્છની એકાન્ત અને અલગ સ્થિતિને લીધે બ્રિટિશ સરકારને કચ્છનો વહીવટ કરવો અનુકૂળ નહિ જણાતાં સને ૧૮૨૨ના મેના ૨૧મીએ, રાજ્ય ૮૮,૦૦૦ રૂા. સરકારમાં વાર્ષિક જમાબંધી ભરે એ શરતે કચ્છરાજને અંજારનો કબજો સોંપી દેવામાં આવ્યો; પણ પાછળથી જમાબંધી પણ ન લેવી એમ ઠર્યું. સને ૧૮૨૫માં સિંધના લુંટારૂઓનો જે હલ્લો કચ્છ પર થયો તેમાંથી ૮૦૦ માણસો અંજાર પર ચડી આવ્યાં. તેઓ પહેલાં ફાવ્યા, પણ પછી અંજારે મરણિયા સામનો કરતાં તેમાં પુષ્કળ મારામારી થઈ અને ધાડપાડુઓના આગેવાનનું અહીં મૃત્યુ થતાં તેઓ ભાગી ગયા. સને ૧૮૧૯માં વિ.સં. ૧૮૭૫ના જેઠ વદી ૪ ને બુધવારે ભૂકંપમાં પડી ગએલ અંજારના કિલ્લા અને બુરજો વગેરેની મરમ્મતનું કામ ફરી સને ૧૮૨૬માં શરૂ કરવામાં આવ્યું અને તેના શિલાલેખ અંજારના પાંચે નાકે નાખવામાં આવ્યા. મહારાઓશ્રી દેશળજીના હુકમથી કારભારી મે'તા મુરારજી લાધાએ ગજધર સુતાર દેવરામ હીરજી ભુજવાળાના વિચાર પ્રમાણે

[૪] આ. કે. નો કચ્છનો ઇતિહાસ; Bomb. Gaz. P. 155 F. N. 3.





કૅપ્ટન જેમ્સ મૅકમર્ડો: ઓગણીસમી સદીની શરૂઆતમાં પહેલા બ્રિટિશ રેસિડેન્ટ તરીકે કામ કરી ગએલો એ મરજીવો અને મર્મજ્ઞ કચ્છના આપ્તજન જેવો બની કચ્છમાં જ સમાએલો. અથાગ પરિશ્રમો વેઠી જે સંશોધકો ને અભ્યાસકોએ અંગ્રેજી જ્ઞાનના ખજાનાને બહુમૂલ્ય બનાવ્યો છે, ને રાષ્ટ્રીય અસ્મિતાના ભર્યા જેમણે અજાણ્યા ને અણખેડાએલા પ્રદેશોમાં અનેક હાડમારીઓ સહી એ સામ્રાજ્યને વિસ્તાર્યું છે એવા નરપુંગવોમાંનો એક આ મૅકમર્ડો અંજારમાં અમર ઇતિહાસ રચી ગયો છે. આ લેખમાં આપેલી એની પરિચયરેખા ઉપયોગી ઐતિહાસિક માહિતી ઉપરાંત પુરુષાર્થપ્રેરક જીવનસંદેશ આપી રહે છે. એનો કોઈ ફોટોગ્રાફ મળતો નથી. પણ ભદ્રેસરના વસહિકામા સલાટોએ આકારેલી એક આકૃતિ ઉપરથી, એ જમાનાની તવારીખવાર ખ્યાલી રેખાંકન લેખકે આલેખ્યું છે. ઉપર: અંજારમાંના પોતાના બંગલામાં મૅકમર્ડોએ પત્થરમાં કોતરાવેલું પોતાનું ભાવના-પ્રતીક.

(બંને સ્કેચ: રામસિંહજી)

શિલ્પી લાલા લીંબાણીના હાથથી સંવત ૧૮૭૫ના જેઠ સુદ ૫ ને સોમવારે ટીંબીકોઠાના જીર્ણોદ્ધારનું કામ સંપૂર્ણ કરાવ્યું તેનો ત્યાં શિલાલેખ છે. આ બધામાં મૅકમર્ડો તેની વિશિષ્ટતાથી અંજારમાં નામ રાખી જાય છે.

મૅકમર્ડો

જીવનસરાણે ચડી તેજીલા થતાં તો સર્વને પાણી દેખાડવાનો મોકો ત્યારે મળી રહેતો. એ સમય જ એવો હતો. એમાં મૅકમર્ડો જેવા મરજીવા અને ગરાક્રને ઝળકતાં વાર શી? ઓગણીસમી સદીની શરૂઆતમાં હજુ બ્રિટિશ સામ્રાજ્યનું ઘડતર થઈ રહ્યું હતું. અંધાધૂંધીના એ કાળમાં કચ્છના રાજકારણમાં પ્રવેશી મૅકમર્ડોએ પોતાની કાર્યશક્તિની અનોખી ભાત પાડી બતાવી છે. પણ કચ્છના એકાંતમાં એનો જીવનદીપ બુઝાઈ જતાં એના જીવનના તેજકિરણોનો પ્રકાશ કચ્છ બહારની દુનિયામાં નથી પહોંચ્યો. કચ્છમાં એક પરદેશી તત્ત્વ તરીકે દાખલ થએલો, પણ પછીથી તેના આપ્તજન જેવો બની રહી કચ્છમાં જ સમાએલો એ મૅકમર્ડો અંજારમાં તો અમર ઇતિહાસ રચી ગએલો છે.

અત્યારે પણ અંજારની રાજકારણને લગતી હરેક પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર મૅકમર્ડોનો બંગલો બની રહે છે. સને ૧૮૧૮માં અંજારમાં મૅકમર્ડોએ એ ગાળેનો એ બંગલો પોતાના ટેકરીમાંના મકાનની વિશિષ્ટ ઢબે ચણાવેલો. અંદરથી કરી પરસાળવાળા એ સાદા બંગલામાં તેના નીચેના મધ્ય ખંડની ચારે દીવાલો તેને ચિત્રોથી ચીતરાવેલી છે રામ-રાવણ યુદ્ધ, અશોકવનમાં સીતા, લંકાદહન, ગોવર્ધનધારી કૃષ્ણ, કાનગોપી, હસ્તિયુદ્ધ, મૃગયા વગેરે દૃશ્યો અને પક્ષીઓ તથા ફૂલવેલના આકારોથી સભર ભરેલી એ ભીંતો મનોહર દેખાય છે. સવા સો વર્ષ પહેલાંના એ રંગદર્શી ભીંતચિત્રો (fresco-painting)તે વખતની લલિતકળાના અચ્છા ચિતાર આપે છે. આજે પણ એ ચિત્રો એટલાં જ આકર્ષક ને તાજાં રંગેલાં હોય એવાં દેખાય છે. મૅકમર્ડોના કળાપ્રિય માનસનો આથી કંઈક ખ્યાલ થાય છે. બંગલાની હદ્દમાં દવાખાનું, બરાક, ઘોડારખાનું, સિલેખાનું, જેલ, પાયગા વગેરે આવેલાં છે; અને ટીંબી પરના એ વિશાળ ચોગાનમાં અગાઉ પર વેરીસાલનો બુરજ આવેલો છે. એ બુરજ પરથી માઈલો સુધી વાગડના ડુંગરો અને કચ્છના અખાતના કિનારા લગી નજર પહોંચે છે. બંગલાની પડખેથી પસાર થતા સરિયામ રસ્તા પર બંગલાનું પ્રવેશદ્વાર છે. તેમાં સામે જ બરાકના અગ્રભાગમાં ઓળ બેઠક પર યુનિયન જૅકને ફરકાવવાનો સ્થંભ રહેતો. ફરકતા યુનિયન જૅક નીચે એ બેઠક પર મૅકમર્ડો રૈયતની પુકાર સાંભળવા બેસતો અને ત્યાં જ બેસી તે ન્યાય આપતો. પોતાના ન્યાયાસનના પૃષ્ઠ ભાગમાં એણે પોતાનું 'કોટ ઑવ આર્મ્સ' (ભાવનાનું પ્રતીક)ગોઠવી રખાવેલું. ૨ફૂ×૩ ફૂટના માપના ઘડેલા પથ્થર પર કોરેલું એ પ્રતીક એના સ્મરણશેષ જેવું અત્યારે આપણને, મૂળ બંગલામાં ઉપર ચડવાના દાદર પડખે સચવાઈ પડેલું જોવામાં આવે છે. એમાં કંડારેલી મૅકમર્ડોની 'ઈનશા ફ'ની ભાવના અને લોકાદર સંપાદન કરવાની રીતિનો આથી ખ્યાલ આવશે.

લોકપ્રિય તો એ બહુ થઈ પડેલો. અંજારનો કલેક્ટર બની એ અંજારમાં રહેવા આવ્યો તે પહેલાં પણ ત્યાં છૂપા જાસૂસ તરીકે રહી ત્યાંની બધી પરિસ્થિતિનો અભ્યાસ કરી ગયાનું કહેવાય છે. અંગ્રેજોએ કચ્છમાં પગ મૂક્યો ને પહેલાં એ આગોતરો એક બાવાના વેશે આવીને ગામની વચ્ચે આવેલા માધવરાયના મંદિર પાસે ધૂણી નાખી રહેલો અને 'ભૂરિયા બાવા'ને નામે ઓળખાતો. એ વખતે એણે એક અવધૂત જોગી તરીકે સારી પ્રતિષ્ઠા મેળવેલી જનસમાજમાં આ રીતે ભળી જઈ પ્રજાજીવન અને પ્રદેશની સ્થિતિનો અભ્યાસ કરવા કેટલી જહેમતથી અને ચાલાકી વાપરી અજાણ્યા પ્રદેશમાં અંગ્રેજો ઘુસી ગયા તેનો, ને પોતાના રાષ્ટ્રના હિતમાં, હુબ્બે વતનના પ્રેર્યાં સામ્રાજ્યના વિકાસ માટે એ પ્રજાએ શું શું કર્યું છે તેનો આથી ખ્યાલ આવશે. આમ છૂપો અભ્યાસ કરી ગએલા મૅકમર્ડોનો જ્યારે અંજારના કલેક્ટર તરીકે અંજારમાં પ્રવેશ થયો ત્યારે, એક ચિરપરિ-



અંજારમાંનો મૅકમર્ડોનો બંગલો (ફોટો : રામસિંહજી)

ચિત વ્યક્તિની જેમ, તેણે દાખલ થતાંવેંત અંજારના લોકોને તેમનો નામોલ્લેખ કરી બોલાવતાં હેરતમાં નાખી દીધેલા! એ રીતે તે લોકો પર કાબૂ મેળવી રહ્યો. જે પ્રદેશમાં તેણે અમલ કરવાનો હતો એ કાર્યક્ષેત્રમાં કામ કરવા મૅકમર્ડોને કેવી રીતે તૈયાર થવું પડતું હતું તેનું આ સરસ દૃષ્ટાંત છે.

સને ૧૮૦૯ના તહનામા પ્રમાણે રાઓશ્રી રાયધણજી બીજાના અમલમાં કચ્છ રાજ્ય દરિયાઇ ચાંચિયાગીરીને પરાસ્ત કરવા શક્તિમાન ન થઇ શક્યું અને બ્રિટિશ સત્તાએ કચ્છના રાજકારણમાં એ બહાને માથું માર્યું. માંડવીના કારભારી શિવરાજ શાહે એ ચાંચિયાગીરીને ઉત્તેજન આપ્યું અને હુસેન નાગડા નામના એક ચાંચિયાને જમાદાર ફત્તેહમહમદે આશ્રિત ગણી રક્ષણ આપ્યું, એટલે કંપની સરકારે સને ૧૮૧૨ના અંતે જેમ્સ મૅકમર્ડો નામના એક અફસરને તેની તપાસ માટે મોકલવા નક્કી કર્યું. જો સમુદ્રીય ચોરી નહિ દબાય અને તેથી બ્રિટિશ રૈયતને થએલ નુકસાની ભરપાઇ કરવામાં નહિ આવે તો ગંભીર પગલાં ભરવામાં આવશે એવું ધ્યાનપત્ર શિવરાજ શાહ અને ફતેહમહમદને સરકાર તરફથી મોકલવામાં આવ્યું અને બીજી બાજુ મૅકમર્ડોને, કચ્છના એકેએક—તથા કરાંચી સુધીનાં પણ તમામ—બંદરોની તપાસ કરવા સૂચવવામાં આવ્યું.

લશ્કરી કામગીરીના ગુણો મૅકમર્ડોને પરંપરાથી મળ્યા હતા. તેના પિતા અને ત્રણ ભાઈઓ પણ લશ્કરી નોકરીમાં કામ કરતા હતા. મૅકમર્ડો તેના પિતાનો ત્રીજો પુત્ર હતો. કંપની સરકારની હિંદમાં વધતી જતી સત્તાના સમયે મૅકમર્ડો લશ્કરમાં ભરતી થયો. હિંદની પશ્ચિમ કંઠારે જાણીતા થઈ ગએલા કર્નલ એલેકઝાંડર વૉકર તે વખતે વડોદરામાં રેસિડન્ટ હતા. તેમના હાથ નીચે કામ કરવાની ફુરસદ તક મૅકમર્ડોને સાંપડી. પોતાની કામ કરવાની ધગશ અને ઉચ્ચાશયને લીધે મૅકમર્ડોનું ચારિત્ર્ય ત્યાં દીપી નીકળ્યું. વડોદરા, બાવાગઢ અને માળિયાના જંગમાં તેનું કાર્ય પ્રશંસાપાત્ર નીવડ્યું, એટલે લેફ્ટેનન્ટ જનરલ ધી ઑનરેબલ સર જૉન એબરક્રોમ્બીના અંગત રસાલામાં જોડાઈ તેને આઇલ ઑવ ફ્રાન્સની વિજયી ચઢાઇમાં યશસ્વી કામ કરવાનું મળ્યું. તે પછી હિંદની પશ્ચિમ કંઠારે કામ કરતાં મૅકમર્ડોએ ગુજરાતી ભાષા પર સારો કાબુ મેળવી લીધો; અને એ તરફના લોકજીવનનો અભ્યાસ કરી લઈ તેમના વ્યવહાર અને રીતભાત જાણી તેમનાં મન રાજી કરવાની કળા હસ્તગત કરી. આ બધા ગુણો તેને તેના રાજદ્વારી જીવનમાં ઘણા ઉપયોગી નીવડ્યા. લશ્કરી કામગીરીમાં પણ એક પક્કા મુત્સદ્દીની ખાસિયતો તેણે દેખાડી, તે પરથી તેને રાજદ્વારી ક્ષેત્રમાં ખેંચી લેવામાં આવ્યો; અને પછી કચ્છના એજન્ટ તરીકે નીમવામાં આવ્યો.

ઇ. સ ૧૮૧૩ના ફેબ્રુઆરી માસમાં મૅકમર્ડો કચ્છના કાંઠે પહેલી વખત ઊતર્યો. માંડવીના કારભારી શિવરાજ શાહ અને જમાદાર ફત્તેહમહમદ પરના પત્રો તેમને સુપ્રત કરી તે વિષે યોગ્ય વ્યવસ્થા કરી. પછી મૅકમર્ડો સિંધ કંઠારની તપાસે ચાલ્યો. એ કામમાં તેને જિંદગીના જોખમે અનેક સાહસોનો સામનો કરવો પડ્યાં હતો. એક વખત સિંધના આંતરપ્રદેશમાં તે તપાસ અર્થે ઊતર્યો ત્યારે પાછળ વહાણ કિનારેથી ક્યાંક વહી ગયું. તેની સાથે તેના સાથીદારોમાં માત્ર બે હિંદી માણસો હતા. સિંધીઓ તરફથી અનેક ત્રાસ સહન કરતો, રણમાં ભૂલો પડતો કે રણનો કીચડ ખૂંદતો અને ખાવાપીવાના સાંસા ભોગવતો રખડતો રઝળતો તે માંડ લખપત પહોંચ્યો, અને ત્યાંથી પછી સને ૧૮૧૩ની કાંઠે માર્ગે માંડવી પહોંચ્યો. ત્યાં જઈ જોયું તો તેનું સિંધથી ઊપડી ગએલું વહાણ પણ-માંડવી આવી ગયું હતું. કચ્છમાં જમાદાર ફત્તેહમહમદે તેને બહુ દાદ દીધી નહિ. ત્યાંથી તે ઓખામંડળ ગયો અને દ્વારિકા તરફના સમુદ્રદસ્યુ વાઘેરોને દબાવવાના કાર્યમાં લાગી ગયો. અહીં મળેલી નવરાશમાં તેણે ઓખાના ઈતિહાસની વિગતો ભેગી કરી અને 'કોર્ટ ઑવ ડાયરેક્ટર્સ'ને માહિતી માટે મોકલાવી. આવી વિગત રાજદ્વારી સંબંધો પરત્વે બહુ મહત્ત્વની પુરવાર થતાં મૅકમર્ડોનું કામ ખૂબ વખણાયું. આ પરથી બીજા અધિકારીઓને પણ તેનું અનુકરણ કરવા સૂચવવામાં આવ્યું.

અહીં બેઠાં મૅકમર્ડોને ખબર મળ્યા કે કાસુ નામનો દ્વારિકા બેટ પાસે કેટલાંક વહાણોને લૂંટી ગયો; અને બીજું એક વહાણ પશ્ચિમ કંઠારે લુંટાયાના સમાચાર પણ તેને મળ્યા. એટલે ફરી તે માંડવી આવ્યો. તો ત્યાં ખબર મળ્યા કે એ નામવાળાઓને ભુજમાં રક્ષણ મળ્યું છે. વાગડના ખુશ્કી લૂંટારા પણ કાઠિયાવાડમાં ત્રાસ વર્તાવતા હતા. આ બધી વસ્તુસ્થિતિ કાબૂમાં લઈ સમાલી લેવા ફત્તેહમહમદ જમાદારને પત્રોથી કહેવડાવવામાં આવ્યું, પણ તે વાતો પૂરતી રીતે લક્ષમાં લેવાયલી જોવામાં આવી નહિ. દરમ્યાનમાં મૅકમર્ડોને મોરબી જઈ રહેવાનો હુકમ મળ્યો. આ પછી તરત ફત્તેહમહમદ મૃત્યુ પામ્યો. તેના પુત્ર હુસેનમિયાં સાથે સહકાર સાધી તેના આમંત્રણથી સને ૧૮૧૪ના એપ્રિલમાં મૅકમર્ડો ફરી ભુજ ગયો અને મૅકમર્ડોની સૂચનાથી વાગડમાં શાંતિ સ્થાપવા હુસેન રવાના થયો. પણ તેનાથી કાંઇ થયું નહિ અને ઊલટું બીકનો માર્યો તે અંજારમાં ભરાઈ રહ્યો. સને ૧૮૧૪ના જ જુલાઈમાં મૅકમર્ડો ફરી ભુજથી મોરબી આવ્યો. સને ૧૮૧૨ના દુકાળથી અને લૂંટારૂઓથી આ તરફ ઝાલાવાડ ત્રાહિમાન બન્યું હતું. જીવના જોખમે ધાડપાડુઓનો પીછો પકડી તેણે ઝાલાવાડને રાહત આપી. મૅકમર્ડોના માથા માટે આવી ધાડમારૂ ટોળીઓ તરફથી ઈનામો જાહેર થયાં. સને ૧૮૧૫ના ઑગસ્ટની ૩૦મીએ વાગડના લૂંટારૂઓએ ધાંટીલા પાસે મૅકમર્ડોના કૅમ્પ પર હલ્લો કર્યો અને તેમાં પુષ્કળ ઝપાઝપી થઇ. આ મારામારીમાં ખૂબ માણસો કામ આવ્યાં. કાઠિયાવાડની આ પરિસ્થિતિ અને તેના ઇતિહાસનો અહેવાલ તૈયાર કરી ફરીથી મૅકમર્ડોએ સરકારમાં મોકલ્યો.

આ તરફ સને ૧૮૧૫માં ઉપર્યુક્ત સબળ કારણોના ઓઠા હેઠળ કર્નલ ઈસ્ટે કચ્છ પર ચડાઇ કરી અંજાર લીધું અને પછી ત્યાંથી ભુજ તરફ આગળ વધી સને ૧૮૧૬ની ૩જી જાન્યુઆરીએ લાખોંદમાં પડાવ નાખ્યો. એટલે ભુજના એલચીઓ અને કૅપ્ટન મૅકમર્ડો વચ્ચે મુલાકાત ગોઠવાઇ અને ૧૪મી જાન્યુઆરીએ તહનામું થયું. બંને સત્તાઓએ મિત્રતા અને શાંતિથી રહેવા સવિસ્તર વિગતભર્યા કરારો કર્યા. આ કરારોની રૂએ કંપની સરકારને મદદ માટે અંજાર અને તેની તાબેનાં ૨૩ ગામોનો ભોગવટો મળ્યો. વાગડમાં શાંતિ સ્થપાયા બાદ મૅકમર્ડોને ભુજના રેસિડેન્ટ અને અંજારના કલેક્ટર તરીકે નીમી તેના સૈન્ય સહિત અંજારમાં રાખવામાં આવ્યો. સને ૧૮૧૮માં ફરી તેની સામે હુમલો લાવવાની તરકીબો ગોઠવાઇ, પણ પેરવીથી મૅકમર્ડોએ તેને સમયસર અટકાવી દીધી. કચ્છના રાજકારણમાં એ વખતે ચિત્રવિચિત્ર ફેરફારો થઈ રહ્યા હતા ને અંધાધૂંધી પ્રવર્તતી હતી. પરિણામે રાઓશ્રી ભારમલજીને રાજ્યપ્રવૃત્તિમાંથી નિવૃત્ત કરી બાળ રાઓશ્રી દેશળજીને ગાદી સોંપાઈ અને રીજન્સી કારભાર ચાલવા લાગ્યો. એ રીજન્સીના પ્રેસિડેન્ટ તરીકે થોડો વખત કામ કર્યા પછી તો તરત જ મૅકમર્ડોની કારકિર્દીનો અંત આવે છે.

આ સમયની અને સને ૧૮૧૮ની કચ્છની પરિસ્થિતિનો મૅકમર્ડો

અચ્છો અને આબેહૂબ ચિતાર આપે છે. કુદરતથી અવગણાએલી કચ્છની ભૂમિને અને લોકોની ગરીબીને તે વિસ્તારથી વર્ણવે છે અને કહે છે કે કુદરત તરફથી જેને અતિ અલ્પ સહારો મળ્યો છે એવા કચ્છ દેશમાં માત્ર અનુમાન પ્રમાણમાં કાંઈક સત્ય છે. તેણે કરેલા પ્રજાજીવન ને પ્રદેશનાં વર્ણનોના રીપૉર્ટો લશ્કરી અને રાજકીય નજરે ચોક્કસ ચિતાર આપતા હોઇ તે સમયે સરકારી દફતરે બહુ ઉપયોગી નીવડયા છે અને આપણને પણ તે વખતની સ્થિતિનો ખાસ્સો ખ્યાલ આપે છે. મૅકમર્ડોએ લખેલું એ સાહિત્ય ખાસ નોંધપાત્ર છે.[૫]

સને ૧૮૧૯ના જૂનની ૧૬મીએ કચ્છમાં ભયંકર ભૂકંપ થયો તે વખતે બનેલા નિરાશ્રિતોને પુષ્કળ જહેમત લઈ આશ્રય આપીને તથા ભૂકંપનું સત્ય સ્વરૂપે કારણ સમજાવીને તેણે લોકજીવનમાં અજબ હિંમત પ્રસરાવેલી. એ પ્રલયંકર ધરતીકંપ અને તેનાથી થએલી ખાનાખરાબીનું મૅકમર્ડોએ તાદૃશ બયાન આપ્યું છે અને ભૂસ્તરમાં થએલા ફેરફારોનું રસિક વર્ણન કર્યું છે. 'કચ્છનું રણ પહેલાં દરિયો હતું અને તેનું તળિયું ઊંચું ચડી આવતાં તે રણ થયું છે' એ માન્યતા સાથે મૅકમર્ડો સહમત હતો. એ વિષેનું અને સિંધુના પ્રવાહ તથા તેની શાખા કોરીના વહનમાં થએલા પલટાઓ માટેનું તેનું સંશોધનકાર્ય ચાલુ હતું અને ત્યાંની પુરાતન સ્થિતિ પર નવો પ્રકાશ પાડવાની તેની ધારણા હતી. આ મૅકમર્ડો કચ્છના ભૂસ્તરના સૌથી પ્રથમ થએલા અગ્રેસર અભ્યાસકોમાંનો એક હતો. મને જેમણે ભૂસ્તરશાસ્ત્રમાં રસ લેતો કર્યો અને જેઓ ચાલીસ વર્ષના એકધારા અનુભવે કચ્છની ભૂમિ ને ભૂસ્તરના અત્યારે એકલા અને અજોડ અભ્યાસી છે તે મારા મુરબ્બી મિત્રવર્ય મિ. જ્હૉન હુબર્ટ સ્મિથ[૬] સાથે મૅકમર્ડોની વાતો કરતાં આ વસ્તુ તરફ મારું ખાસ લક્ષ ખેંચાયું. એ પ્રમાણે કૅપ્ટન મૅકમર્ડો પોતાની નોકરી અંગેની ફરજો બજાવતાં સાથેસાથે સતત વિજ્ઞાનવિકાસમાં પોતાનો મહત્ત્વનો ફાળો આપી રહ્યાં હતો.

વાગજડ વાગડમાં અપાર મુશ્કેલીઓનો સામનો કરતો મૅકમર્ડો ત્યાંના ધાડપાડુઓને ઝબ્બે કરી લોકોમાં શાંતિ સ્થાપી રહ્યો હતો. આમ ઘૂમતાં ઘૂમતાં કચ્છના આત્યન્તિક પૂર્વ છેડે થાણું નાખવાની એ યોજના ઘડી રહ્યો હતો, ત્યાં, નાના રણને કાંઠે; એ એકાન્ત રણુવગડામાં તેને વરણુ સ્થાને કૉલેરા લાગુ થયો. તેની સાથે તેનો મિત્ર ડૉ. નોબેલ હતો તાત્કાલિક તબીબી સારવાર ત્યાં મળી શકે તેમ હતું જ નહિ. ઘરગથુ દવાઓનો ઉપયોગ અસરકારક ન દેખાયો. મૅકમર્ડોને મોત નિશ્ચિત જણાયું. સ્વસ્થ મને તેણે પોતે વીલ બનાવરાવ્યું અને જે સ્થળે પોતાનું મૃત્યુ થાય ત્યાં જ પોતાનું શબ દફનાવવું એમ સૂચના કરી. પછી, તેત્રીસ વર્ષની ભરયુવાન વયે શાંતિપૂર્વક મૃત્યુની રાહ જોતો તે પડી રહ્યો.


પુંઅંગથી વળતાં, રણની લાંબી મજલ કાપ્યા પછી, એ મુસાફરીના કંટાળ્યા અમે વરણુમાં વિશ્રાંતિ લેવા રોકાયા. ત્યાં મૅકમર્ડોની છત્રીને પડખે, એક જ ફળીમાં આવી રહેલી સરહદના ટપાની ચોકીમાં અમે ઉતારો કર્યો. વાગડમાં જીવજંતુઓનો વિશેષ ઉપદ્રવ રહેતાં જમીન પર સૂવું જોખમી ગણાય છે. એ ઓરડામાં લાકડાના પાટિયાને ચાર ખૂણે પથરો ગોઠવી તેની ખાટ બનાવી મૂકી હતી. તે પર આળોટતાં નીચેનો એક પથ્થર ખસી ગયો, એટલે વળી મહેનત લઈ એ બધું ગોઠવવું પડયું. આટલી તકલિફ થાય છે તો સાદો એક ખાટલો કાં નહિ મૂકયો, એમ જિજ્ઞાસાથી ટપેદારને પ્રશ્ન કર્યો. તો જાણવા મળ્યું કે વરણુપીરની[૭] નવાઈમાં તેમની આમન્યા રાખવા

5 1. Report to Government of India, Oct. 2nd 1815; 2. Memoirs on Kattywar, 1815; 3. An account of the Province of Kutch and of the Countries lying between Guzerat and the Indus, &c. Transactions of the literary society of Bombay, vol II 1820; 4. Dissertation on the River Indus (Posthumus-Journal of the Royal Asiatic Society of Gt. Bt. & Ireland V. I. 1834.

૬ જુઓ આ અંકની માધુકરીમાંનો પરિચય.

૭ વરણુ એ અર્બુદાચલ તરફનો પરમાર રાજપુત્ર હતો; અને તેણે ચોરારમાં સાતમા સૈકા લગભગ વરણુસરી વસાવ્યું. ચારણોની ગાયો ધાડપાડુઓ વારી જતા હતા તેમની વહારે ધાતાં કચ્છના નાના રણના મરડક બીડ બેટમાં તેમનું ધીંગાણું થયું. વરણુ તેમાં કામ આવ્યો વરણુનો ભાઇ વરણાઇ અને તેની બહેન શચિવરા પણ ભાઇની વહારે આવી તેની સાથેજ સમાધિસ્થ થયાં. વરણુદેવ થઇ પૂજાવા લાગ્યો. વાગડ, કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતમાં રણની





ઉપર : વરાણનું પુરાણું મંદિર જમણી બાજુ : વરાણમાં મૅકમર્ડોની કબરની છત્રી (ફોટો : રામસિંહજી રાઠોડ)

આટલો ઢાળી તે પર સૂવાની મનાઇ છે; અને મૅકમર્ડોની કબર સામે આંગળી ચીંધી એ પરચાનું પરિણામ બતાવ્યું. લોકવાયકા એવી છે કે મૅકમર્ડો વરાણુપીરની આમન્યા ન રાખી ત્યાં ખાટલો નાખી સૂતો તેથી જ તેનું ત્યાં તાત્કાલિક નિધન થયું. પછી તો પટવા રહ્યા સુખ ન જ આવ્યું. દૂરવતનથી દૂર આ પરાયા પ્રદેશમાં મૃત્યુને ભેટતાં મૅકમર્ડોને કેવી ભાવના થઇ હશે તેના વિચારોમાં ઊંડી મૅકમર્ડોના અંતિમ અવશેષોની ભાળ કાઢવા ત્યાં ફરવા માંડ્યું. પરિણામે વિશેષ થાકતાં છેવટે તો મૅકમર્ડોની છત્રી પરથી સામે પડેલા અફાટ રણવિસ્તાર પર દૃષ્ટિ શૂન્ય મનસ્ક થઈ ફરી વળી.

અથાગ પરિશ્રમો વેઠી જે સંશોધકો અને અભ્યાસકોએ અંગ્રેજી જ્ઞાનના ખજાનાને બહુમૂલ્ય બનાવ્યો છે, રાષ્ટ્રીય અસ્મિતાના અભિમાનભર્યા જેમણે અજાણ્યા અને અણખેડાએલા પ્રદેશોમાં અનેક હાડમારીઓ સહન કરી સામ્રાજ્યને વિસ્તારવા યત્ન કર્યા છે, અને Serve and Suffer (સહેવું અને સેવવું) જેમનો જીવનમંત્ર હશે, એવા નરપુંગવોમાંના એકના સ્મારક જેવી, વરણુસરીની પાળે, વરાણુપીરના મંદિરની સાન્નિધ્યમાં, મૅકમર્ડોના પરિત્યાગનો પરિચય કરાવની તેની કબર અને છત્રી, કચ્છના એ એકાન્ત ખૂણે આવેલી છે. કબર પર શ્વેત આરસની તકતીમાં કોરેલું છે:

IN MEMORIUM
Captain James Mac Murdo
First British Political Resident in Cutch
Died of Cholera at Warnu
on 28th April 1820

કચ્છના પ્રદેશમાં વરણુનો વિશેષ મહિમા છે અને સમુદ્રમાં મુસાફરી કરતાં જેમ દરિયાપીરની માનતા લેવાય છે તેમ રણમાં ફરતાં વરાણુપીરની માનતા મનાય છે. લાખાફુલાણીને પરાજિત કર્યા પછી અણહિલવાડના મૂળરાજ સોલંકીએ વરાણુનું મંદિર બંધાવ્યું એમ લોકોક્તિ છે. એ મંદિરનો જીર્ણોદ્ધાર સને ૧૮૯૨માં થયો છે. વરણુના લિંગ પર દૂધનો અભિષેક કરવામાં આવે છે ત્યારે તે તેનો મોટો જથ્થો ચૂસી શકે છે એ તેની ખૂબી ચમત્કાર તરીકે મનાય છે. વરાણુમંદિરની ટેકરી ઉપરના વિવિધ પ્રકારના પુરાણા પાળિયા ત્યાં બનેલા કેટલાય રંગભર્યા બનાવોના સૂચક છે.



સ્વ. રા. બ. માધવરાવ વિશ્વનાથ ધુરંધર

મુંબાઇ ઇલાકામાં તેમજ સારા યે હિંદુસ્તાનમાં એક વખત કળાકારોના જગતમાં જેમનું નામ સૌની જીભે હતું એવા એ મુંબઈની સરકારી આર્ટ સ્કૂલના પીઢ ધુરંધરી આ માસમાં દેહોત્સર્ગ કરી ગયા છે તે જાણી તેમના હાથ નીચે શિક્ષણ પામેલા ચિત્રકારો અને ચિત્રશિક્ષકો ખેદ પામ્યા વિના નહિ જ રહે.

૪૧ વર્ષ સુધી તેમણે મુંબઇની સરકારી કલાશાળામાં સેવા આપી હતી. તેનો તેમણે સવિસ્તર તારીખવાર વૃત્તાંત 'कलामंदिरांत एकें चाळिस वर्षे' (કલામંદિરમાં ૪૧ વર્ષ) નામની આત્મકથા રૂપે પ્રસિદ્ધ કર્યો છે. ૧૮૯૦થી ૧૯૩૧ સુધીની પોતાની એ કારકિર્દીના કાળમાં ખૂબ પ્રસિદ્ધિ પામી, સ્કૂલ ઑવ આર્ટના 'ઇન્સ્પેક્ટર ઑવ ડ્રૉઇંગ ઍન્ડ ક્રાફ્ટ'નો તેમજ ડેપ્યુટી ડિરેક્ટરનો આહ્દો ભોગવી, સરકારી ખિતાબ સાથે સારા પેન્શન પર નિવૃત્તિ લઇ, ખાર મુકામે પોતાનું 'અંબાસદન' નામનું નિવાસગૃહ બાંધી, શેષ જીવન એમણે ત્યાં જ વીતાવ્યું હતું એમનો જન્મ ઇ. ૧૮૭૧ના માર્ચની ૧૮મીએ થયો હતો, એટલે ૭૩ વર્ષ જેટલું દીર્ઘ આયુષ્ય તે ભોગવી શક્યા હતા અને એક લાંબા જીવનપટના વિવિધ અનુભવોમાંથી પસાર થયા હતા.

એક વખત એવો હતો કે મુંબાઈ ઇલાકામાં ચિત્રકળાની નોંધ કરતાં શ્રી ધુરંધરનું નામ પહેલું જ આંગળીએ ચડતું. અનેક પ્રદર્શનો અને કલા પ્રકાશનોમાં તેમની કૃતિઓ જોવામાં આવતી. ગુજરાતના નવયુગના પ્રારંભમાં રવિવર્મા પછી શ્રી ધુરંધરની પીંછીનાં ચિત્રો આદર પામ્યાં હતાં. ગુજરાતે જ તેમની કળાની પહેલી કદર કરી હતી. સ્વ. શેઠ પુરુષોત્તમ વિશ્રામ જેવા કલારસિક શ્રીમંતનો ઉદાર આશ્રય તેઓ પામ્યા હતા ને 'સુરસાગરની સુંદરી' નામના એમના પુસ્તકનાં મનોરમ ચિત્રોથી શરૂઆત કરી 'સુવર્ણમાળા'ની નામચીન ચિત્રપુસ્તિકાઓમાં તેમને અગ્રકીર્તિ મળી હતી. સ્વ. હાજીમહમ્મદે પોતાની પ્રખ્યાત ઉમરખય્યામની ચિત્રમાળા માટે પણ એમની જ પીંછી સાધી હતી. આમ, ચિત્રશાળામાં અધ્યાપક તરીકે ઊંચું સ્થાન અને લોકોમાં પ્રથમ પ્રસિદ્ધિ મેળવનાર એ કલાકારે, કમનસીબે, હિંદી કળા તરફ કેમ વિમુખપણું રાખ્યું તે આશ્ચર્ય છે. એમણે અજંતાની ગુફાઓ બહુ વહેલી જોઇ હતી, શેઠ પુરુષોત્તમનાં રાજપુત અને હિંદી ચિત્રોનો નિકટ સહવાસ અને સમાગમ એમને હતો; છતાં એ પ્રસિદ્ધ કલાકારની ટેકીએ ચિત્રકળાના આદર્શોની શુદ્ધિ કે પ્રગતિ માટે કંઈ જ સંશોધનકાર્યનો વારસો નથી આપ્યો. તે પછી શ્રી ધુરંધરની હયાતીમાં જ તરુણ કલાકારોએ નવી દિશાઓમાં સાહસિક પ્રયોગો કરી રસિકતા અને રાષ્ટ્રીયતામાં નવી કેડીઓ પાડી છે અને એ જૂના મહારથીને એકાંત, તટસ્થતા અને કરુણ ઉદાસીનતામાં આવરી લીધા છે. છતાં આજે સર્વકોઈ તેમની જીવનભરની એકસરખી રુદિબદ્ધ કલોપાસના અને ઉદ્યમશીલ જીવનને ભાવપૂર્વક અંજલિ આપે છે. તેમનાં સુપુત્રી અંબિકા ધુરંધરે પિતાની સર્વ શક્તિઓ પોતાની કળામાં અપનાવી લીધી છે. પિતાની અપૂર્ણતાઓ પૂરી કરવાનું સદ્ભાગ્ય તેમને મળે એવી વાંછના સાથે એ ભૂતપૂર્વ ચિત્રગુરુના આત્માને અમે શાંતિ ઇચ્છીએ છીએ.

રસદર્શન

સાહિત્ય, કલા, કુદરત આદિના સંપર્કથી જીવનમાં લાધેલા જે રસાનુભવોએ પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવ્યો તેનાં સંસ્મરણો

[3]

લેખક

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

ભરૂચ છેક નાનપણથી મારે બહુ વાર જવાનું થએલું છે. ત્યારે નર્મદાનાં દર્શન કરતાં હું કદાપિ ધરાયો નથી. પ્રાતઃકાળમાં તો મેં નર્મદાકિનારે જાણે સત્યયુગ વ્યાપેલો જોયો છે.

સવાર, બપોર, સાંજ ત્રણે સમયે નર્મદા નવેનવે રૂપે મેં જોયાં છે. સૂર્યોદયના રંગોથી દેદિપ્યમાન નર્મદા બપોરના તાપમાં ચમકતાં નર્મદાથી જુદાં જ છે; ને સાયંકાળની એની રૂપભરી રંગશોભા કરતાં વળી પૂર્ણિમાની ચાંદનીમાં તેની રૂપે રસેલી રૂપસૃષ્ટિ અનોખી જ હોય છે. આ સૌન્દર્યશ્રી માણતાં, હોડીઓમાં બેસીને હલેરિયાં લેતાં, સ્નાન કરતાં, સામા તટનાં નાળિયેરી અને તાડનાં ઝુંડો જોતાં હું નવા ને નવા જ વિચારોમાં ગરકાવ થયો છું. લોકોની શ્રદ્ધા ખરી છે કે જમના પાને, ગંગા સ્નાને અને નર્મદા દર્શને. જમના પાસેથી પુણ્ય મેળવવું હોય તો એનું પાન કરો; ગંગા પાસેથી પુણ્ય મેળવવું હોય તો એમાં સ્નાન કરો; પણ નર્મદાનાં તો દર્શનમાત્રથી એ પુણ્ય મળે છે.

ભરૂચથી શુક્લતીર્થ, વ્યાસબેટ, કબીરવડ, માલસર ને ચાણોદ-કરનાળી સુધીનાં જાજરમાન ને રૂપસમૃદ્ધ નર્મદા જોવાં અને એ લાંબી સફર સતત હોડીની મુસાફરીમાં ગાળવી એ સુખદ લહાવ છે અને અમે તે લીધો છે. ગુજરાત પાસે જે ધન છે તેની હું એના નર્મદાકિનારાના વૈભવરૂપી ધન સાથે સરખામણી કરું છું ત્યારે એનું નગદ ધન છેક તુચ્છ લાગે છે.

'ઊંડાં કોતર ઊતરે, ચડે ગિરિકરાડ'

એ વૈદર્ભીના વલવલાટનું વર્ણન મહીસાગરનાં કોતરો જોઈને જ પ્રેમાનંદે કરેલું એમાં શંકા નથી. એ કોતરો અને મહી નદીનો કંઈક પ્રદેશ જોવો એવો મેં મનસૂબો કર્યો હતો.

ગોધરે જતાં ગળતેશ્વર મહાદેવ પાસે મહીસાગર ગાજે છે. ત્યાં, કહે છે કે, ચંદ્રહાસનું પ્રાચીન નગર પડ્યું છે. અમે ત્યાં ફરી આવ્યા ને મહીમાં સ્નાન કર્યાં. વાસદ પાસેનાં નીચલાણનાં ગામો આગળની વિશાળ ગંભીર મહી નદી શુક્લપક્ષની રાત્રિઓએ ભોગવી. પણ સૌથી સરસ ઉપભોગ તો એ મહામાયા મહીસાગર અરબી સમુદ્રને ખંભાત પાસે મળે છે ત્યાં કર્યો. કાળા કાદવમાં પગ તો છેક ઢીંચણ સુધી ખૂંચી ગએલા, પણ મનનો કાદવ એ સ્થળે બહુ ધોવાઈ ગયો.

આમોદ પાસેની ઢાઢર નદી તો છેક જ નાની છે પણ એક વર્ષાઋતુમાં ઝરમરઝરમર વર્ષાદ આવતો હતો ને જ્યારે એ બંને કાંઠે ભરપૂર હતી, એના કિનારે લીલી ઘાસ શોભી રહી હતી અને સંધ્યા જતી હતી ને ચંદ્રી આવતી હતી, તેવખતે મેં એની રમણીયતા માણી છે.

સાત નદીઓના સંગમનું સ્થાન વૌઠા જોવાનું તો મને બહુ મન હતું. તે જોવા માટે ખાસ પ્રસંગો યોજ્યા, અને બેત્રણ વાર મિત્રમંડળ સાથે ત્યાં જઈ ઠીક સમય ગાળ્યો છે. સાત નદીઓનાં પાણી તો ખરાં, પણ ત્યાં સંગમ તો ફક્ત વાત્રક અને સાબરમતીનો જ છે. પરંતુ બે નદીઓનો તો યે સંગમ! અને તે પણ ગુજરાત પાટનગરને અડેલી વાત્રક અને સાબરમતી જેવીઓનો! જોકે તલસતું મન નિરાશ તો બહુ થયું, પણ વાત્રક ત્યાં જે મનોહારી વળાંકો લે છે તેને કિનારે કિનારે માઈલો સુધી ફરતાં એ અસંતોષ ભુલાઈ ગયો.

વાત્રકમાં મોટા મગરો પડ્યા રહે છે તૈયબઅલી ચાચાના મહમદભાઈએ અમને એ મગરોના શિકારની મોજ ચખાડી છે. હિન્દુ માણસોને શિકારનો શો ખ્યાલ? પણ હું કહું છું કે એ અનુભવ આપણા જીવનના તમામ અનુભવોથી તદ્દન જુદો જ છે. ત્યારે રુધિરાભિસરણ બહુ જોરથી થાય છે ને રગેરગે ઉદ્રેક વ્યાપી જાય છે!

કપડવણજની અજાણ પણ સુંદર મ્હોર નદીનું રૂપ મેં કઠલાલ ગામે ભોગવેલું. સરદાર વલ્લભભાઈ, સ્વ. મોહનલાલ પંડ્યા અને વામન મુકાદમની સાથે અમે કઠલાલ પાસે એમાં ખૂબ નહાયા. પણ એના સૌન્દર્યનું ખરું પાન તો નહાયા પછી પાસેની ઊંચી ટેકરી પર ચડીને એક મહાદેવની પડાળીમાંથી દૂરદૂર સુધી નજર નાખતો હું બેઠો ત્યારે કર્યું. એ પાન કરતાં જાણે તૃપ્તિ જ ન થાય. પંડ્યા કહે, 'અહ્યા, આ દાક્તર તો અમારી નદી જ આહીં પી જવા બેઠા છે!'

અને સાબરમતી? અમદાવાદમાં એને સરખેજ પાસેથી, શાહવાડી પાસેથી, જમાલપુર બહારના આશાભીલના ઓતરા પરથી, સપ્તર્ષિના આરેથી, નારાયણઘાટ ને ભીમનાથના ઓવારાઓ પરથી, હાંસોલથી, વળાદ ગામની ઊંચી ભેખડો પરથી ને સાદરાના એક મંદિરમાં બેઠબેઠ મેં અનેક રીતે, અનેક સમયે, અનેક રૂપે ભોગવી છે.

ખેડબ્રહ્મા એક કાળે ગુજરાતની સંસ્કૃતિનું કેન્દ્ર હતું. છેક ત્યાં પણ મેં સાબરને ગૌરી સ્વરૂપે જોઈ છે. એ બધું વર્ણવતાં તો મોટો લેખ થાય.

હાથમતીનું સૌન્દર્ય ભોગવવા તો ખાસ હું પ્રાંતીજના મોટા ઑખ પરના સોમનાથ મહાદેવને ઓવારે ગયો છું. એ ઑખ તો એક 'ચીજ' છે. ધોળાં અને ગુલાબી બંને પ્રકારનાં કમળો ઑખમાં થાય છે ને ઠંડા પવનની લહરીઓમાં પ્રકૃતિદેવી ત્યાં પ્રૌઢવેશમાં વિલસે છે.

સરસ્વતી પ્રાચીન કાળમાં તો ગંગા અને યમુનાની સાથે બોલાતી હતી. ભૂમિનાં અનેક કારણોને લીધે એનો પ્રવાહ ક્ષીણ અને લુપ્ત થઇ ગયો. પાટણ પાસે તો એને જોઇને જીવ બળે છે. પણ સિદ્ધપુરમાં રુદ્રમહાલયોનાં ખંડેરો જોઇને અમે સરસ્વતીકિનારે ગયા. ત્યાં તો અમને ખરેખર તીર્થ જેવું લાગ્યું હતું. અને એ 'તીર્થસલિલ' અમને એકલાને નહિ પણ ઉત્તર ગુજરાતનાં હજારો સ્ત્રીપુરુષ અને બાળકોને આશ્વાસન દઇ રહ્યું છે.

ઊંટડીઆ (ઉત્કંઠેશ્વર) મહાદેવ પાસે વાત્રકમાં ઝાંઝરી અને કેદારી એ બે નાની નદીઓ થોડેથોડે અંતરે મળે છે. ઝાંઝરી જ્યાં વાત્રકને મળે છે ત્યાં એક ગોળ ચોતરો છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'માં કુસુમને તણાતી તણાતી આવી ત્યારે બચાવાએલી કહી છે તે આ જ જગ્યા પરથી. વાત્રકકિનારાનું ઉત્કંઠેશ્વરનું એ સ્થળ તો ખરેખર ગુજરાતને ગૌરવ અપાવે એવું નિસર્ગમનોહર છે.

ગિરનાર જોયે બહુ વખત થઈ ગયો હતો ને પહાડો જાણે પુકાર કરી રહ્યા હતા. એટલે એક વર્ષે રાજપીપળાની સારસા ટેકરી, બીજે વર્ષે પાવાગઢ ને ત્રીજે વર્ષે પાલીતાણાનો શત્રુંજય જોઈ આવ્યો.

સારસાની આસપાસની લીલોતરી વચ્ચે, આંખ અને મનને ઠારતા શાન્ત પ્રાતઃકાળનો સમય મેં જે સ્તુતિ અને પ્રાર્થનામાં ગાળ્યો છે એ સ્મરણીય બની ગયો છે.

પાવાગઢ ચડતાં તો જાણે દમ નીકળી જાય એવું છે; પણ ત્યાં મહાકાલિ, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના સાન્નિધ્યમાં, તળાવને કિના-

રેથી, નીચે પથરાએલું નાશ પામેલું ચાંપાનેર જોતાં થએલો શોક ત્યાંના 'રમણુ ચડેલા વીંઝણા' (પવન) વડે કંઇક ઓછો થાય છે.

'ચાંપાનેરનાં ચાર ચૌટાં મહાકાળી રે !'
'વિંઝણો રમણુ ચડ્યો રે લોલ !' અને
'હાથમાં તે લઉ લાલ લાકડી, ગોવલણ હો, કે જાવું રે.'

એ ગુર્જરીનો ગરબો ત્યાં સાંભરી આવ્યા વિના રહેતો નથી. 'ચાલો ચાલો' કહીને સૃષ્ટિસૌન્દર્યના યોગમાંથી સમાધિનો ભંગ કરાવનાર ત્યાં કોઈ નહિ હોવાથી નિરાંતે ખૂબ વખત બેસીને ગુજરાતના એ સમૃદ્ધ નગરની પૂર્વની જાહોજલાલી, ત્યાંની જાણીતી એના ગુર્જરીની પવિત્રતા, અને કાલ, તથા અર્થ અને જ્ઞાનની શક્તિનું મેં મનન કર્યા કર્યું.

પાલીતાણાના શત્રુંજયની તો કાંઈ ઝાઝી અસર થઈ નહિ. માત્ર

'નરી સરળતા કોણ પૂજશે ?
નથી તેજ નથી તરંગ !'

એ કવિ નાનાલાલે વર્ણવેલું શત્રુંજયની કેડ પરનું તળાવ એક ત્યાં સાંભર્યું હતું; પરંતુ તે પણ લગભગ સુકાઇ ગયું હતું.

ઘેર આવ્યો ને મારા સ્વ. મિત્ર ચુનીલાલ બહેરાવાળા મળ્યા. એ કહે 'મારી અત્યાર સુધીની બધી મુસાફરીઓ રદ; બધું જોએલું રદ. એક આબુ જોયો એણે મારું બધું અભિમાન ઉતારી નાખ્યું' એમ કહીને એમણે મને આબુમાં રહેવાનો બંદોબસ્ત કરી આપ્યો અને હું આબુ ગયો.

ખરેડીથી ઉપર ચડવા માંડતાં જ જાણે નવા વાતાવરણમાં જતા હોઈએ એવું લાગ્યું અને ગિરિપ્રદેશની શોભાએ આંખને ઠારી દીધી: ત્યાંના નખી તળાવની રમણીયતા તો અપાર છે. એ સરોવરને કિનારેકિનારે વિવિધ સ્થળે બેસીને ખૂબ આનંદ લૂંટ્યો છે. એને પશ્ચિમ છેડે બેસીને સૂર્યોદયની શોભા અને સાંજે પૂર્વ છેડે બેસીને તેમાં પડતાં સૂર્યાસ્તનાં પ્રતિબિંબ જોવાં એ અનેરો લહાવ છે. સૂર્યાસ્તની રંગલીલા વડે રંગાતું નખી તળાવ તો અદ્ભુત લાગે છે.

સૂર્યાસ્ત જોવાની એવી જ બીજી અદ્ભુતતા આબુના 'સૂર્યાસ્ત છેડે' (Sunset-Point નામના સ્થળે) સાંપડે છે. સૂર્ય ક્ષિતિજની મર્યાદા વટાવી ગયા પછી પણ ત્યાં અરધો-પોણો કલાક અસ્ત થતો જણાય છે. તે વખતે એનો પ્રકાશ તો ઓછો થઇ જાય છે, પરંતુ મોટો થાળ જેવો એ ઝાંખો પડી જઈને પણ અપૂર્વ દૃશ્ય રજૂ કરે છે.

પૃથ્વીની છ અજાયબીઓમાં ગણી શકાય એવી દેલવાડાનાં આરસપહાણના મંદિરોની શિલ્પસમૃદ્ધિ જ્યારે આબુમાં મેં પ્રત્યક્ષ કરી ત્યારે એવું અદ્ભુતસુંદર શિલ્પ બતાવવા માટે મેં ઇશ્વરના ધન્યવાદ ગાયા. એના સ્તંભો અને ગોખો પર કોરેલ પક્ષીઓ, વેલો, પુષ્પો ને નૃત્ય તથા સંગીતના ભાવમાં લીન અપ્સરાઓની ભરચક ને રૂપસુંદર કોતરણી, એનાં દેવદેવીઓની ને પુરાણકથાના પ્રસંગોની મૂર્તિઓ, બધું જ અદ્ભુત છે. ઘુમ્મટમાં કંડારેલાં લોલક ને છતોની કોતરણી જોવા માટે તો સૂવું પડતું હતું. પણ ઈશ્વરકૃપાએ ત્યાં કોઈ ઉતાવળ કરનાર ન હતું, એટલે મેં પેટ ભરીભરીને એ કોતરણીની રૂપશ્રીનું પાન કર્યું. એના સમસ્ત શિલ્પ અને સ્થાપત્યમાં એક જાતની સુસંવાદી તાલમયતા હતી. બહાર અરવલ્લીની ભવ્યતા અને નખીનું સૌન્દર્ય હતાં, અંદર મંદિરોમાં સ્થાપત્યની તાલમય, સુપ્રમાણતા અને શિલ્પનું સૌન્દર્ય માતાં નહોતાં. અને પૃથ્વીના વિશ્વકર્માની એ સૃષ્ટિ બ્રહ્માના બાહ્યજગત સાથે જાણે સ્પર્ધામાં ઊતરીને દિગ્વિજય કરી રહી હતી.

એના બંધાવનાર વસ્તુપાલ-તેજપાલ અને વિમળશાહના ભક્તિભાવે અહીં સૌન્દર્યનાં રૂપ રૂપ અને રૂપ ધારણ કર્યા છે અને એના શિલ્પીઓની સાધના પણ અજબ છે. અહીંની કોતરણી કરતાં એમણે અખંડ બ્રહ્મચર્ય પાળ્યાં હતાં અને માત્ર પૂજા અર્થે જ એમણે છીણી પકડી હતી. અને એને પરિણામે જે અમર આનન્દ એમણે ૭૦૦ વર્ષથી અહીં વહેતો મૂક્યો છે તે હજી યે અનંત ફુવારાની જેમ ઊડયા જ કરે છે !

આઠ દિવસ હું આબુ રહ્યો, અને એના એકેએક દિવસની એકેએક જાગૃત ઘડી મેં જીવનની ધન્ય ઘડી બનાવી દીધી. બીજી વાર પંદર દિવસ રહ્યો ત્યારે પણ જોએલાં સ્થળો ફરીફરીને જોતાં લેશમાત્ર કંટાળો નથી આવ્યો.

ગૌમુખ પાસે આબુની તળેટીની શોભા પણ અવર્ણનીય છે. ત્યાં રણબંકા દેવડાની પિત્તળની એક મૂર્તિ છે. જોકે પૂજારી એને ઇંદ્રની મૂર્તિ કહ્યા કરે છે. એ બંકો શિરોહીનો બીજો મહારાણો પ્રતાપ હતો. એવી જ રીતે, અચલેશ્વર પાસે મેવાડના પ્રતાપી સ્વદેશભક્તોના સંતાઈ રહેવાના મહેલો પડ્યા છે. લોકો એ ઇતિહાસ ભૂલીને એમને ગોપીચંદ અને ભરથરીની ગુફાઓ ગુફાઓ કર્યા કરે છે !

આબુના બીજા 'અનાદ્રા છેડે' (આનાદ્રા પૉઈન્ટ)થી ભિન્નમાળ તરફ મુસાફરોને જતા જોયા અને ગુજરાતના એક વખતના એ ગૌરવવંતા શ્રીમાળનાં સ્મરણ થયાં.

વિશાળતા, શાન્તિ, એકાન્ત અને સૌન્દર્યનાં આબુમાં સાક્ષાત દર્શન કર્યાં. શિલ્પ અને સ્થાપત્યની આશ્ચર્યકારક રચનાએ મન ભરી દીધું. દવાખાનું ચલાવ્યે મને દસ-બાર વર્ષ થવા આવ્યાં હતાં. કંઈ બહુ પૈસો તો મેં નહોતો મેળવ્યો, પણ ગુર્જરદેશની શ્રી મારા પર તૃષ્યમાન થયાં હતાં. એ કહેતાં કે 'માગ્ય માગ્ય, માગે તે આપું.' અને હું માગ્યા જ કરતો હતો અને એ આપ્યે જ જતાં હતાં.(ચાલુ)

વિકસતું વિજ્ઞાન

તાજેતરમાં જ અમેરિકાની વેસ્ટિંગહાઉસ ઇલેક્ટ્રિક ઍન્ડ મૅન્યુફેક્ચરિંગ કંપનીએ યુદ્ધહેતુઓ માટે એક નાનો વીજળીક ગોળો (Lamp) તૈયાર કર્યો છે, જેનો આકાર અખરોટ જેવો છે. આ ગોળાનો પ્રકાશ સિત્તેર માઈલ સુધી જાય છે, પરંતુ એની આવરદા ફક્ત દસ રાત સુધી જ ટકે છે.

~

અમેરિકાના એક શોધકનો દાવો છે કે તેની શોધની મદદથી ઓછું સાંભળનારા સિગારેટ અથવા પાઈપ પીનારાઓ પોતાના પાઇપો અને સિગારેટહોલ્ડરો દ્વારા સ્હેલાઇથી સાંભળી શકશે. એની વિગત એ છે કે પાઈપ અથવા સિગારેટહોલ્ડરની અંદર એક નાનું 'રીસીવિંગ' યંત્ર મૂકી દેવામાં આવશે, અને સિગારેટ પીનાર એ યંત્રની કાર્યવાહીના કારણે કાનની પાછળની હાડકીના બદલે દાંતો દ્વારા લોકોની વાતો સાંભળી શકશે.

~

ભૂમધ્ય સાગરમાં એક પ્રકારની માછલી મળી આવે છે, જે સારામાં સારું રેશમ તૈયાર કરે છે. એનો એક તાર લગભગ છ માઇલ લાંબો થાય છે. આટલા લાંબા તારનું વજન એક ગ્રેનથી વધુ હોતું નથી. આ રેશમમાંથી જે ચીજો બનાવવામાં આવે છે, તે ભારે નરમ-ગરમ હોય છે, એટલું જ નહીં પણ મનહર તેમજ ટકાઉ હોય છે આ માછલીઓ બહુધા પોતાનું રહેઠાણ બદલતી રહે છે, પરંતુ દરેક સ્થાને રેશમનું એક ખાસ પ્રમાણ મૂકી જાય છે. (ઉર્દૂ પરથી) —ઈ. સ. દ.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: કનુભાઇ મો. પટેલ, નવાં ઘરાં, ભાદરણ—

Empire Hotel 7, London St.
LYTTLETON (South Island) N. Z.
7th Sept. 1941

પ્રિય કનુ,

બહુ આશ્ચર્ય સાથે તમારો રસમય પત્ર લાધ્યો. મેં તો તમારા ઉત્તરની આશા જ છોડી દીધેલી.

ટિકિટો માટે ખૂબખૂબ આભાર; હું પણ આ પત્ર સાથે તમે માગ્યા મુજબ મોકલું છું.

હા, કનુ; મને ય સામયિકો સંઘરવાનો શૉખ છે અને હું તમને મારૂં 'વીકલી ન્યુસ' મોકલીશ. કમનસીબે તેમાં રંગીન ચિત્રો તો નથી. તમારી માફક મને પણ ટિકિટો, ફોટોગ્રાફો વગેરે સંઘરવાનો શૉખ છે. આ સાથે હું મારો એક સ્નૅપ ફોટો બીડીશ. વરસેક પહેલાં એ લેવાએલો; પણ બીજો હું મોકલું ત્યાં સુધી આ ચાલશે એવી આશા રાખું છું. હમણાંના મારા બધા ફોટોગ્રાફો મિત્રોએ જ લીધેલા છે. હવેના મારા કાગળમાં હું વધુ સારો ફોટો બીડીશ.

હું પણ તમારી માફક ઇચ્છું છું કે આપણે પાકા મિત્રો થઈશું.

હવે હું મારે વિષે તથા મારા કુટુંબ, મારા ઘર અને અમારી રમતગમતો વિષે થોડું કહું. (એમાં કાંઇ બેવડાઈ જાય તો ક્ષમા કરશો, કારણકે આ પત્ર બહુ લાંબે ગાળે લખું છું.) હું ૧૭ વર્ષની છું. મારે બે ભાઇ છે: એક લડાઇમાં ગયો છે, ને બીજો તો આઠ વરસનો છે, તે નિશાળે જાય છે. મારે ચાર બહેનો છે, તેમાં એક પરણેલી છે. એક હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે, તે નર્સ થવાની છે. તેનું વય ૧૫ વર્ષનું છે. બીજી બે ઑફિસોમાં કામે જાય છે. અમારી ઉંમરના ક્રમમાં હું સૌનાં નામ આપું: જેક્સ, ઍલન, શર્લી, હું પોતે, નૉએલીન, પૅટ અને રોનાલ્ડ.

તમે જોશો કે અમે સાત ભાંડુ છીએ, તેમાં હું વચેટ છું. ઘણી ય વાર મને લાગે છે કે હું સૌમાં કાંઈક વિચિત્ર છું, કેમકે હું ડાબે હાથે લખું છું, અને તેમના રસના વિષયો કરતાં મારા કાંઇક નિરાળા જ છે.

મને 'કળા'નો ખૂબ શૉખ છે. ચીતરવું મને બહુ જ ગમે છે. સંગીત પણ મને ગમે છે, પરંતુ મને લાગે છે કે એ શીખવા જેટલી ધીરજ મારામાં નથી. મારી બધી બહેનો પીઆનો વગાડી જાણે છે. નૉએલીન ને શર્લી તો ગાય છે પણ ખરાં.

મારાં માતાપિતા હયાત છે અને મને તે બહુ જ વહાલાં છે. અમારૂં ઘર એક અત્યંત નાના બંદરમાં આવેલું છે, પણ નાનું હોવા છતાં દક્ષિણ દ્વિપોમાંના મુખ્ય બંદરમાંનું એક એ છે. લિટલટનના થોડાક ફોટોગ્રાફ હું તમને મોકલીશ. અમારા ગામની મુખ્ય નિકાસ માખણ, માંસ, ફળ (તેમાં મુખ્યત્વે સફરજન) અને વૉબલ છે.

મારા બનેવી લડાઇમાં ગયા છે, તે રસ્તે મુંબાઇ ઊતરેલા ને ત્યાં પાંચ દિવસની રજા ગાળેલી.

હા, કનુ, મને પત્રો લખવા ગમે છે, અને લાંબા, સુબદ્ધ, તેમજ તમે કહો છો તેમ આમોદભર્યા પત્રો મેળવવા પણ ખૂબ ગમે છે.

રાજકારણમાં મને ઓછો રસ છે, પણ તમારે કાંઇ પ્રશ્નો પૂછવા હશે તો હું એના જવાબો ખુશીથી આપીશ. ખોરાક વિષેના તમારા સવાલના જવાબમાં હું બને તેટલો વિગતવાર ઉત્તર આપું.

અમારું મુખ્ય પેય ચા છે, પણ હું કૉફી કે કોકો પસંદ કરૂં છું. મને માથનું દૂધ પણ ગમે છે. સવારે નાસ્તામાં અમે 'વીટ-બિક્સ' લઇએ છીએ. એ ઘઉંની વાની છે. ઘઉંની અમે પાંઉરોટી (બ્રેડ) પણ બનાવીએ છીએ. બ્રેડ ઘણી જાતની અમારે ત્યાં બને છે, પણ મુખ્ય તો સફેદ અને બ્રાઉન બ્રેડ જ છે. એમાં બ્રાઉન શ્રેષ્ઠ, કેમકે તેમાં બધાં વિટામિન સચવાયાં હોય છે, જ્યારે સફેદ બ્રેડ મેંદાની બનતી હોવાથી તેમાં બધું તત્ત્વ પીસાઇને ચાલ્યું ગયું હોય છે. છતાં સફેદ બ્રેડ જ મુખ્ય ખોરાક ગણાય છે. 'પૉરિજ' એ ઘઉંની બીજી વાની છે. સ્કૉટલૅન્ડની એ બહુ જૂની વાની છે

માંસ, પૉર્ક (ડુક્કરનું માંસ) અને મચ્છી એ અમારે ત્યાંનો મુખ્ય ખોરાક. બધી જાતનાં શાકભાજી પણ ખરાં, જેમાં બટાટા મુખ્ય. અમારે ત્યાં 'કુમારા' નામનાં મીઠાં બટાટાની જાત પણ થાય છે. એ અહીંના 'માઓરી' વતનીઓનો ખોરાક છે, એ તો તમે એના નામ પરથી પણ જાણી જશો. મને એ બહુ ભાવે છે.

મેં પહેલો પત્ર લખ્યો ત્યારે હું જે શાળાએ જતી હતી તે તો હવે પાડી નાખવામાં આવી છે. ઘણાં વર્ષોની જૂની એ હતી એટલે વસવાટ માટે નકામી ઠરાવાએલી. હું ત્યાં ભણતી ત્યારે મેં વાણિજ્યનો વિષય લીધેલો, જેમાં કલાવિભાગ પણ હતો. હમણાં મેં દહાડે નિશાળે જવાનું છોડી દીધું છે અને એક નોકરી લીધી છે, જેમાં ટિકિટો આલેખવાનું કામ છે. જોકે નોકરી કરવા માટે મારી ઉંમર તો નાની ગણાય, પણ મારી જ ઇચ્છા હતી, એટલે ઘરનાં માણસો કબૂલ થયાં. આથી હવે નિશાળે હું રાત્રે જાઉં છું,—એકાંતરે બે કલાક-અઠવાડિયામાં ત્રણ રાત.

હું દિલગીર છું કે હું મારી સખીનું સરનામું તમને નથી મોકલી શકતી, કેમકે ઘણો લાંબો કાળ થયાં તેના તરફથી કાંઈ સમાચાર જ નથી. એ ટાસ્માનિયામાં રહે છે. કદાચને તેના ખબર મળી જશે તો જરૂર હું તમને એનું સરનામું રવાના કરીશ.

તમે મને જે સરનામાં મોકલ્યાં તેથી હું બહુ રાજી થઈ.

તમારા નામનો ઉચ્ચાર શો?

હિંદમાં તો ઘણા ધર્મો છે એમાં તમે કયા ધર્મના? હું ઍંગ્લિકન (અથવા ઇંગ્લિશ) ધર્મશાખાની છું.

હવેના પત્રમાં હું અમારા આ નાનાસરખા દેશ વિષે વધુ રસમય હકીકતો લખવાનો પ્રયત્ન કરીશ,-એનાં દૃશ્યો, એનાં સૌન્દર્ય-સ્થાનો વગેરે વિષે-ત્યાં સુધી સલામ.

સ્નેહયુક્ત, તમારી ન્યૂ ઝીલાંડની મિત્ર Muriel (મ્યૂરીએલ)

પત્રમિત્રોને-કોઈ કુમારમિત્રોને પરદેશી મિત્રો સાથે દોસ્તી બાંધવાની ઇચ્છા હોય તો આ ઉપરનો પત્ર મેળવનાર કનુભાઈ મો. પટેલ, નાની ખડકી, નવાં ઘરાં, ભાદરણ, એમને લખવું. કોઈ સારા મિત્રો સાથે દોસ્તી બંધાવી આપશે. એમની પાસે ઘણાં સરનામાં છે.

નવા પત્રમિત્રો: Master Premkumar, M. L. D. Sheth G. T. High School, CUTCH-MANDVI–હિંદુસ્તાનના તથા ઇંગ્લંડ-અમેરિકાના પત્રમિત્રો ચાહે છે; સિક્કા, ટિકિટો, ફોટોગ્રાફો અને હસ્તાક્ષરો સંઘરવાનો શૉખ છે; ઐતિહાસિક વસ્તુઓ તથા વિજ્ઞાનના અખતરા કરવાનો પણ શૉખ છે. 'નૅશનલ લીગ ઑવ પેન-ફ્રેન્ડ્ઝ' વિષે માહિતી મેળવવા ઇચ્છે છે.

Chandrakant P. Bhatt, P. O. Box 277, ZANZIBAR (B.E.A.) કસરત, રમતગમતો તથા ટિકિટો સંઘરવાનો શૉખ છે. અંગ્રેજી તથા ગુજરાતી કોઇ પણ ભાષામાં પત્રવ્યવહાર કરી શકાશે.




મધુકરી

વહે પ્રલયમારુતો, પૃથુ પ્રકંપ ઘેરા થતા,
કદીક વરસે ત્રડી સજલ પુષ્કરાવર્તકો;
હિમાદ્રિશકલો પડે, ઘણઘણે શિલાકંદરા,
ધડોધડ તૂટે, વમે અનલઓઘ જ્વાલામુખી.
નિસર્ગઉરમાં અનેકશત કાળચક્રો ભમે,
અદમ્ય પછડાટ ઘોરતમ ક્રૂર આતંકના;
સદા અવનિ સર્વ એ ખળભળાટ અક્ષુબ્ધ ને
હસન્મુખ સહે, નિરંતર ધરંત સૌન્દર્યશ્રી.
મને ય બસ જો મળે અવનિ કેરી અક્ષુબ્ધતા,
(બિન્દુ) હસન્મુખ પ્રભા બધે વિકિરતો રહું સર્વદા. —રામપ્રસાદ શુક્લ

જહૉન હ્યુબર્ટ સ્મિથ

'કચ્છનાં કીર્તિમંદિરો'ની લેખમાળાના આ અંકમાંના 'અંતર' ઉપરના લેખમાં જેમનો ઉલ્લેખ આવે છે તે શ્રી જ્હૉન હ્યુબર્ટ સ્મિથ અત્યારે કચ્છ રાજ્યના કેળવણી ખાતાના વડા હોવા ઉપરાંત કચ્છના મહારાવશ્રીના હજુર સેક્રેટરી છે. લંડન પાસે આવેલા કલૅપ્ટનમાં ઇ. ૧૮૭૨માં એમનો જન્મ. કૅન્ટરબરીની કિંગ્ઝ સ્કૂલમાં ઈ.૧૮૮૪થી '૯૧ સુધી અભ્યાસ કરી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં એ દાખલ થયા ને ૧૮૯૫માં એમ. એ. ની ડિગ્રી લીધી. તે પછી એ હિંદ આવ્યા ને બૅંગલોરની બિશપ કૉટન સ્કૂલમાં વૉર્ડન નીમાયા. થોડો વખત દિલ્હીની કૉલેજના પ્રિન્સિપાલ તરીકે કામ કર્યા પછી ૧૯૦૧માં હાલના મહારાવના ટ્યુટર તરીકે એ કચ્છ આવ્યા ને પછી ત્યાં જ



કરીને રહ્યા છે. પ્રસિદ્ધિથી દૂર ભાગનાર આ વિદ્વાન વિચક્ષણ કેળવણીકાર છે ભૂસ્તરશાસ્ત્રના તો એ પારંગત છે અને કચ્છના ભૂગર્ભ પરત્વે એમના અભિપ્રાયો પ્રમાણભૂત મનાય છે. કચ્છમાં પોતાના ચાર દસકાના નિવાસ દરમિયાન કચ્છના ભૂગર્ભનો એમણે એટલો ઊંડો અભ્યાસ કર્યો છે કે કચ્છના ઍમોનાઇટ્સનો એમનો સંગ્રહ વિદ્વાનોના જગતમાં અજોડ મનાય છે, અને એના આધાર પર દુનિયાનું તદ્દવિષયક સૌથી આધારભૂત પુસ્તક લખાયું છે.

પણ રાજ્યની સેવા કે માત્ર વિદ્વત્તા એ એમની ઈષ્ટ સાધના નથી. એમના જીવનનું એક બીજું વિશેષ ઊજળું પાસું પણ છે. જે કદાચ બહારની દુનિયામાં એમની વિદ્વત્તા જેટલું યે જ્ઞાત નથી. એમના હૃદયમાં અપાર માનવતા છલકાય છે, અને તેના પરિણામે, વિદેશના એ વતની, કચ્છ જેવા દૂરના પારકા ને અંધારા દેશની નિરાશ્રિત, નિષ્કંચન ને અપંગ પ્રજાનું દુઃખ નિવારવા માટે જે અવિશ્રાંત કાર્ય કરે છે તેને કારણે આજે એ 'કચ્છના દીનબંધુ' તરીકે ઓળખાય છે. એ પોતે સાદું જીવન ગાળે છે ને એક હજાર રૂપિયાના પોતાના પગારની સઘળી બચત ગરીબોના કલ્યાણાર્થે ખરચે છે. રોગી અને અનાથના એ મિત્ર છે. કચ્છમાં માનવ રાહતનું કાર્ય કરતી પી. પી. આર. એફ. સંસ્થાના તેઓ પ્રાણ છે. આ સંસ્થા દર વર્ષે પોણો લાખ કોરી જેટલી રકમ ગરીબોને રાહત આપવામાં ખરચે છે: અશક્તોને ઘેર અનાજ પહોંચાડે છે, નિરાધારોને સાંજે મફત જમાડે છે અને ઉદ્યાગગૃહમાં ૨૫૦ રેંટિયા ઉપર ગરીબ બેનોને નભાવે છે. આપણો દેશ સ્વાયત્ત નથી એટલે રાજ્યસેવા અને લોકસેવા વચ્ચે વિરોધ દેખાય છે. સ્મિથ સાહેબનું જીવન એ વિરોધના ઉપશમનું સુન્દર દૃષ્ટાંત છે. —ચં૦

ઈજનેર જેઠુ

જેઠુ એ મારો બાલપણનો જાની દોસ્ત. શાળામાં રજાના દિવસોમાં અમે અવનવીન ભાંગફોડની પ્રવૃત્તિમાં મચ્યા રહેતા. હું પ્લૅન ઘડી આપું અને જેઠુ તનતોડ મહેનત કરી તેનો અમલ કરે. આમ અમે અનેક ઉપયોગી વસ્તુઓની ભાંગફોડ કરી મગફળી ફોલ-

વાનું હાથ-મશીન બનાવેલું; હાથેથી ડ્રાઈ બૅટરી બનાવી ઘરમાં તથા દુકાનમાં ઇલેક્ટ્રિક બત્તી ફિટ કરેલી; ભૂંગળા અને દોરડાંની મદદથી ટેલીફોન અને છત્રીની મદદથી વાયરલેસ પણ બનાવેલો. દીવાલ પર ટાંગવાનાં કિંમતી ઘડિયાળો તોડી અમે રેડિયો બનાવેલા! આ બધી અમારી બાળપણની પ્રવૃત્તિ હતી. કામ અધૂરું હોય તો જમવાનું કે સૂવાનું પણ યાદ આવતું નહિ.

જેકુના પિતાશ્રી સાહસિક વેપારી હતા. તેમને જેકુની આ ઇજનેરી પ્રવૃત્તિ જરા યે પસંદ ન હતી. તેમણે જેકુને વ્યાપારમાં નાખવા ઘણા પ્રયત્ન કરી જોયા, પરંતુ જન્મથી ઇજનેરી સંસ્કાર લઇ અવતરેલા જેકુને ગળે તે ઊતરતું જ નહિ.

એ વાતને કેટલોક સમય વીત્યો. જેકુના પિતાશ્રીને વ્યાપારમાં મોટી ખોટ આવી. કાઠિયાવાડમાંથી વેપાર સમેટી તેઓ પૂના તરફ ધંધાર્થે ગયા. ત્યાં તેમની તબિયત લથડવાથી તેમનો દેહાંત થયો, અને બાળક જેકુ પર અનેક મુશ્કેલીઓ આવી પડી. પણ જેકુ અડગ નિશ્ચયથી આફતોનો સામનો કરવા તૈયાર થયો.

ઇજનેરી લાઈનનો મૌલિક અભ્યાસ ન હોવા છતાં પણ રાત ને દિવસ તનતોડ મહેનત કરીને એક પરદેશી મશીનના નિરીક્ષણ પરથી તેણે સીવવાના દોરા વીંટવાનું (ક્રૉસ-રીલિંગ) મશીન બનાવ્યું અને તેની મદદથી કુટુંબનિર્વાહ ચલાવવા લાગ્યો. પછી તેણે ધીમે ધીમે પ્રગતિ કરી તેવાં મશીનો જ બનાવીને વેચવાનું શરૂ કર્યું. વધારામાં બીજી પણ કેટલીક મશીનરીના સ્પૅર પાર્ટ્સ બનાવવા શરૂ કર્યા, અને તેમાં તે સારી રીતે ફાવ્યો.

આજે એ જેકુએ 'પૂના યુનિવર્સલ એન્જીનીઅરિંગ વર્કસ' નામે મશીનરી બનાવવાનું કારખાનું ઊભું કર્યું છે. તેનું પૂરું નામ જેઠાલાલ દામોદર દત્તાણી. અનેક વર્ષોના અંતરપટ પછી મને થોડા વખત પહેલાં મુંબઈમાં તેની મુલાકાત થઈ. એ જ બાળપણનો સરલ સ્વભાવ. એ જ નિખાલસ વાતો અને એ જ મુખાકૃતિ. આંટીઘૂંટી કે મુત્સદ્દીપણાની વાતોમાં કે કલ્પનાના વિહારમાં એ માનતો નથી. એ તો માને છે અવિરત પરિશ્રમ અને અડગ શ્રદ્ધાને.

— દ્વારકાદાસ બારાઈ

સીમેન્ટનો ઉદ્યોગ

હિંદના તરુણમાં તરુણ આ ઉદ્યોગનો વિકાસ બહુ જૂનો નથી. પરંતુ એની બનાવટથી તો માનવજાત સદીઓ પહેલાંથી વાકેફ હતી. આપણો દેશ એનાથી સંપૂર્ણ જ્ઞાત હતો ને વરાહમિહિરે પોતાની બૃહત્ સંહિતામાં એનો ઉલ્લેખ કર્યો છે એ કદાચ ઘણા નહિ જાણતા હોય. પ્રાચીન રોમનો પણ એનાથી વાકેફ હતા. પરંતુ એ પછીની સદીઓમાં એ લુપ્ત થઈ ગયા પછી નવેસરથી તેની પહેલવહેલી પ્રતિષ્ઠા કરવાનું માન જૉન સ્મિટન નામના કુશળ અંગ્રેજ ઇજનેરને ફાળે જાય છે. જોકે એની શોધનું માન તો જૉસેફ આસ્પડીન નામના એક અંગ્રેજ કડિયાને જ જાય છે. એની શોધને સ્મિટને વ્યવહારમાં યોજી અને ૧૮૨૫માં પૉર્ટલૅન્ડ સીમેન્ટનું પહેલું કારખાનું ઊભું કરવામાં આવ્યું. પૉર્ટલૅન્ડ નામ આપવાનું કારણ એ કે જે વડે સેન્ટ પૉલનું દેવળ બંધાયેલું છે એ પૉર્ટલૅન્ડ પથ્થરને જ તે ઘનતા, રંગ ને મજબૂતીમાં મળતું આવતું હતું.

હિંદમાં સીમેન્ટનું પહેલવહેલું કારખાનું સાઉથ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ લિ. ના પુરસ્કાર વડે મદ્રાસ મુકામે ઈ. ૧૯૦૪માં ખોલવામાં આવ્યું. બહુ નાના પાયા પર એ ઊભું થએલું ને આજના પ્રમાણમાં સાધનો પણ બહુ ઓછાં હતાં. એટલે એના ઔદ્યોગિક વિકાસનો પ્રારંભ તો ઈ. ૧૯૧૨થી ગણી શકાય. એ સાલમાં 'ઇન્ડિયન સીમેન્ટ કં. લિ.' રજિસ્ટર્ડ થઇ ને પોરબંદર મુકામે કામ શરૂ કર્યું. એ પછીનાં બે વર્ષોમાં કટની અને બુંદી કંપનીઓ ઊભી થઈ. આમ ત્રણ રજિસ્ટર્ડ કંપનીઓ પોતાનું કામ ચલાવતી થઇ ત્યાં મહાયુદ્ધ આવ્યું. યુદ્ધના અંતે સરકારે તેના ઉત્પાદન પર નિયંત્રણ મૂક્યું, પણ થોડા જ વખત બાદ એ ખેંચી લેવાયું ને એ ઉદ્યોગ આબાદ બન્યો. ઈ. ૧૯૨૩માં તો સીમેન્ટની ૯ કંપનીઓ ઊભી થઈ ગઇ.

પણ કમનસીબે ઔદ્યોગિક આશાવાદમાં એ કંપનીઓએ ઉત્પાદન સાથે ઉઠાવનો પ્રશ્ન નહોતો વિચાર્યો. એને લઇને ઉત્પાદન એટલું બધું વધી પડ્યું કે તે માટે બજારો મેળવવી મુશ્કેલ પડવા માંડી. પરિણામે કંપનીઓના સંચાલકોએ શાણપણ વાપરી, સીમેન્ટની ખપત લોકોમાં વધારવા ને એના ફાયદાથી વાકેફ કરવા ૧૯૨૫માં 'સીમેન્ટ મૅન્યુફૅક્ચરર્સ અસોસીએશન'ની સ્થાપના કરી. એમણે સરકારની મદદ પણ માગેલી, પરંતુ ટૅરિફ બોર્ડની તપાસમાં જણાઇ આવ્યું કે હરીફાઈ ને આંખો મીંચી થતું ઉત્પાદન જ એ કટોકટીનું કારણભૂત થયું હતું, એટલે કશી રાહત આપવાની સરકારે ના પાડી. આમ સહકાર સિવાય બીજો કશો માર્ગ તેમને માટે રહ્યો ન હતો અને તે એમણે સ્વીકૃત કર્યો.

ઇ. ૧૯૨૭માં 'કૉન્ક્રીટ ઍસોસીએશન ઑવ ઇન્ડિયા'ની સ્થાપના કરવામાં આવી. એ સંસ્થા સીમેન્ટ ને કાંક્રેટના ગુણો પર જનતામાં મફત સાહિત્ય વહેંચવા માંડી, ને એના બાંધકામમાં જોઇતાં જરૂરી સલાહ સૂચનો પૂરાં પાડવા માંડી. ઉપરાંત ઇજનેરોને મદદરૂપ થઈ પડે એવું સાહિત્ય પીરસતું 'Indian Concrete Journal' નામનું સામયિક પણ તેણે શરૂ કર્યું. આ બધા પ્રચારોએ ખરું કહીએ તો હિંદી પ્રજાને સીમેન્ટમના (cement-minded) બનાવી.

અને એ પ્રચાર વૃથા ન ગયો. જનતાએ સીમેન્ટને એટલું બધું અપનાવ્યું કે કારખાનેદારોને ૧૯૩૦માં 'સીમેન્ટ માર્કેટિંગ કં. ઑવ ઇન્ડિયા લિ.' સ્થાપવાની જરૂર પડી. જુદીજુદી કંપનીઓનું વેચાણ એ સંસ્થામાં કેન્દ્રસ્થ થયું. વળી સ્થાયી ફંડોને લીધે કીમત ઘટાડી શકાઈ. તે સાથોસાથ જાહેર ખબરો વડે તેની બધી બ્રાન્ડ જનતાની આંખ સામે તરતી રાખી શકાઈ. હિંદનાં મોટાંમોટાં શહેરોમાં તેની ઑફિસો ખોલવામાં આવી ને એવી દરેક ઑફિસ પાછળ એક કુશળ ઇજનેર રોકવામાં આવ્યા. આવી બધી જહેમતોને અંતે જગતની બીજી પ્રજાઓ જેમ હિંદની પ્રજા પણ બાંધકામમાં 'રી ઇન્ફોર્સ્ડ કૉન્ક્રીટને' પ્રથમ પસંદગી આપતી થઇ.

ચીરોડીના અથવા ચાક વગેરે જેવા ચૂનાનું પ્રમાણ ધરાવતા પથ્થરો ખાંડી તેમાં માટી કે છીપલાં જેવા (Argillaceous) પોચા માટીદેહી પદાર્થો ઉમેરી, એ બધાંને ગરમીના ભઠ્ઠામાં ખાસ પદ્ધતિથી પકવીને પછી દળીને સીમેન્ટ બનાવવામાં આવે છે. મોટે ભાગે આવા પદાર્થોની જ્યાં છત હોય તેવા ભાગોમાં જ તેનાં કારખાનાં ઊભાં કરવામાં આવે છે. આ કારખાનાં આપણા ઔદ્યોગિક સમુદ્ધારમાં કેટલો ફાળો આપે છે તે ઘણાને નહિ ખબર હોય. દસ હજાર જેટલાં માણસોને એ કારખાનાં રોજી આપે છે એટલું જ નહિ, પણ હિંદી કોલસાનાં પણ એ બહુ જબરાં ખરીદદાર રહ્યાં છે—વર્ષે લગભગ સાડા ત્રણ લાખ ટનના. શણનો ઉદ્યોગ પણ આ સીમેન્ટના ઉદ્યોગથી ખૂબ વિકસ્યો છે, કારણ સીમેન્ટ ભરવા માટે વરસે આશરે બે કરોડ જેટલા થેલાઓ જોઇએ છે. આ બધા માલની લાખો ટનની લાવલઈજામાં રેલ્વે પણ સારું નૂર પામે છે. અને આજે લડાઈના કામમાં તો સરકારને સીમેન્ટની એટલી બધી જરૂર છે કે હિંદનાં બધાં સીમેન્ટ કારખાનાંઓ રાત ને દિવસ ચાલતાં છતાં તૂટ પડે છે.

ભારતવર્ષની ભાષાઓ અને રાષ્ટ્રભાષા

ભારતવર્ષ એક એવો દેશ છે જ્યાં એક પ્રાંતના નિવાસીઓના પોશાક, રહેણીકરણી અને ભાષા બીજા પ્રાંતવાસીઓના કરતાં જુદાં પડે છે. પ્રાંત તો એક મોટો વિભાગ છે, પણ તેના જુદાજુદા જિલ્લાઓમાં પણ ભાષામાં ફેર પડતો જોઈ શકાય છે. આપણા આખા દેશમાં લગભગ સો પ્રકારની ભાષા તથા રૂપભાષાઓ બોલાય છે, જેમને ત્રણ મુખ્ય સમૂહોમાં વિભાજિત કરી શકાય–સંસ્કૃત, દ્રાવિડ અને બર્મી. એમાં નીચેની મુખ્ય છે:

ભાષા	બોલનારની સંખ્યા	ભાષા	બોલનારની સંખ્યા
પશ્ચિમી હિંદી	૧૦,૪૧,૧૨,૩૧૪	નેપાલી	૨૪,૧૫,૭૭૯
પૂર્વી હિંદી	૧૨,૨૬,૩૦૩	રાજસ્થાની	૧,૩૬,૪૪,૯૮૨
સંસ્કૃત	૪,૮૮,૦૯૨	ઘાટી	૩,૪૭,૪૦૦
ઉર્દૂ	૧૨,૯૦,૩૫૦	સતનામી	૨,૩૪,૩૦૯
અરબી	૫૨,૦૯૨	સંથાલી	૬,૪૯,૧૬૬
ફારસી	૪,૭૨,૯૬૨	મારવાડી	૧૯,૯૭,૦૧૪
ગુજરાતી	૧,૧૦,૨૧,૪૨૬	ગોંડી	૧૭,૪૦,૭૫૮
કાઠિયાવાડી	૨૯,૩૬,૨૧૦	જંગલી	૧૦,૨૮,૫૩૫
કચ્છી	૧૧,૨૪,૫૨૨	પૂર્વ જંગલી	૫,૦૦,૦૦૦
મરાઠી	૨૯,૮૨,૭૫૩	ટેહરી	૪,૩૩,૫૫૬
તામિલ	૨,૧૪,૧૭,૪૪૪	કોલી	૧,૧૪,૧૦૫
તેલગૂ	૨,૭૦,૩૪,૧૯૬	કુરાંવા	૬,૧૦,૦૦૯
તુલૂ	૫,૧૫,૭૯૮	કુરૂથ	૪,૧૯,૩૯૯
કાનડી	૧,૦૯,૧૫,૦૩૩	કુઇ	૨,૫૧,૬૮૩
રાજમહેન્દ્રી	૬,૩૦,૦૬૪	હુલુ	૨,૧૦,૦૬૦
મલયાલમ્	૭૬,૫૯,૩૮૮	સાંપુ	૧,૮૪,૫૪૬
બંગાળી	૫૨,૦૫,૬૨૧	તિન્નવેલી	૨,૫૭,૧૬૯
આસામી	૧૯,૨૧,૧૦૨	લોહોરી	૩,૯૫,૦૦૪
બર્મી	૯૬,૪૨,૬૧૮	જખવારી	૪,૪૩,૩૭૫
ઉડિયા	૧,૧૪,૪૬,૦૯૪	કુરાકસી	૩,૦૬,૨૧૧
પંજાબી	૧,૯૮,૯૨,૩૦૭	પિજ્જ	૨,૫૩,૨૯૯
પશ્ચિમી પંજાબી	૮,૪૫,૩૦૦	વેરૂ	૧,૪૪,૩૭૨
કાશ્મીરી	૧૫,૨૨,૩૭૪	શિરંભજી	૩,૪૭,૪૮૦
પશ્તુ	૧૩,૧૧,૨૯૧	કાલૂ	૪,૮૯,૩૩૭
સિંધી	૩૫,૪૦,૮૭૨	ભુજંગી (લગભગ)	૧,૦૦,૦૦૦
બલૂચી	૫,૧૧,૩૩૮	મુઇ	૧,૩૧,૯૦૬
મણિપુરી	૩,૫૪,૨૨૧	બારખ	૬,૮૧,૩૧૪
કુમારી પહાડી	૭,૮૪,૯૧૭	શાન	૩,૧૨,૭૦૦
પશ્ચિમી પહાડી	૧,૦૯,૫૪૩	વૌદ્ધ	૪,૩૩,૮૦૦
કોહાટી	૩,૪૭,૪૦૦	રંગો	૨,૮૧,૩૦૪
અંગ્રેજી	૫,૦૮,૯૧૭	હિપ્પુ	૭૮,૫૦૦
કંધી	૪,૮૨,૯૧૧	ખેરવાડી	૩૪,૫૦,૧૬૬
બીલી	૧૮,૫૭,૦૭૧	લહુડા	૫૮,૬૨,૮૫૫
ચીની	૬,૩૧,૨૦૦	લકાળી	૧૪,૭૩,૬૦૪

કોઈ પણ દેશની ઉન્નતિ માટે એક એવી ભાષા હોવી જરૂરી છે, જેમાં મનુષ્ય પારસ્પરિક વિચારોને વ્યક્ત કરી શકે અને સમજીને અપનાવી શકે. આપણને પણ એક એવી ભાષાની આવશ્યક્તા છે જે સમાન રૂપમાં શહેર અને ગામડાં બંને જગ્યાએ બોલવામાં આવે, બંને જગ્યાના લોકોનાં સાહિત્ય, બોલચાલ અને રોજની અનેક આવશ્યકતાઓને પૂરી કરી શકે. એવી ભાષા લોકભાષા અથવા બધાની બોલી થઈ શકે છે. એવી ભાષાનો ઉદય આપણાં ગામોમાંથી જ નિશ્ચિત છે, જેની સંખ્યા શહેરોને મુકાબલે અધિક છે.

આ પ્રકારની ભાષાની સૃષ્ટિ માટે આપણે શબ્દાડંબરને તિલાંજલિ દેવી પડશે અને ત્યારે જ એ ભાષા પૂર્ણ રૂપથી વિકસિત થઇ આપણી સઘળી જરૂરિયાતો પૂરી કરી શકશે. નીચેના કોઠા પરથી માલૂમ પડશે કે આ દેશમાં કઈ ભાષા કેટલા પ્રમાણમાં પ્રચલિત છે:

ભાષાભાષી	દર સેંકડે	ભાષાભાષી	દર સેંકડે
હિંદી	૨૨·૫૩	ગુજરાતી	૩·૦૫
બંગાલી	૧૫·૨૪	મલયાલમ્	૨·૫૯
બિહારી	૭·૯૭	બર્મી	૨·૫૨
તેલગૂ	૭·૪૭	સિંધી	૧·૧૨
પંજાબી	૬·૮૬	આસામી	૦·૫૭
મરાઠી	૫·૯૧	પશ્તુ	૦·૪૩
તામિલ	૫·૭૧	કાશ્મીરી	૦·૪૦
રાજસ્થાની	૩·૯૧	અંગ્રેજી	૦·૮૦
કાનડી	૩·૧૬	અન્ય	૦·૨૨
ઉડિયા	૩ ૧૭		

આ પરથી સ્પષ્ટ થાય છે કે હિંદી બોલવાવાળાઓની સંખ્યા ભારતવર્ષમાં સૌથી અધિક છે. જ્યાં હિંદી બોલવાની પ્રથા નથી ત્યાં પણ એ દ્વારા આપણું કામ કોઇ ને કોઇ પ્રકારે ચાલી શકે છે ત્યાં આપણે જે બોલીમાં આપણું કામ કઢાવવામાં શક્તિમાન થઈએ છીએ એ બોલી સંસ્કૃત કે ફારસીના મોટામોટા શબ્દોથી લદાએલી નથી રહેતી, કે નથી તેમાં અંગ્રેજી શબ્દોની ભરમાર રહેતી. હા, એ બોલચાલ સાધારણ હિન્દી અને સ્થાનીય ભાષાના શબ્દોના સંયોગથી એક વિશેષ પ્રકારની ભાષાનું રૂપ ધારણ કરી લે છે. આપણાં ગામડાંના રહેવાસી ભાઈઓ પણ જ્યારે આપણી જોડે હિંદીમાં બોલવાની કોશિષ કરે છે ત્યારે એક વિશેષ પ્રકારની બોલીમાં પોતાનું મંતવ્ય પ્રકટ કરે છે. એવી ભાષામાં શ્રોતા તથા વક્તા બંનેનું કામ તો નભી જ જાય છે. સાથે એ સુણવામાં પણ પ્રિય લાગે છે–પછી ભલે તેને હિંદી કહેવામાં આવે યા હિંદુસ્તાની; પરંતુ એની આવશ્યક્તા અવશ્ય છે.

આવી એક રાષ્ટ્રભાષા માટે એક જ લિપિનું હોવું પણ જરૂરી છે. આ વિષયમાં ભિન્નભિન્ન લોકોના ભિન્નભિન્ન મત છે. એમાં ત્રણ પક્ષ જબરદસ્ત છે–ઉર્દૂ, રોમન અને દેવનાગરી. સૌથી સારી અને સરલ લિપિ એ ત્રણેમાં દેખાય છે દેવનાગરી. કેમકે એમાં કઠિનમાં કઠિન શબ્દોને પણ જેમના તેમ લિપિબદ્ધ કરી શકાય છે અને બીજું, તે સહેલાઈથી વાંચી શકાય છે; અન્ય લિપિઓમાં એ વિશેષતા નથી.

પ્લૅસ્ટિક

પ્લૅસ્ટિક એટલે જેમાંથી મન ફાવે તેવા ઘાટો બનાવી શકાય એવું વિકારક્ષમ દ્રવ્ય. એનું ગુજરાતી નામ 'આકારદ' કહી શકાય. કોઈ પણ વસ્તુની બનાવટમાં જ્યારે મૂળ ધાતુ અપ્રાપ્ય નીવડે ત્યારે તેને બદલે અવેજીમાં જે દ્રવ્ય વાપરી શકાય તે આ પ્લૅસ્ટિક. આજથી સિત્તેર વર્ષ પહેલાં સામાન્યરીતે વપરાતું આવું આકારદ સેલ્યુલૉઇડ હતું. પણ આજે તો પાંચ હજાર જાતનાં પ્લૅસ્ટિકો હસ્તી ધરાવે છે.

અત્યાર સુધી આકારદની ઉપયોગિતા માત્ર ઝવેરાત અને ફાઉન્ટનપેનની બનાવટમાં જ સમાઈ જતી હતી. પણ ચાલુ લડાઈથી તેની ઉપયોગિતા ઘણી વધી પડી છે. તેનો ઉપયોગ એરોપ્લેનો, ટ્રેનો, સ્ટીમરો, હૉટેલો ને દવાખાનાં, ઘરઉપયોગી ચીજો—જેવી કે રેડિયો, મોટરના ભાગો, બટન, દૂથબ્રશ, સાબુની પેટી વગેરેમાં થાય છે.

પ્લૅસ્ટિકમાં ધાતુ, લાકડું અને કાચ એ ત્રણેના ગુણધર્મોનો સમાવેશ થાય છે. તે ધાતુ જેવું સખત, લાકડા જેવું હલકું અને કાચ જેવું પારદર્શક પણ હોય છે. વળી તેને જેમ વાળવું હોય તેમ વાળી શકાય તેવું, કાટ ન ચડે તેવું અને વિદ્યુતની અસરવિહીન હોય છે.

પ્લૅસ્ટિક બે જાતનાં હોય: એક તો ગરમીથી પીગળે અને વારંવાર નવેસરથી આકાર આપી શકાય તેવું; અને બીજું અગ્નિપ્રતિબંધ—ગરમીથી બળે નહિ કે પીગળે નહિ તેવું.

પ્લૅસ્ટિક બનાવી શકાય ત્રણ વર્ગનાં દ્રવ્યોમાંથી: એક વર્ગ કોલટાર, તેલ, મીઠું, ને હવામાંથી જે બનાવી શકાય તે રેઝીનનો; બીજો વર્ગ લાકડાના માવા કે રૂમાંથી બનતા સેલ્યુલોઝનો, અને ત્રીજો વર્ગ દૂધ, સોયાબીન કે અનાજમાંથી બનતાં પ્રોટીનનો.

આકારદનો મૂળ શોધક ન્યૂ યૉર્કનો જૉન વેસ્લી હાઇટ હતો. ઇ. સ. ૧૮૬૮માં હાથીદાંતના જેવું બનાવટી દ્રવ્ય શોધતાં તેણે સેલ્યુલૉઇડ શોધ્યું. તે પછી બેલ્જીઅન કેમિસ્ટ લીઓ બેકલૅન્ડે ઇ. સ. ૧૯૦૯માં બેકેલાઇટ શોધી કાઢ્યું. લાખની અવેજીમાં ચાલે તેવું આકારદ શોધતાં શોધતાં તેણે ફેનોલ અને ફૉર્મેલ્ડીહાઇડના મિશ્રણમાંથી રેઝીન શોધ્યું અને તેનું નામ બેકેલાઇટ આપ્યું. અત્યારે બેકેલાઇટનો વપરાશ વીજળીનો પ્રવાહ અવરોધવાના સાધન તરીકે મુખ્યત્વે થાય છે. એક પ્લૅસ્ટિકમાંથી એવો કાચ બનાવવામાં આવ્યો છે, જે ઋતુમાનના ફેરફારો સામે ટકી શકે તેવો, પારદર્શક અને તૂટે નહિ તેવો હોય છે.

પ્લૅસ્ટિકનો વપરાશ ઉદ્યોગના દરેક ક્ષેત્રમાં, યંત્રોમાં, ઘરના વપરાશની ચીજોથી માંડી દવાખાનાંમાં, મોટર—એરોપ્લેનના ભાગોમાં અને સ્ટીમરની બનાવટોમાં પણ થાય છે. —શિવપ્રસાદ ત્રિવેદી

કાચના ટંબલર ઘેર બનાવો

કાચના સામાનની મોંઘવારીના આ દિવસોમાં સામાન્ય સ્થિતિનાં કુટુંબોને માટે, તેમજ જેમને સ્વહસ્તે નવીનવી વસ્તુઓ બનાવી લેવાની હોંશ કે શોખ હોય તેવાઓને માટે નીચે જણાવેલો નુસખો આકર્ષક નીવડશે.

જૂની શીશીનો મથાળાનો ભાગ જો એકસરખો કાપી શકાય તો તેમાંથી કાચના સરસ પ્યાલા કે ટંબલર બની શકે. કાપવાની રીત પણ જરા ય અટપટી નથી. સૌ કોઈ પોતાને ઘેર ન કરી શકે. માત્ર કાળજીથી કામ લેવું જોઇએ.

જે શીશીમાંથી ટંબલર બનાવવું હોય તેને સારી પેઠે સાફ કરી, તદ્દન કોરી કરી નાખવી. પછી જે જગ્યાએથી કાપ મૂકવો ધાર્યો હોય ત્યાં સુધી સપાટી પહોંચે એટલું તેલ એ શીશીમાં રેડવું. તેલ રેડતી વખતે બરોબર વચ્ચેથી ધાર કરવી અને શીશીનાં પડખાં ઉપર રેલા ઊતરીને બાકીનો કોઇ પણ ભાગ જરા પણ ખરડાય નહિ તેની કાળજી રાખવી; નહિતર પ્રયોગ નિષ્ફળ જશે. આ રીતે સાવચેતીથી જોઇતી સપાટી સુધી તેલ રેડીને તેને સ્થિર થવા દેવું. તેની અંદરની ધ્રાણી પરપોટી શમી જવા દેવી.

ત્યાર બાદ લોખંડનો ટચલી આંગળી જેવડો જાડો સળિયો લાલચોળ તપાવી. ધીમેથી શીશીમાંના તેલમાં ઝબોળી દેવો. એટલે તેલની સપાટી આગળથી શીશી સીધી ધારે એકસરખી કપાઇ જઈને તેનો મથાળાનો ભાગ છૂટો પડી આવશે. સળિયો બહુ જ સ્થિરતાથી, અને સપાટીને હલવા દીધા વિના ઝબોળવો અને તેને તળિયા સુધી પહોંચવા દેવો નહિ. આખો પ્રયોગ જો પૂરી સાવચેતી અને કાળજીથી કરવામાં આવશે તો સાંગોપાંગ પાર ઊતરશે. પછી કપાએલી ધારને એમરી પેપર (કાચિયા કાગળ) વડે ઘસીને લીસી બનાવી લેવી એટલે પ્યાલો તૈયાર થયો. જુદાજુદા ઘાટ અને રંગની શીશીઓમાંથી આ રીતે વિવિધ ઘાટ અને રંગના ટંબલર બનાવી શકાશે.

છીંક

છીંકને આપણે અમંગળ લેખીએ છીએ; તેનાં અપશુકન મનાય છે. આ માન્યતાની પાછળ રહેલું તો કોઇ વૈજ્ઞાનિક સત્ય સાબિત થઇ શકે તેમ નથી, પણ છીંકની બીજી એક અમંગળતાનો—બલ્કે ભયાનકતાનો—ખરો ખ્યાલ સર હેન્રી ડેલના પ્રયોગોથી સિદ્ધ થયો છે. છીંકની વખતે નાકમાંથી નીકળતાં હજારો જલબિંદુઓના ફોટોગ્રાફો લેવામાં આવ્યા છે અને એવા એક બિંદુમાંથી હજારો જંતુઓ પેદા થાય છે એ નક્કી કરવામાં આવ્યું છે.

છીંકની વખતે નાક પાસે રૂમાલ ધરી રાખવામાં આવ્યો હોય તોપણ થોડાં બિંદુઓ બહાર પડવાનો અવકાશ રહે છે. અવલોકનથી સાબિત થયું છે કે જોરદાર છીંકથી સૂક્ષ્માતિસૂક્ષ્મ એક લાખ જંતુઓ સમાવતાં જલબિંદુઓ બહાર ફેંકાય છે અને ઓરડામાં કે આસપાસના વાતાવરણમાં એક મિનિટ પર્યંત તે સર્વત્ર ફેલાએલાં રહે છે. એમાંથી ચાર હજાર જેટલાં જંતુઓ અરધા કલાક સુધી વાતાવરણમાં તરતા રહે છે. એટલે સામાન્ય રીતે ઓરડામાં છીંક થયા પછી અરધા કલાક સુધીમાં આવનાર વ્યક્તિને છીંકનારના દર્દનો ચેપ લાગવાનો ભય સમાએલો છે. છીંકથી ફેલાતાં દર્દો ઇન્ફ્લ્યુએન્ઝા, શરદી, સળેખમ વગેરે છે. ઇંગ્લંડમાં 'મિનિસ્ટ્રી ઑવ હેલ્થ' નામની સંસ્થા 'છીંક, ખાંસી અને સળેખમનાં દરદો ફેલાવે છે' એવો જોસભેર પ્રચાર કરે છે.

બનતાં સુધી નાક ઉપર રૂમાલ ઢાંક્યા વગર છીંકવું નહિ. રૂમાલના અભાવે છીંક આવતી વખતે નીચાવળી ભોંયની દિશામાં છીંકવું ઇચ્છનીય છે. શિવપ્રસાદ ત્રિવેદી

નવાં પુસ્તકો

Booklets of The Indo-Polish Library 'to show India to Poland and Poland to India', 1 First To Fight: by Peter Jordan; 2 Five Centuries of Polish Learning: by Prof. Stanislaw Kot, 3 Poland's Part in the war: by F. C. Anstruther, 4 Elements of Polish Culture: by Paul Super, 5 The Growth of Polish Democracy: by Prof. William J. Rose, 6 The People of Poland: by Bernard Newman, 7 Poland, Russia and Great Britain: by F. A. Voigt, Poland and Russia: by 8 Dr. J. Weyers; Sole Distributors for India—Padma Publications Ltd. Sir Phirozeshah Mehta Road, Bombay.

Muslim Inscriptions(મુસ્લિમ શિલાલેખો)શ્રી પ્રતાપસિંહ મહારાજ રાજ્યાભિષેક ગ્રંથમાળા ગ્રંથાંક ત્રીજો. અંગ્રેજીમાં, પંદર શિલાલેખોની ફલક પ્રતિકૃતિઓ સહિત, સંપાદક ગુ. યઝદાની, નિઝામ હૈદરાબાદના પુરાતત્ત્વાધિકારી ને રામકૃષ્ણલાલ ગાંધી મુંબાઇ પ્રિન્સ ઑવ વેલ્સ મ્યુઝિયમના પુરાતત્ત્વ વિભાગના ક્યુરેટર, પ્રકાશક: વડોદરા રાજ્યનું પુરાતત્ત્વખાતું, વડોદરા, પાકું પૂઠું રૂ. ૧૦–૦.

આ માસ ઈતિહાસમાં

જૂન

તા. ૧ લાલા લજપતરાયનાં ઉદ્બોધન અને જહેમતથી પંજાબમાં લાહોર મુકામે દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજ સ્થપાઇ, ઇ. ૧૮૮૬.

તા. ૮ હઝરત મુહમ્મદ પયગમ્બર સાહેબનું મદીના મુકામે અવસાન, ઇ. ૬૩૨.

તા. ૧૧ હિંદના બળવાની આગ અલ્લાહાબાદ સુધી ફેલાઇ અને ત્યાંની ટુકડીઓ એમાં ભળી, ઇ. ૧૮૫૭

તા. ૧૩ ચીનમાં પહેલવહેલી રેલવે ખુલ્લી મુકાઇ, ઇ. ૧૮૭૬.

તા. ૧૭ પોતાના નિબંધોથી અંગ્રેજી સાહિત્યમાં જાણીતા અંગ્રેજ કવિ, નિબંધલેખક, પત્રકાર અને રાજકારણી પુરુષ જૉસેફ ઍડીસનનું અવસાન, ઈ. ૧૭૧૯.

તા. ૨૧ એફ. સ્માઇથે હિમાલયના કમાઠાગળ પર્વત ઉપર સફળ આરોહણ કરી ત્યાં પહેલો પગ મૂક્યો, ઇ. ૧૯૩૧.

તા. ૨૫ ગુજરાતમાં મૉન્ટેસોરી શિક્ષણપદ્ધતિના પ્રથમ પુરસ્કર્તા અને ગુજરાતી બાલસાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવનાર શ્રી ગિજુભાઇ બધેકાનું અવસાન, ઈ. ૧૯૩૯.

તા. ૨૮ આપણું સૌથી જુની દૈનિક પત્ર 'મુંબાઈ સમાચાર' શરૂ થયું, ઇ. ૧૮૨૨.

તા. ૩૦ ફ્રાન્સે ર્‌હાઈનલૅન્ડનો ગમસ્ત પ્રદેશ જર્મનીને ખાલી કરી આપ્યો, ઇ. ૧૯૩૦.

આ માસનો પ્રસંગવિશેષ

કલકત્તાની ઉત્તરે ૮૫ માઇલ પર આવેલા પ્લાસી નામના નાનકડા ગામડા પાસે, ઈ. ૧૭૫૭ના જૂનમાં, હિંદના ઇતિહાસમાં જબ્બર પલટો આણનારો ગોઝારો બનાવ બન્યો. અંગ્રેજ સેનાપતિ રૉબર્ટ ક્લાઈવ ૧૧૦૦ ગોરા ને ૨૧૦૦ દેશીનું લશ્કર તથા ૧૦ તોપો લઇને જૂનની ૧૩મી એ બંગાળની રાજધાની તરફ હુગલી પર ધસ્યો. હિંદમાં ધીમે ને છૂપો પગપેસારો કરી રહેલી આ અંગ્રેજ સત્તાને પરાસ્ત કરવા બંગાળનો નવાબ સિરાજુદ્દૌલા ૩૫,૦૦૦ પાયદળ, ૧૮,૦૦૦ ઘોડેસવાર અને ૫૩ તોપો લઇને તેની સામે ચડ્યો. પણ અંગ્રેજોની મેલી રાજરમત અને ફાવી, અને ૨૩મી જૂનની કાળમુખી સાંજે પાંચ વાગ્યે, બંગાળનો દગાબાજ સેનાપતિ મીર જાફર નિમકહરામ થઈ ક્લાઈવને મળી ગયો. સિરાજુદ્દૌલા હાર્યો ને પ્લાસીના એ યુદ્ધે હિંદમા અંગ્રેજ અમલની ઇમારતની મેખ મારી. ક્લાઇવે મીર જાફરને બંગાળની ગાદીએ બેસાડી તેની પાસેથી અઢી કરોડ ને ૮૦ હજાર રૂપિયા લીધા.



આ માસની વ્યક્તિવિશેષ

મહાન સિકંદર (ઍલેકઝાન્ડર)

તેર જ વર્ષની પોતાની ટૂંકી કારકીર્દિમાં અરધી આલમ જીતીને દિગ્વિજયી તરીકે દુનિયાભરમાં અજોડ નામ મૂકી ગએલા, મકદુનિયા (મેસીડોનિયા)ના આ નરપુંગવનું નામ ક્યા ઇતિહાસ જાણનારથી અજાણ્યું છે? ઈ. સ. પૂર્વે ૩૩૬માં એના મહાન પિતા ફિલિપનું ખૂન થયું ત્યારે વીસ જ વર્ષના એ તરુણને એનો પિતા ત્રણ વસ્તુઓ વારસામાં આપી ગયો હતો: સમર્થ સૈન્ય, ગ્રીસનું રાજ્ય અને દુનિયા જીતવાની અદમ્ય આકાંક્ષા. ઉપરાંત, જીવનમાં સંસ્કારોની અગત્ય પ્રમાણનાર પિતાએ ઍરિસ્ટોટલ જેવા મહાન ફિલસૂફને હાથે એને શિક્ષણ અપાવ્યું હતું.

ગાદીએ આવીને ઍલેકઝાન્ડરે પ્રથમ તો ગ્રીસના અંદરઅંદરના બખેડા દાબી દીધા અને પછી બહાર નજર દોડાવી. ઈ. સ. પૂર્વે ૩૩૪માં ડાર્ડેનલ્સ ઓળંગી એણે ભૂમધ્યનાં સઘળાં બંદરો જીતી લીધાં. પછી, એ કાળે સમસ્ત પશ્ચિમ એશિયા અને ઇજિપ્તને આવરીને વિસ્તરેલા ઈરાનના મહારાજ્ય પર આક્રમણ કર્યું. ને ૩૩૩માં ઈસ્સસ પાસે ઇરાનના બાદશાહ દરાયસ ત્રીજાના સૈન્યને જબરી શિકસ્ત આપી. દરાયસ ભાગ્યો અને એનું સમૃદ્ધ સામ્રાજ્ય છિન્નભિન્ન કરી, લૂંટી, કબજે કરીને સિકંદર સીરિયા અને પૅલેસ્ટાઈનમાં પેઠો. ત્યાં પ્રભુત્વ સ્થાપી એ મિસરમાં ઊતર્યો, અને ઈરાનની ઝુંસરીથી ત્રાસેલા એ દેશે એને આવકારી શરણ લીધું. ત્યાં એણે જગતનાં વિખ્યાત નગરોમાંનું એક ઍલેકઝાન્ડ્રિયા સ્થાપ્યું.

ફરી પાછી ૩૩૧માં એણે દરાયસની પૂઠ પકડી અને ગાઝિસને કાંઠે અરબેલામાં એને છેલ્લી હાર આપી છેક બાબિલોનના સીમાડા સર કર્યા. ત્યાંથી સૂસામાં પેસી ઈરાનની રાજધાની પર્સિપોલિસને બાળવી જમીનદોસ્ત કર્યું અને એ બાદશાહને ઝબ્બે કર્યો. એનું સૈન્ય હવે સર્વત્ર માગ મુકાવતું હતું, એના નામની સર્વત્ર હાક વાગતી હતી.

વિજયની એની કલ્પનાને કોઈ સીમા જ નહોતી. ઈરાન પછી ઈરાન તાબેના પ્રદેશો—આજનાં તુર્કસ્તાન અને અફઘાનિસ્તાન—એણે જીતી લીધાં અને ખૈબર ઘાટમાં થઇને એ હિંદમાં ઊતર્યો, ને સિંધુ ઓળંગી ત્યારે મદમત્ત હાથીઓથી સુસજ્જ પોરસનું બળવાન સૈન્ય એને ખાળવા ઊભું હતું. પણ ઍલેકઝાન્ડરને હારે એવું કશું જ હતું નહિ. યુદ્ધ ગાજ્યું ને પોરસ હાર્યો.

પણ હવે એના સૈનિકો થાક્યા હતા, એટલે પાછા વળવાની એમની હઠ આગળ નછૂટકે નમતુ મૂકીને ઍલેકઝાન્ડર પાછો વળ્યો. એનાં વળતાં પગલાં થયે જેઓએ માથાં ઊંચકેલાં તેમને પાંશરા કરીને, જે જીત્યું હતું તેની જમાવટ કરવાની હવે બાકી હતી. એ માત્ર સેનાની ન હતો, દક્ષ રાજકર્તા પણ હતો. પરંતુ સમય ટૂંકો પડ્યો. એની એ આકાંક્ષા અધૂરી રહી ગઈ. જીવલેણ તાવમાં સપડાઇને બત્રીસ વર્ષની ઉંમરે, સ્વદેશ પહોંચ્યા વિના બાબિલોનમાં જ એણે ઇ.સ. પૂર્વે ૩૨૩ની ૧૩મી જૂને દેહ છોડ્યો.

એના જીવનને મૂલવવામાં ઇતિહાસકારોએ કચાશ રાખી છે. એ માત્ર સત્તાશોખી યોદ્ધો જ નહોતો. પૂર્વ અને પશ્ચિમને સાંધીને સંસ્કૃતિનાં બંધિયાર જળને વહેતાં કરવાની એની ભાવના હતી. એ પોતે ને એના દસ હજાર અફસરો એશિયાની સુંદરીઓને વર્યા તેમાં માત્ર વિલાસ નહોતો, દૃષ્ટિ પણ હતી. એનું ટૂંકુ આયખું પ્રદેશો જીતવામાં જ ગયું, પણ જીતવાની અને જીતીને હારેલા સાથે વર્તવાની (દા. ત. પોરસ સાથે) એની જે રીત હતી તે, એ જીવ્યો હોત તો શું કરી શકત એનો ખ્યાલ આપે છે. એનો વિદ્યાવ્યાસંગ, ઍરિસ્ટોટલ જેવા ગુરુ, ટૉલેમી જેવો મિત્ર, ઍલેકઝાન્ડ્રિયા જેવાં નગરો સ્થાપવાની દૃષ્ટિ, વીરત્વ, ઔદાર્ય વગેરેનો ખ્યાલ કરીએ તો એના જીવનની મહત્તા સ્થાપી શકાય એમ છે. એ માત્ર સમર્થ નર ને દિગ્વિજયી રાજા નહોતો; એના જમાનાની પરંપરા પ્રમાણે એ મહાન પુરુષ હતો.

બત્રીસ જ વર્ષના ટૂંકા આવરદામાં—સામાન્ય આયુષ્યક્રમ કરતાં અરધા કાળમાં—ક્ડીબંધ જીવનપુરુષો સાધી શકે એટલી સિદ્ધિઓ સાધીને, માનવ ગજાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચનાર, એ મુલકોનો વિજેતા, વસાહતોનો સ્થાપનાર, નવી ધરતીનો ખેડનાર અને સંસ્કૃતિનો પ્રસારનાર આજથી સવા બે હજાર વરસ પર જે કરી ગયો છે તે જગતના ઇતિહાસમાં આજે યે હજી અનેરું રહ્યું છે. —વ૦

અનુષ્ટુપ

કૂવો નાનો છતાં પાણી મીઠું દે સર્વને ય તે
તેથી સહુ ભજે તેને નહીં ક્ષાર સમુદ્રને.

—રમણલાલ સોની

સરોજિની નાયડુ એક વાર દક્ષિણ આફ્રિકામાં હતાં ત્યારે જનરલ હર્ટ્ઝોગે એમને પૂછ્યું, 'તમારા દેશવાસીઓ આટલું દુઃખ ભમે છે તો પછી પોતાની જન્મભૂમિમાં કેમ ચાલ્યા જતા નથી?' સરોજિનીદેવીએ જવાબ દીધો: 'હું પણ તમને પૂછું છું કે તમે હૉલૅન્ડવાસીઓ પણ કેમ આ દેશ છોડીને તમારી જન્મભૂમિમાં ચાલ્યા જતા નથી?'

અનેકાર્થી શબ્દ: **નાળ**=લાંબી પોલી દાંડી અથવા નળી; ઘોડા અથવા બળદને પગે કે જોડાની એડીએ જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી: ગર્ભમાં બાળકની દૂંટી સાથે જોડાએલી નસોની લાંબી નળી: નેળ; નળિયું: પરનાળ; બંદૂકની નળી.

કહેવતોના અર્થ: 'બે સારસ્વત ને ત્રણ હુક્કા.' લુહાણા તથા ખત્રીના ગોર સારસ્વત બ્રાહ્મણો પોતાના યજમાનો સાથે ભાગે વહેવાર પણ રાખતા હોવાથી હુક્કા પીએ છે, અને તેના એટલા બધા શોખીન હોય છે કે તે પરથી એક કથા જોડી કાઢી છે કે એક સદાચરણી ભક્ત સારસ્વતને મૃત્યુ પછી સ્વર્ગમાં લઈ જતા હતા, પરંતુ ત્યાં હુક્કા નહિ મળે એમ સાંભળતાં અશ્વત્થથી વિમાન પાછું વળાવ્યું કે ત્યાં હુક્કા ન હોય તો મારે સ્વર્ગે પણ નથી આવવું. કોઈ પણ બાબત માટે હદ ઉપરાંતનો શોખ રાખવા માટે વપરાતી ઉપલી કહેવતનો અર્થ એ છે કે હુક્કા પીનારા સારસ્વત બે હોય તોપણ બે હુક્કાથી ન ધરાતાં વધારાનો ત્રીજો જોઈએ!

આજની લડાઈની એક ટૉર્પિડોનું વજન ૩,૦૦૦ રતલ અને કિંમત ૪૦,૦૦૦ રૂપિયા હોય છે. તેમાં જુદાજુદા ૫,૦૦૦ ભાગ હોય છે.

આપણી પૃથ્વીનું ક્ષેત્રફળ બધુ મળીને ૧૯,૬૫,૫૦,૦૦૦ ચોરસ માઇલ છે, જેમા ૫,૫૫,૦૦,૦૦૦ ચોરસ માઈલ જમીનનો ભાગ અને ૧૪,૧૦,૫૦,૦૦૦ દરિયાનો. જમીનના ૧૯,૧૦,૦૦૦ ચો. મા. ભાગ જુદાજુદા ટાપુઓનો બનેલો છે, જ્યારે લગભગ ૧૦,૦૦,૦૦૦ ચો. મા. જેટલો પટ સરોવરો નદીઓ વગેરે રોકે છે. કુલ જમીનના ફળદ્રુપ પ્રદેશોનું ક્ષેત્રફળ ૩,૩૦,૦૦,૦૦૦ ચો. મા. છે, જ્યારે ઘાસનાં બીડોનું ૧,૯૦,૦૦,૦૦૦ અને ઉજ્જડ વેરાનોનું ૫૦,૦૦,૦૦૦ ચોરસ માઇલ.

ગણિતગમ્મત: ચારનો અંક ચાર વખત વાપરીને, તેમજ તેમની વચ્ચે ગણિતીય સંજ્ઞાઓ વાપરીને નીચેના ૧થી ૨૫ સુધીના અંકો બનાવેલા છે:

$$૧ = \frac{૪ \times ૪}{૪ \times ૪} \qquad ૧૩ = ૪ \times \frac{૪ - .૪}{.૪}$$

$$૨ = \frac{૪ \times ૪}{૪ + ૪} \qquad ૧૪ = \frac{(૪ \times .૪) \times ૪}{.૪}$$

$$૩ = \frac{૪ + ૪ + ૪}{૪} \qquad ૧૫ = ૪ \times ૪ - \frac{૪}{૪}$$

$$૪ = \frac{૪ + ૪ - ૪}{૪} \qquad ૧૬ = ૪ \div \frac{૪}{૪ \times ૪}$$

$$૫ = \frac{૪ \times ૪ + ૪}{૪} \qquad ૧૭ = ૪ \times ૪ + \frac{૪}{૪}$$

$$૬ = ૪ + \frac{૪ + ૪}{૪} \qquad ૧૮ = ૪ + ૪ + .\frac{૪}{૪}$$

$$૭ = ૪ + ૪ - \frac{૪}{૪} \qquad ૧૯ = \frac{૪ + ૪ - .૪}{.૪}$$

$$૮ = ૪ + ૪ + ૪ - ૪ \qquad ૨૦ = .\frac{૪}{૪} + .\frac{૪}{૪}$$

$$૯ = ૪ + ૪ + \frac{૪}{૪} \qquad ૨૧ = \frac{૪ + ૪ + .૪}{.૪}$$

$$૧૦ = \frac{૪.૪ - .૪}{.૪} \qquad ૨૨ = ૪ \times ૪ + ૪ + \sqrt{૪}$$

$$૧૧ = \frac{૪}{૪} + \frac{૪}{૪} \qquad ૨૩ = \frac{૪૪ + \sqrt{૪}}{\sqrt{૪}}$$

$$૧૨ = \frac{૪૪ + .૪}{.૪} \qquad ૨૪ = ૪ \times ૪ + ૪ + ૪$$

$$૨૫ = \frac{૪ + ૪ + \sqrt{૪}}{.૪}$$

—રમેશ દવે (બરવાળા)

અકબરે બિરબલને પૂછ્યું: એવું કાંઇ છે કે જે ઈશ્વર પણ ન કરી શકે ને છતાં હું કરી શકું?


'જી હા, નામદાર, દેશનિકાલની સજા ઇશ્વર કોઇને કરી શકતો નથી.' બિરબલે કહ્યું.




ખોટી વાત: આપણી સામાન્ય માન્યતા છે તે મુજબ પ્રકાશ પોતે તો નજરે દેખાતો જ નથી. માત્ર તે કોઈ પદાર્થ ઉપર જ્યારે પડે છે ત્યારે જ તે ભાસમાન બને છે. દાખલા તરીકે ઓરડામાં કોઇ જાળિયામાંથી કે બારીની તરડ અગર છાપરામાંના બાંકોરામાંથી પડતો ચાંદરણાનો પ્રકાશ વચગાળાના ભાગમાં લાંબા કિરણ જેવો જે આપણને દેખાય છે તે તેમાં તરતાં ધૂળ (રજ)-નાં અતિ બારીક રજકણોને લીધે. ઓરડામાં એવાં રજકણો લેશમાત્ર ન હોય તો તેના પર ન અથડાવાને કારણે કિરણનો એ વચગાળાનો લીસોટો આપણને દેખાય નહિ; માત્ર જમીન પર જે જગ્યાએ એ પ્રકાશ પડે ત્યાંથી પ્રતિબિંબિત થઇને તેટલા પૂરતો જ તે ભાસમાન થાય.

ભાતમાં પાણી બહુ પડી ગયું હોય તો કાઢવા જેટલું કાઢીને ફેંકી ન દેતાં, ચઢતી દાળમાં નાખી દેવું. એથી દાળ મીઠી અને તત્ત્વવાળી બને છે. (જ. ન. થા.)

કપડા પરના પરસેવાના ડાઘ ઠંડા પાણીથી ધોયા બાદ મેથીલેટેડ સ્પિરિટ ઘસવાથી જશે.





અર્ધો ઇંચ જાડાઈના બાર ઇંચ લાંબા અને છ ઇંચ પહોળા એક પાટિયામાંથી પહેલી આકૃતિમાં બતાવ્યા પ્રમાણેના ત્રણ ટુકડા કાપી કાઢો (કાળો બતાવેલો ભાગ નકામો જશે.) પછી એ ત્રણ ટુકડા અને સાત ફીટ લાંબા તાર વડે, જમણી તરફની આકૃતિમાં દર્શાવ્યા મુજબ પરચુરણ ચીજો રાખવા માટેની જાળીવાળી નાની આલમારી બનાવી લો. ટુકડાઓના સાંધા જડવા માટે એક ઈંચ લાંબા છ સ્ક્રૂની જરૂર પડશે. (પુ. પ્રા. સંઘવી)